અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૩, સોમવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, ભાદરવો સુદ દશમ | અંક : ૬૦ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## વડાપ્રધાન મોદીએ ગુજરાત સહિત ૯ રાજ્યોને આપી વંદે ભારત ટ્રેનની ભેટ

### પીએમ મોદીએ નવ જેટલી વંદે ભારત ટ્રેનોને વીડિયો કોન્ફરન્સથી લીલી ઝંડી બતાવીને પ્રસ્થાન કરાવી : અમદાવાદથી જામનગર વચ્ચે દોડશે ટ્રેન

। નવી દિલ્હી, તા.૨૪ ।

પીએમ નરેન્દ્ર મોદી દ્વારા આજે નવ જેટલી વંદે ભારત ટ્રેનોને વીડિયો કોન્ફરન્સથી લીલી ઝંડી બતાવીને પ્રસ્થાન કરાવી છે. આ ૯ માંથી ગુજરાતની પણ એક વંદે ભારત ટ્રેનની શરૂઆતની શરૂઆત કરાવાઈ છે. ગુજરાતની આ ત્રીજી વંદે ભારત ટ્રેન જામનગર-અમદાવાદ વચ્ચે દોડશે. વડાપ્રધાન દ્વારા ફ્લેગ ઓફ કરતા વંદે ભારત ટ્રેન બપોરે જામનગરથી અમદાવાદ આવા રવાના થઈ છે. તો કાલુપુર રેલવે સ્ટેશન પર ભાજપના નેતાઓ દ્વારા મુસાફરોનું સ્વાગત કરવામાં આવશે. સોમવારથી જામનગર-અમદાવાદ વચ્ચેની વંદે ભારત ટ્રેન રેગ્યુલર દોડશે. આજે પીએમ મોદીએ દેશને નવી ૯ વંદે ભારત એક્સપ્રેસની ભેટ આપી છે. જેમાં ગુજરાતને પણ વધુ એક વંદે ભારત એક્સપ્રેસ મળશે. ગુજરાતને આજે ત્રીજી વંદે ભારત એક્સપ્રેસ મળી છે. જામનગર અમદાવાદના રૂટ પર હવે નવી વંદે ભારત એક્સપ્રેસ દોડશે. આ ટ્રેન સાબરમતી, સાણંદ, વિરમગામ, સુરેન્દ્રનગર, વાંકાનેર અને રાજકોટ સ્ટેશન પર સ્ટોપ લેશે. ટ્રેનમાં એસી ચેર કાર અને એક્ઝિક્યુટિવ ચેર કાર કોચ છે. દેશની અન્ય વંદેભારત એક્સપ્રેસની વાત કરીએ તો ઉદયપુર-જયપુર, પટના- હાવડા, રાંચી- હાવડા, રાઉરકેલા- ભુવનેશ્વર- પુરી, હૈદરાબાદ- બેંગલુરુ, વિજયવાડા - ચેન્નઈ સહિતના રૂટ પર કુલ ૯ વંદે ભારત એક્સપ્રેસને લીલી ઝંડી આપી છે. આ ૯ ટ્રેનો ૧૧ રાજ્યોમાં પહોંચવાની છે, જેમાં રાજસ્થાન, તમિલનાડુ, તેલંગાણા, આંધ્રપ્રદેશ, કર્ણાટક, બિહાર, પશ્ચિમ બંગાળ, કેરળ, ઓડિશા, ઝારખંડ અને ગુજરાતનો



સમાવેશ થાય છે. આ રાજ્યોમાં, પશ્ચિમ બંગાળના હાવડા અને તમિલનાડુના ચેન્નાઈને ૨-૨ ટ્રેનો મળવા જઈ રહી છે. આ પ્રસંગે વડાપ્રધાન મોદીએ સંબોધન કરતા કહ્યું કે, દેશમાં આધુનિક કનેક્ટિવિટી વિસ્તારનો આ અવસર છે. ૧૪૦ કરોડ ભારતીઓની આકાંક્ષાઓ સાથે મેચ કરે છે. આ ઉદ્યોમિયો, નોકરિયાતોની ઈન્સપીરેશન છે. આજે એક સાથ રાજસ્થાન, ગુજરાત, તમિલનાડુ, આંધ્રપ્રદેશ, બંગાળને નવી ટ્રેનો મળી છે. મને એ વાતની ખુશી છે કે વંદેભારતની મુસાફરીનો ક્રેઝ વધી રહ્યો છે. દેશના જુદા જુદા રાજ્યોને કેન્દ્ર સાશિત પ્રદેશોને ૨૫ વંદેભારત ટ્રેન મળી છે. જેમાં વધુ ૯ ટ્રેનો જોડાશે. વંદેભારત એક્સપ્રેસ પોતાના ઉદેશ્યને ખુબ સારી રીતે પુરી કરી રહી છે. આ ટ્રેન એવા લોકોની સૌથી મોટી જરૂરિયાત છે જે બીજા રાજ્યમાં કેટલાક કલાકોનું કામ કરી એ જ દિવસે પાછા ફરવા માંગે છે. હાલ પર્યટન ક્ષેત્રમાં વધારો થયો છે. તેનાથી રોજગારી વધી છે. તેમણે વધુમાં કહ્યું કે, ઈન્ફ્રાસ્ટ્રક્ચરની તાલીમથી લઈ એજ્યુકેશનમાં તાલમેલ રહે તે માટે PM ગતિશક્તિ યોજના લાવવામાં આવી છે. મલ્ટી મોડેલ પ્રયાસો ઉપર ભાર આપવામાં આવી રહ્યો છે. વંદે ભારત ટ્રેન આવી જ ભાવનાઓનો એક પ્રતિબિંબ છે. ભારત રેલવે દેશના ગરીબ અને માધ્યમવર્ગ પરિવારો માટે વિશ્વાસુ પરિવહન રહ્યું છે. આ દુર્ભાગ્ય છે કે પહેલાના સમયમાં ભારતીય રેલવેને સુધારવા ઉપર ધ્યાન આપવામાં આવ્યું નથી. ૨૦૧૪ ની સરખામણીએ આ વર્ષે રેલવેને ૮ ગણું વધુ બજેટ ફાળવવામાં આવ્યું છે. ભારતીય રેલવે એ મુસાફરો માટે હરતું ફરતું ઘર છે, ત્યારે રેલવે સ્ટેશન પણ હંગામી ઘર બરાબર છે. હાલ ઘણા એવા સ્ટેશન છે જ્યાં હજી મોટા ફેરફાર થયા નથી. આજ માટે પ્રથમ વખત સરકારે રેલવે સ્ટેશનનો વિકાસ અને આધુનિકીકરણ માટે કામગીરી કરવામાં આવી રહી છે.

## ન્યૂઝ બ્રિફ

### એશિયન ગેમ્સની ફાઇનલમાં પહોંચી ભારતીય ક્રિકેટ ટીમ

। હાંગઝોઉ, તા.૨૪ ।

ભારતીય મહિલા ક્રિકેટ ટીમે ચીનમાં આયોજિત એશિયન ગેમ્સ-૨૦૨૩ની ફાઈનલ માટે ટિકિટ બુક કરાવી લીધી છે. સ્મૃતિ મંધાનાની કેપ્ટનશિપ માં રમી રહેલી ટીમે રવિવારે રમાયેલી સેમિફાઈનલ મેચમાં બાંગ્લાદેશને ૮ વિકેટે હરાવ્યું હતું. આ જીત સાથે ભારતીય ટીમે મેડલ પણ નિશ્ચિત કરી લીધો છે. હવે આ ટીમ ગોલ્ડથી માત્ર એક જીત દૂર છે. હાંગઝોઉના પિંગફેંગ કેમ્પસ ક્રિકેટ ફિલ્ડમાં રમાયેલી આ મેચમાં બાંગ્લાદેશની કેપ્ટન નિગાર સુલ્તાનાએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. જો કે, આ નિર્ણય સંપૂર્ણપણે ખોટો સાબિત થયો અને બાંગ્લાદેશની આખી ટીમ પત્તાના ઘરની જેમ પડી ભાંગી.

આવા લોકોના પાસપોર્ટ અને OIC કાર્ડ રદ કરાશે

## સરકારની ખાલિસ્તાની આતંકીઓ સામે મોટી કાર્યવાહીની તૈયારી શરૂ

### સરકાર વિદેશમાં ભારતીય સંપત્તિની તોડફોડ અને ત્યાં વિરોધ પ્રદર્શન કરનારા ખાલિસ્તાનીઓને બચાવવાના મૂડમાં નથી

। નવી દિલ્હી, તા.૨૪ ।

સરકાર ખાલિસ્તાની આતંકવાદીઓ સામે વધુ એક મોટી કાર્યવાહીની તૈયારી કરી રહી છે. સૂત્રોએ માહિતી આપી છે કે સરકાર વિદેશમાં ભારતીય સંપત્તિની તોડફોડ કરનારા અને ત્યાં હિંસક વિરોધ પ્રદર્શન કરનારા ખાલિસ્તાનીઓને બચાવવાના મૂડમાં નથી. આવા લોકોના પાસપોર્ટ અને ઓવરસીઝ સિટીઝન ઓફ ઈન્ડિયા (OIC) કાર્ડ રદ કરવાની તૈયારી કરવામાં આવી રહી છે. એવું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે કે ભારતીય એજન્સીઓ પણ આ મામલે તપાસ શરૂ કરશે. સૂત્રોના જણાવ્યા અનુસાર વિદેશમાં ભારતીય સંસ્થાઓ, વાણિજ્ય દૂતાવાસ અને દૂતાવાસને નુકસાન પહોંચાડનારા અથવા ત્યાં હિંસક વિરોધ કરનારા લોકોના ભારતીય પાસપોર્ટ અને OCI કાર્ડ્સ રદ કરવામાં આવી શકે છે. આટલું જ નહીં, તેમની સંપૂર્ણ માહિતી ભારતના તમામ એરપોર્ટને આપવામાં આવશે અને ભારતમાં તેમની સામે કાયદાકીય કાર્યવાહીની બ્લુ પ્રિન્ટ પણ તૈયાર કરવામાં આવશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે છેલ્લા કેટલાક મહિનાઓ દરમિયાન થયેલા તમામ હિંસક પ્રદર્શનોની તમામ વિગતો કેનેડા, અમેરિકા, બ્રિટન અને અન્ય દેશોને આપવામાં આવી છે. શરૂઆતમાં એવા લોકોની યાદી બનાવવામાં આવી રહી છે, જેઓ આવા પ્રદર્શનમાં સતત સક્રિય છે. તેમનો ઉદ્દેશ્ય ભારતની છબી ખરાબ કરવાનો છે. તમને જણાવી દઈએ કે ભારતીય સુરક્ષા એજન્સીઓએ ખાલિસ્તાની ષડયંત્ર પર ડબલ સ્ટ્રાઈક કરી છે.

બ્રિજભૂષણ શરણ સિંહનું વિવાદિત નિવેદન

## કબડ્ડી સહિત તમામ રમતો રમી શકુ છું, જરૂર પડી તો મારપીટ પણ

। બારાબંકી, તા.૨૪ ।

ભગવાન આદિકવિ મહર્ષિ વાલ્મીકિની જન્મજયંતિ નિમિત્તે રવિવારથી ઉત્તર પ્રદેશના બારાબંકી જિલ્લામાં ૨૨મી ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૨૩નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ક્રિકેટ ટુર્નામેન્ટનું ઉદ્‌ઘાટન ભાજપના સાંસદ બ્રિજભૂષણ શરણ સિંહે કર્યું હતું. આ દરમિયાન પોતાના નિવેદનોને કારણે હંમેશા ચર્ચામાં રહેતા બ્રિજ ભૂષણ શરણ સિંહે ફરી એકવાર મોટું નિવેદન આપ્યું છે. તેણે કહ્યું કે તે ક્રિકેટ, કબડ્ડી, વોલીબોલ, બેડમિન્ટન સહિતની તમામ રમતો રમી શકે છે અને જરૂર પડે તો મારપીટ પણ કરી શકે છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તેમને ૨૦૨૪ની



લોકસભા ચૂંટણીમાં ટિકિટ મળી રહી છે? આ સવાલ પર તેમણે કહ્યું કે તેમની ટિકિટ કોણ કેન્સલ કરી શકે છે. આ દરમિયાન બારાબંકીના બીજેપી સાંસદ ઉપેન્દ્ર સિંહ રાવત, હૈદરગઢના ધારાસભ્ય દિનેશ રાવત અને ઘણા લોકો હાજર હતા. બારાબંકીના કેડી સિંહ બાબુ સ્ટેડિયમમાં ક્રિકેટ ટૂર્નામેન્ટના ઉદ્‌ઘાટન દરમિયાન સાંસદ બ્રિજભૂષણ શરણ સિંહે કહ્યું કે ૨૦૨૪માં ફરી એકવાર મોદી સરકાર બનવા જઈ રહી છે. આ દરમિયાન જ્યારે પત્રકારોએ તેમને પૂછ્યું કે શું તમારી ટિકિટ કપાઈ રહી છે? કારણ કે સોશિયલ મીડિયા પર ઘણી ચર્ચા થઈ રહી છે, સાંસદ બ્રિજ ભૂષણે હાજર જવાબીમાં જવાબ આપ્યો અને કહ્યું, મારી ટિકિટ કોણ કાપી રહ્યું છેપ નામ જણાવો. ઉલટાનું તેમણે પત્રકારોને જ પૂછ્યું કે, શું તમે મારી ટિકિટ કેન્સલ કરાવી રહ્યા છો? તેણે આ સવાલ ઘણી વાર પૂછ્યો અને પૂછતા રહ્યા કે શું તમે લોકો મારી ટિકિટ કેન્સલ કરશો. તેણે વધુમાં કહ્યું કે હું જાતે જ લોકોને ટિકિટ અપાવું છું અને કપાવું છું.















### અંતે મોરબી પોલીસ જાગી!

# દારૂની જેમ ચોરી છુપી વેચાતા નશીલા સિરપનો જથ્થો કબ્જે

। મોરબી, તા.૨૪ ।

જિલ્લાની પોલીસની અલગ અલગ બ્રાન્ચ દ્વારા નશીલા આયુર્વેદિક શીરપનો જથ્થો પકડવામાં આવ્યો છે. તેવામાં મોરબીના જેતપર રોડે પાવડીયાળી કેનાલ પાસે આવેલ શ્રીરામ પ્લાઝા પાસે ડીલક્ષ પાન અને ક્રિષ્ના કિરાણા નામની બે દુકાનમા ચેક કરવામાં આવ્યું હતું, ત્યારે નશીલા આયુર્વેદિક શીરપની કુલ મળીને ૯૭૬ બોટલ મળી આવી હતી. જેથી તેને કબજે કરીને પોલીસે આગળની કાર્યવાહી કરી છે.

નસો કરવા માટે અફીણ. ગાંજો, દારૂ અને ડ્રગ્સ વિગેરે તો નસો કરનારા શોધી જ લેતા હોય છે, તેની સાથો સાથ હવે નશીલા આયુર્વેદિક શીરપનું પણ સેવન કરવામાં આવે છે અને આ નશીલા આયુર્વેદિક શીરપની બોટલોને જુદાજુદા સ્થળેથી પકડવામાં આવતી હોય છે.

આવી જ રીતે મોરબી તાલુકા પોલીસ સ્ટેશનના પીઆઈ કે.એ.વાળા અને સ્ટાફ પેટ્રોલીંગ હતો ત્યારે સાપર ગામની સીમ પાવડીયાળી કેનાલ પાસે આવેલ શ્રીરામ પ્લાઝા પાસે ડીલક્ષ પાનની દુકાન ધરાવતા દિનેશભાઈ લાલજીભાઈ મેવાડા જાતે ભરવાડ (૨૪)ની દુકાનમાં ચેક કરવામાં આવ્યું હતું, ત્યારે ત્યાં ગેરકાયદેસર નશીલા આયુર્વેદિક શીરપનો જથ્થો મળી આવ્યો હતો.



જીએમડીસી ગ્રાઉન્ડમાં યોજનાર નવરાત્રિના ગરબા માટેની તૈયારીઓ ચાલી રહી છે.

## ન્યૂઝ બ્રિફ

### કૃષ્ણકુમારસિંહજી યુનિવર્સિટીના એક્સટર્નલ ડિપાર્ટમેન્ટના હેડનું મોત

। ભાવનગર, તા.૨૪ ।

ભાવનગરમાં હ્રદયરોગનાં હુમલાથી એક યુવકનું મોત નિપ જતા ચકચાર મચી જવા પામી હતી. ત્યારે ભાવનગરની મહારાજા કૃષ્ણકુમારસિંહ યુનિવર્સિટીનાં એક્સટર્નલ ડિપાર્ટમેન્ટનાં હેડ હરેશભાઈ બારૈયાને હાર્ટ એટેક આવતા તેઓને તાત્કાલિક સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેઓનું મોત નિપજતા પરિવારજનો તેમજ મિત્ર વર્તુળમાં શોક વ્યાપી જવા પામ્યો હતો. ત્યારે હરેશભાઈ ભાવનગર શિક્ષણ સમિતિનાં સભ્ય સંજયભાઈ બારૈયાનાં ભાઈ છે. રાજકોટમાં ચાર દિવસ પહેલા ત્રણ યુવાનોના હાર્ટ એટેકને પગલે મોત નિપજ્યાનું સામે આવ્યું છે. રાજકોટ પંથકમાં રહેતા કિશન ધાબેલીયા, રાજેન્દ્રસિંહ વાળા અને મહેન્દ્ર પરમાર નામના ત્રણેય વ્યક્તિઓએ છાતીમાં દુઃખાવો ઉપડવાની ફરિયાદ કરતા તેઓને પરિવારજનો દ્વારા તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ટૂંકી સારવાર કારગત ન નિવડતા ત્રણેયના યુવાનોએ હોસ્પિટલ બિછાને આખરી શ્વાસ લીધા હતા. જે બાદ ફરજ પરના તબીબે ત્રણેયના મોત થયા હોવાનું જાહેર કર્યું હતું.

### પત્ની પર ચારિત્ર્યની શંકા રાખી બાળકને મોતને ઘાટ ઉતાર્યો

। જામનગર, તા.૨૪ ।

જામનગર જિલ્લાના ધ્રોલમાં આવેલા ચામુંડા વાસ નજીકના તળાવમાંથી મળી આવેલા ચાર વર્ષના બાળકના મૃતદેહના પ્રકરણમાં નવો ધડાકો થયો છે. પિતાએ જ પત્ની સામે ચારિત્ર્ય અંગે શંકા વ્યક્ત કરી બાળકને તળાવમાં ફેંકી હત્યા કર્યાની સ્ફોટક વિગતો સામે આવી છે.

જામનગર જિલ્લાના ધ્રોલમાં ચામુંડા પ્લોટ નજીકના તળાવમાંથી તાજેતરમાં જ મળી આવેલા ૪ વર્ષના માસુમ બાળકના મૃતદેહના પ્રકરણમાં નવો ધડાકો થયો છે. આ પ્રકરણમાં પુત્રને સગા બાપે જ તળાવમાં ફેંકી દઈ હત્યા કર્યાનો સનસનીખેજ ખુલાસો થયો છે. જેમાં પોલીસ પૂછપરછ દરમિયાન સામે આવ્યું છે કે, પત્ની પર ચારિત્ર્ય અંગેના આક્ષેપ કરી બાળક પોતાનું ન હોવાનું ગણાવી આ ઘટનાને અંજામ આપ્યો હોવાનું સામે આવ્યું છે.

### મોડાસા અને બાયડ તેમજ માલપુર પંથકમાં વરસાદ નોંધાયો

। અરવલ્લી, તા.૨૪ ।

અરવલ્લી જિલ્લામાં વિરામ બાદ ફરીથી વરસાદ વરસસ્યો છે. છેલ્લા બે દિવસથી ભારે બફારો વર્તાઈ રહ્યો હતો, જ્યાં આજે બપોરના અરસા દરમિયાન વાતાવરણ ફરી એકવાર પલટાયુ હતુ અને વિસ્તારમાં વરસાદ વરસ્યો હતો. અરવલ્લી જિલ્લાના મોડાસા અને બાયડ તેમજ માલપુર પંથકમાં વરસાદ નોંધાયો હતો. મોડાસા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં પણ વરસાદી માહોલ સર્જાયો હતો. મોડાસાના મોટી ઈસરોલ, ઉમેદપુર અને મરડિયા સહિકના વિસ્તારોમાં વરસાદ નોંધાયો હતો. અરવલ્લી જિલ્લામાં વિરામ બાદ ફરીથી વરસાદ વરસસ્યો છે. છેલ્લા બે દિવસથી ભારે બફારો વર્તાઈ રહ્યો હતો, જ્યાં આજે બપોરના અરસા દરમિયાન વાતાવરણ ફરી એકવાર પલટાયુ હતુ અને વિસ્તારમાં વરસાદ વરસ્યો હતો. અરવલ્લી જિલ્લાના મોડાસા અને બાયડ તેમજ માલપુર પંથકમાં વરસાદ નોંધાયો હતો. મોડાસા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં પણ વરસાદી માહોલ સર્જાયો હતો. મોડાસાના મોટી ઈસરોલ, ઉમેદપુર અને મરડિયા સહિકના વિસ્તારોમાં વરસાદ નોંધાયો હતો. હાલમાં અરવલ્લી જિલ્લાના માર્ગો પરથી અંબાજી જતા પદયાત્રીઓ મોટી સંખ્યામાં પસાર થઈ રહ્યા છે. આ દરમિયાન વરસાદી માહોલ સર્જાતા પદયાત્રીઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો.

### સેલવાસથી ચોરી કરી ભાગતા ૨ ઈસમોને પોલીસે ઝડપી પાડ્યા

# ઘરમાં નોકર બની કામ કરતા બે શખ્સોએ ૨૦ લાખના ઘરેણા સહિત રોકડની ચોરી કરી

### ૨૦ લાખના ઘરેણાં સહિત રોકડ કબજે કરવામાં આવી છે, નોકર તરીકે નોકરી કરી ચોરીને અંજામ આપ્યો હતા

। વાપી, તા.૨૪ ।

વાપી પોલીસ દ્વારા વાહન ચેકીંગ દરમિયાન સેલવાસથી ચોરી કરી ભાગતા ૨ ઈસમોને પોલીસે ઝડપી પાડ્યા છે. ૨૦ લાખના ઘરેણાં સહિત રોકડ કબજે કરવામાં આવી છે. નોકર તરીકે નોકરી કરી ચોરીને અંજામ આપ્યો હતો. પોલીસ દ્વારા બંને આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. જો આપ ઘરમાં કોઈપણ જાતની ખાતરી કે ઓળખ વગર કોઈને નોકર તરીકે રાખી રહ્યા હોય તો ચેતી જજો. કારણ કે ખાતરી કર્યા વગર રાખેલા નોકર કોઈ દિવસ આપના ઘરની તિજોરી સાફ કરી શકે છે.



આવી જ એક ઘટના સંઘ પ્રદેશ દાદર નગર હવેલીમાં બની હતી. જો કે ચોંકાવનારી વાતે છે કે ઘરમાં લાખો રૂપિયાની ચોરી થઈ હોવા છતાં પણ પરિવાર અજાણ હતું. પરંતુ વાપી ટાઉન પોલીસે જાણ કર્યા બાદ પરિવારને જાણ થઈ હતી કે તેમના ઘરમાં લાખો રૂપિયાની ચોરી થઈ હતી. આ બનાવની વિગતો મુજબ, વાપી ટાઉન પોલીસ ગણેશ મહોત્સવ દરમિયાન રાત્રિ પેટ્રોલિંગમાં હતી. એ સમયે વાપીના ગીતા નગર પોલીસ ચોકી નજીક એક રિક્ષામાં બેસેલા બે યુવકોની હરકત શંકાસ્પદ લગતા પોલીસે રિક્ષા અટકાવવાનો પ્રયાસ કરતા રિક્ષામાં સવાર બે યુવકો પોલીસને જોઈને ભાગ્યા હતા. આ કારણે પોલીસનો શક વધુ મજબૂત થતાં પોલીસે પીછો કરી આ બંનેને ઝડપી પાડ્યા હતા. ઝડપાયેલા યુવકો પાસેથી મળેલી બેગ ખોલી જોતા પોલીસ પણ ચોંકી ગઈ હતી. કારણ કે બેગમાં લાખો રૂપિયાની રોકડ રકમ અને સોના ચાંદીના દાગીના હોવાનું સામે આવ્યું હતું. પોલીસે બેગમાં રહેલા લાખો રૂપિયાના મુદ્દ માલ સહિત બંને આરોપીઓની અટકાયત કરી હતી. વાપી ટાઉન પોલીસની સતર્કતાને કારણે ઝડપાયેલા બંને આરોપીઓની તપાસ કરતા થાના પીરા રાજપૂત અને હરેશ રસાયમલ ઠાકોર નામના આ બંને આરોપીઓ બનાસકાંઠાના વાવના રહેવાસી હતા.

તે માત્ર એક અઠવાડીયાથી જ સેલવાસના શાહ પરિવારના ત્યાં ઘરઘાટી નોકર તરીકે કામ કરતા હતા. આ પરિવાર પોતે રાખેલા નોકરોથી પરિચિત ન હતો પરંતુ સુરતના પોતાના એક પરિચિતના કહેવાથી તેમને ઘરે નોકરીએ રાખ્યા હતા.

### સૌરાષ્ટ્રમાં મેઘરાજાની ધૂંઆધાર બેટિંગ

# રાજકોટ, અમરેલી, ગીર-સોમનાથમાં કડાકાભડાકા સાથે ધોધમાર વરસાદ



। રાજકોટ, તા.૨૪ ।

સમગ્ર સૌરાષ્ટ્રમાં મેઘરાજાએ ધડબડાટી બોલાવી નાંખી છે. ત્યારે રાજકોટ જિલ્લામાં પણ બપોર બાદ અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને અનેક તાલુકા સહિત ગ્રામ્ય વિસ્તારમાં ભારે વરસાદ ખાબક્યો હતો. ઉપલેટા પંથકમાં બપોર બાદ અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો. ત્યારે ઉપલેટ શહેરના મુખ્ય માર્ગો પાણી પાણી થઈ ગયા હતા. બીજી તરફ, વરસાદને લઈને ધરતીપુત્રોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. રાજકોટના ધોરાજી તાલુકામાં પણ વીજળીના કડાકાભડાકા સાથે ધોધમાર વરસાદ ખાબક્યો હતો. ત્યારે શહેરના મુખ્ય માર્ગો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. તો બીજી તરફ, શહેરીજનોને ભારે ઉકળાટમાંથી રાહત મળી હતી અને વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. અમરેલી જિલ્લામાં પણ મેઘરાજાએ બઘડાટી બોલાવી હતી. ત્યારે જિલ્લાના સાવરકુંડલા, ધારી સહિત ગીરના ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ શરૂ થયો હતો. આ સિવાય થોરડી, આદસંગ, ઘનશ્યામનગર સહિતના ગામોમાં વીજળીના કડાકા ભડાકા સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો.

મહત્વનું છે કે, છેલ્લા ૫ દિવસથી અમરેલી જિલ્લામાં સતત મેઘમહેર થઈ રહી છે. ત્યારે રાજુલા અને જાફરાબાદ પંથકમાં પણ વરસાદી માહોલ છવાયેલો છે. હિંડોરણા, છતડીયા, કડીયાળી સહિતના વિસ્તારમાં વરસાદ પડ્યો હતો. બીજી તરફ, ખાંભા શહેર અને ગ્રામ્ય પંથકમાં પણ વરસાદી માહોલ છવાયો હતો.

## વિશેષ લેખ

### પૃથ્વી પર પ્રતિ સેકંડે ૧૦૦ વીજળી ત્રાટકે છે । વિજળીનો એક લીસોટો ૧૦ કરોડ વોલ્ટની ક્ષમતા ધરાવે છે

# આકાશી વીજળી : ધ્વનિ અને પ્રકાશનો અદ્‌ભુત અલૌકિક ખેલ છે



સાંપ્રત પ્રવાહો

લેખક : દીપક જગતાપ





ચોમાસામાં ગાજવીજ સાથે વરસાદ પડે ત્યારે કડાકાભેર આકાશમાં વીજળી ચમકે ત્યારે સમગ્ર આકાશ ઝળાહળાં થઈ જતું હોય છે. વીજળી નો ચમકારો અને કડાકાભેર અવાજ ભલભલાના હાજા ગગડાવી દે તેવો અદ્ભૂત ખરેખર તો ધ્વનિ અને પ્રકાશનો અલૌકિક ખેલ છે. વીજળી ત્રાટકવાના સમાચારો વાંચીએ છીએ. તેમાં ઘરોપર, વૃક્ષો પર, માનવો-પશુ પર વીજળી પડે ત્યારે ભયંકર નુકસાન પણ થાય છે. આમ વીજળીનો ચમકારો અને ગડગડાટ આનંદ અને ભીતિનોઅહેસાસ એક સાથે કરાવે છે. અમેરિકામાં જ માત્ર પ્રતિવર્ષ વીજળી ત્રાટકવાથી ૧૦૦ વ્યક્તિમોતને ભેટે છે. અમેરિકાની ભૂમિ પર પ્રતિ વર્ષ ૨ કરોડ જેટલી વાર વીજળી ત્રાટકે છે. તેને કારણે અનેક લોકો દાઝી જાય છે. પ્રતિ વર્ષ ૧ લોકો દાઝે છે. જેમાં ફલોરિડા તો અમેરિકાનું વીજળી ત્રાટકવાનું પાટનગર ગણાય છે. વીજળી ત્રાટકવાની ઘટનાને કારણે અમેરિકાના અર્થતંત્ર પરપ્રતિવર્ષ પાંચ અબજ ડોલર જેટલી વિપરીત અસર પડે છે. હકીકતમાં આકાશમાં વીજળીનો જોવા મળતો નજારો તો એક વૈજ્ઞાનિક પ્રક્રિયા છે.

વિજળીનો એક લીસોટો ૧૦ કરોડ વોલ્ટની ક્ષમતા ધરાવે છે. સામાન્ય રીતે આપણા ઘરોમાં વપરાતા વીજળીના સાધનો ૧૦એમ્પિયરથી ઓછી ક્ષમતાના હોય છે. જ્યારે વીજળીનો એક લીસોટો જ ૩૦,૦૦૦ એમ્પિયરનો પ્રવાહ ધરાવે છે. વીજળી જ્યારે ત્રાટકે છે ત્યારે તેનીઆસપાસનું વાતાવરણ અતિશય ગરમ થઈ જાય છે. આજુબાજુની હવા ૫૦,૦૦૦ અંશ ફેરનહીટ ગરમી પકડે છે ! વીજળી જ્યારે ત્રાટકે છે ત્યારે સૂર્યની સપાટી કરતાં ત્રણ ગણી ગરમી અર્થાત્ ૨૦,૦૦૦ અંશ સેલ્સિયસગરમી છૂટી પડે છે. પૃથ્વી પર પ્રતિ સેકંડે ૧૦૦ વીજળી ત્રાટકે છે. એક જ ઈંચની પહોળાઈ ધરાવતા વીજળીના લીસોટાની અદ્દભુત શક્તિનો ખ્યાલ હવે આવી ગયો હશે.

આમ તો વીજળીનો નજારો મનુષ્ય, વૈજ્ઞાનિકો માટે રહસ્યમ અને રોમાંચનો વિષય રહ્યો છે. ૧૮ મી સદીમાં વિજ્ઞાની બેન્જામિનફ્રેંકલિનથી માંડીને આધુનિક કાળની અમેરિકી અંતરિક્ષ સંસ્થા ‘‘નાસા’’ વીજળીનો તાગ મેળવવા પ્રયાસ કરી રહ્યા છે. તેમની સમજ એટલેસુધી જઈને અટકી ગઈ છે કે આકાશમાં દેખાતી વીજળી તે વિદ્યુતનું જ સ્વરૂપ છે. વાદળોમાં ધનભાર-ઋણભાર સર્જાતાં વીજળી સર્જાય છે. એવા સિધ્ધાંત સુધી બધા પહોંચ્યા છે. પરંતુ આ સંશોધનોને પણ હજી ભ્રમ જ માનવામાં આવે છે. વિજ્ઞાનીઓના મતે વીજળી ત્રાટકવાનીઘટના સમયે વાદળોમાં ૨૦,૦૦૦ અંશ સેલ્સિયસ જેટલો વિદ્યુતભાર છૂટો પડે છે. અર્થાત્ તેટલી હદે ગરમી છૂટી પડે છે. ક્ષણિક ધોરણેછૂટી પડતી ગરમી આસપાસની હવામાં આંચકા સર્જે છે અને તેથી જ વીજળીના ચમકારાની સાથોસાથ ગડગડાટ પણ સંભળાય છે. પ્રકાશ કરતાં અવાજની ગતિ ઓછી હોવાથી વીજળીનો ચમકારો પહેલા દેખાયછે અને ગડગડાટ પાછળથી સંભળાય છે.

વીજળીના ચમકારાના અનેક સ્વરૂપો છે. તેને રીબન લાઈટનિંગ,બોલ લાઈટનિંગ, બીડ લાઈટનિંગ, રેડ પ્રાઈટ કે બ્લ્યુ જેન્ટ્સ જેવા નામો પણ અપાયા છે. પરંતુ તેમાં વાદળામાંથી પૃથ્વી પર ત્રાટકતી વીજળીસૌથી ઘાતક છે. દરમિયાન વાદળની અંદર સર્જાઈને વાદળની અંદર જ સમાઈ જતી વીજળનું પણ એક સ્વરૂપ છે. બે વાદળોની કિનાર પર આગળ વધતી વીજળીને મહદઅંશે આપણે જોતા હોઈએ છીએ. આ વીજળી વાહક બળને શોધતી આગળ વધે છે. વિજ્ઞાનીઓના મતે પૃથ્વીના જળચક્ર સાથે જ વીજળી ત્રાટકવાની ઘટના સંકળાયેલી છે. પ્રવાહી કે પછીના પાણીના બાષ્પીભવનની પ્રક્રિયા વખતે જ પ્રવાહી ગરમી શોષીને બાપ્પનું સ્વરૂપ લે છે. બાષ્પના અણુઝડપથી તરતા તરતા પૃથ્વીની સપાટી છોડી દે છે. આકાશમાં ઊંચાઈએ પહોંચતાં ત્યાં પૂર્વ તરફ રહેલી ઠંડક બાપ્પમાંની ગરમી શોષવા માંડે છે.આ પ્રક્રિયા આપણાં ઘરેલું રેફ્રિજરેટર જેવી જ છે. ગરમી શોપીને બાપ્પ બનીને ઊડેલું પાણી વાતાવરણમાં ગરમી શોષાઈ જતા પ્રવાહી સ્વરૂપ લેવા માંડે છે. અને પૃથ્વીના ગુરુત્વાકર્ષણબળને કારણે વાતાવરણમાં સર્જાયેલું એ પાણી પાછું પૃથ્વી તરફ પાછું ફરે છે. કેટલીકવાર વાતાવરણમાંએટલી હદે ઘનીભવન સર્જાય છે કે તે બરફનું સ્વરૂપ પકડી લે છે. વાદળો સર્જાવાની કે ઘનીભવનની આ પ્રક્રિયામાં જ વીજળીનુંરહસ્ય અકબંધ જળવાઈ રહ્યું છે. વાદળોમાં આ વિદ્યુતભાર કઈ રીતે સર્જાય છે તેનો ભેદ હજી ખૂલ્યો નથી. પરંતુ ગળે ઊતરે તેવા કારણોઆપવા જરૂરથી પ્રયાસ થાય છે. વાદળા એક કેપિસીટરનું રૂપ લઈ લે છે. વાદળના ઉપરના હિસ્સામાં ધનભાર સર્જાય છે. દરમિયાન થીજીગયેલી બાષ્પના કારણે સર્જાયેલી બરફની કરચો અને બાષ્ય ટકરાવાની ઘટના જ બાષ્પમાં રહેલા ઈલેકટ્રોનને છંછેડે છે. વાદળની ઉપરનીસપાટીએથી છૂટા પડેલા ઈલેક્ટ્રોન વાદળની નીચલી સપાટીએ એકત્ર થાય છે અને એ રીતે વાદળની નીચલી સપાટીમાં ઋણભાર સર્જે છે. વાદળની ઉપરની સપાટી પર સર્જાતી ટકરાવાની ઘટના થકી ઈલેક્ટ્રોન છૂટા પડીને વાદળની નીચલી સપાટીએ એકત્ર થતાં વાદળની ઉપરનીસપાટીએ ધનભાર જ બચે છે. આ રીતે ધનભાર અને ઋણભારનાવીજક્ષેત્રનું નિર્માણ થાય છે. આ રીતે વાદળમાં સંગીન વીજક્ષેત્રનું નિર્માણ થાય છે. અને પછી માત્ર વાહકપથ મળી જાય તેની જ રાહ જોવાય છે.

આસપાસની હવામાં પણ ‘‘આયોનાઈઝ’’ પ્રક્રિયા શરૂથાય છે. આ‘‘આયન્સ’’ ધાતુ જેવી વિદ્યુત વાહકની ભૂમિકા અદા કરે છે. આ વાહકપથ એક નિસરણી જેવું સ્વરૂપ લે છે અને ‘‘આયન’ની આ નિસરણી જવીજળીને પૃથ્વી સુધી ઢસડી લાવે છે. એકવાર વાહકપથ તૈયાર થઈ જતાં એક શક્તિશાળી આંચકાનુંસર્જન થાય છે અને તે આંચકો મોટા પાયે ઊર્જા છૂટી પાડે છે. તેજ લીસોટો અને ગડગડાટ તે ઊર્જાનું જ સ્વરૂપ છે.આમ તો પૃથ્વી સાથે સંકળાયેલી આ સતત પ્રક્રિયા છે. આ વીજળીઓ સતત ના ત્રાટકે તો પૃથ્વી એક જ કલાકમાં પોતાનો સંપૂર્ણ વીજભારગુમાવી દે. પ્રત્યેક પળે પૃથ્વી પર ૧૮૦૦ વાર વીજળી ત્રાટકતી જ રહે છે. વીજળી ત્રાટકવાની આ ઘટનાને કારણે જ પૃથ્વી પર પ્રતિ વર્ષ ૧કરોડ ટન જેટલો નાઈટ્રોજન છૂટો પડતો રહે છે. વીજળી ત્રાટકવાની આ પ્રક્રિયા અટપટી જરૂર છે. પરંતુ કુદરતનો આ પ્રકાશિત રંગીન નજારો પણ અદ્ભુત છે.

### રોહિતને પસંદ છે આ ઓપનિંગ પાર્ટનર!

# રોહિત શર્માએ શિખર ધવનને ફેવરિટ બેટિંગ પાર્ટનર ગણાવ્યો

## બંનેએ ઘણા વર્ષો સુધી એકસાથે ઇનિંગ્સની શરૂઆત કરી હતી : ઘણી મેચો જીતાડવામાં મહત્વની ભૂમિકા ભજવી

। નવી દિલ્હી, તા.૨૪ ।

ટીમ ઈન્ડિયાનો નિયમિત કેપ્ટન રોહિત શર્મા આગામી વર્લ્ડ કપની તૈયારીમાં વ્યસ્ત છે. ૨૭મી સપ્ટેમ્બરે, રોહિત ઓસ્ટ્રેલિયા સામેની શ્રેણીની ત્રીજી ODI (IND vs AUS ODI)માં જોવા મળશે. રોહિતે પોતાની કારકિર્દીમાં ઓપનર તરીકે ઘણા રેકોર્ડ પોતાના નામે કર્યા છે. તેણે હવે તેના ફેવરિટ ઓપનિંગ પાર્ટનરનું નામ જાહેર કર્યું છે.

હાલમાં યુવા બેટ્સમેન શુભમન ગિલ રોહિત શર્માની સાથે ઈનિંગ્સની શરૂઆત કરતો જોવા મળી રહ્યો છે. આ પહેલા કેએલ રાહુલે પણ રોહિતની સાથે ઓપનિંગની જવાબદારી લીધી છે. રોહિતે ટીમના પૂર્વ કેપ્ટન વિરાટ કોહલી સાથે પણ ભાગીદારી કરી છે. જોકે,



જ્યારે તેને તેના મનપસંદ બેટિંગ પાર્ટનર વિશે પૂછવામાં આવ્યું તો તેણે તેમાંથી કોઈનું નામ લીધું ન હતું. રોહિત શર્માએ ભારતના અનુભવી અને શક્તિશાળી બેટ્સમેન શિખર ધવનને પોતાનો ફેવરિટ બેટિંગ પાર્ટનર ગણાવ્યો છે. બંનેએ ઘણા વર્ષો સુધી એકસાથે ઈનિંગ્સની શરૂઆત કરી હતી. એટલું જ નહીં, ટીમ ઈન્ડિયાને ઘણી મેચો જીતાડવામાં પણ તેણે મહત્વની ભૂમિકા ભજવી હતી. જો કે શિખર હજુ પણ મેદાનથી દૂર છે. તેને ન તો એશિયા કપ અને ન તો વર્લ્ડ કપમાં તક મળી. એટલું જ નહીં ચીનમાં ચાલી રહેલી એશિયન ગેમ્સમાંથી પણ ધવનને નજરઅંદાજ કરવામાં આવ્યો હતો.

ભારતના મુખ્ય ઓપનર રોહિત શર્માએ એક ન્યૂઝ ચેનલને કહ્યું, શિખર ધવન અને મારી વચ્ચે મેદાન પર અને મેદાનની બહાર ખૂબ જ ગાઢ મિત્રતા છે. અમે ઘણા વર્ષોથી સાથે રમ્યા છીએ. આ એક એવી ભાગીદારી છે જેનો ભાગ બનવાનો મને ખૂબ આનંદ થયો. તે (ધવન) ઘણો સકારાત્મક રહે છે. તેની પાસે એક અલગ ઉર્જા છે અને તેની આસપાસ રહેવાની ખૂબ જ મજા આવે છે. અમે ભારત માટે ઓપનિંગ પાર્ટનર તરીકે પણ સારા રેકોર્ડ બનાવ્યા છે. ODI વર્લ્ડ કપ (ODI વર્લ્ડ કપ-૨૦૨૩) ૫ ઓક્ટોબરથી ભારત દ્વારા યોજવામાં આવનાર છે. આવી સ્થિતિમાં રોહિત પાસે આ ICC ટૂર્નામેન્ટમાં પોતાની ટીમને ચેમ્પિયન બનાવવાની મોટી તક છે. ૨૦૦૭માં ડેબ્યૂ કરનાર રોહિતે મિડલ ઓર્ડરમાં કારકિર્દીની શરૂઆત કરી હતી પરંતુ બાદમાં ઓપનર તરીકે પોતાનું નામ બનાવ્યું હતું. ભારતે ૨૦૧૧ બાદ ICC ODI વર્લ્ડ કપમાં કોઈ ટ્રોફી જીતી નથી, તેથી રોહિત પર મોટી જવાબદારી રહેશે.

### ન્યૂઝ બ્રિફ

## ઈસરો લેન્ડર અને રોવરનો સંપર્ક કરવા પ્રયાસ કરી રહ્યું છે

। નવી દિલ્હી, તા.૨૪ ।

૧૪ દિવસની લાંબી રાત બાદ સૂર્યપ્રકાશ ચંદ્રના દક્ષિણ ધ્રુવ સુધી પહોંચવા લાગ્યો છે. એવામાં ચંદ્રયાન-૩ (Chandrayaan-3) નું લેન્ડર અને રોવર જાગી જવાની આશા છે. ISRO લેન્ડર અને રોવર બંનેનો સંપર્ક કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. ચંદ્રયાન-૩નું પ્રજ્ઞાન રોવર અને વિક્રમ લેન્ડર હાલમાં ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર હાજર છે, જ્યાં હવે સૂર્યના કિરણો પહોંચી રહ્યા છે. એવામાં બંનેના ચાર્જ થવાની આશા છે. તેના મિશનને આગળ વધારવા માટે, ISRO વિક્રમ લેન્ડર અને પ્રજ્ઞાન રોવર સાથે સંચાર પુનઃસ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. ISRO આ કરવામાં સફળ થાય છે તો તેને વૈજ્ઞાનિક દ્દષ્ટિકોણથી મોટી સફળતા ગણવામાં આવશે. ISRO એ ટ્વિટર પર પોસ્ટ કર્યું કે ચંદ્રયાન-૩ મિશન : વિક્રમ લેન્ડર અને પ્રજ્ઞાન રોવર સાથે સંચાર સ્થાપિત કરવાના પ્રયાસો કરવામાં આવ્યા છે જેથી તેમની જાગવાની સ્થિતિ વિશે જાણી શકાય. હાલમાં તેમના તરફથી કોઈ સંકેત મળ્યા નથી. સંપર્ક સ્થાપિત કરવાના પ્રયાસો ચાલુ રહેશે. લેન્ડર વિક્રમ અને રોવર પ્રજ્ઞાન, જેમણે ચંદ્ર પર સોફ્ટ લેન્ડિંગ પછી દરેક પાસાઓમાં પોતાનું કામ સારી રીતે પૂર્ણ કર્યું છે, તેઓ છેલ્લા ૧૫ દિવસથી સ્લીપ મોડમાં છે અને જો તે બંને સૂર્યપ્રકાશ સાથે ફરીથી સક્રિય થશે.

## અમેરિકામાં ભારતીયોની વસતી ૩૦ લાખ નજીક પહોંચી ગઈ

। વોશિંગ્ટન, તા.૨૪ ।

ભારત અને અમેરિકાના સંબંધોમાં ઘણી વખત ઉતાર ચઢાવ આવતા રહે છે, પરંતુ ભારતીયોને વિદેશ રહેવા જવાનું મન થાય ત્યારે મોટા ભાગે અમેરિકાને જ પસંદ કરે છે. લેટેસ્ટ આંકડા પ્રમાણે અમેરિકામાં ભારતીયોની વસતી ૨૮.૫૦ લાખ સુધી પહોંચી ગઈ છે. ૨૦૨૧થી ૨૦૨૨ સુધીમાં એક વર્ષના ગાળામાં યુએસમાં ભારતીયોની વસતીમાં લગભગ ૫ ટકાનો વધારો થયો છે. અમેરિકામાં ઈમિગ્રન્ટ્સની સંખ્યા સતત ઝડપથી વધી રહી છે. હાલમાં અમેરિકામાં દર સાતમાંથી એક વ્યક્તિ વિદેશમાં જન્મેલી છે તેવું તાજેતરના આંકડા દર્શાવે છે. અહીં ઈમિગ્રન્ટ્સની જે કુલ સંખ્યા છે તેમાં લગભગ ૬ ટકા ભારતીયો છે. યુએસની ડેમોગ્રાફી વિશે કેટલાક રસપ્રદ આંકડા આવ્યા છે. તે પ્રમાણે અમેરિકાની કુલ વસતીમાં ૧૩.૯ ટકા જેટલા માઈગ્રન્ટ છે. તેમાં કાયદેસરના અને ગેરકાયદે બંને માઈગ્રન્ટ્સ સામેલ છે. જેમાં અત્યારે કુલ ઈમિગ્રન્ટ્સમાં ભારતીયો અને ચાઈનીઝ બંનેની વસતી ૬ ટકાની આસપાસ છે.

### રમેશ બિધૂડી કહ્યું No Comments

# સંસદમાં અપશબ્દ કહ્યાં બાદ પ્રથમવાર સામે આવ્યા હતા રમેશ બિધૂડી

## સ્પીકર (ઓમ બિરલા) તેના પર ધ્યાન આપી રહ્યાં છે, હું તેના પર કોઈ ટિપ્પણી કરવા ઈચ્છતો નથી : રમેશ બિધૂડી

। નવી દિલ્હી, તા.૨૪ ।

ભાજપ સાંસદ રમેશ બિધૂડીએ રવિવારે લોકસભામાં બહુજન સમાજ પાર્ટીના સાંસદ કુંવર દાનિશ અલી વિરુદ્ધ બોલતા કથિત રીતે અભદ્ર ભાષાના ઉપયોગ પર ટિપ્પણી કરવાનો ઈનકાર કરી દીધો અને કહ્યું કે અધ્યક્ષ આ ઘટનાની તપાસ કરી રહ્યાં છે. જ્યારે બિધૂડીને આ વિશે પૂછવામાં આવ્યું તો તેમણે નો-કોમેન્ટ્સ કહ્યું અને આગળ કહ્યુ કે સ્પીકર (ઓમ બિરલા) તેના પર ધ્યાન આપી રહ્યાં છે, હું તેના પર કોઈ ટિપ્પણી કરવા ઈચ્છતો નથી.

રમેશ બિધૂડીએ ગુરૂવારે ચંદ્રયાન-૩ મિશન પર ચર્ચા દરમિયાન લોકસભામાં બસપા નેતા કુંવર દાનિશ અલી વિરુદ્ધ



વિવાદાસ્પદ ટિપ્પણી કરી હતી. તેમની ટિપ્પણીઓને સંસદીય રેકોર્ડમાંથી હટાવી લેવામાં આવી છે. લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ શુક્રવારે બિધૂડીને આ પ્રકારનો વ્યવહાર બીજીવાર કરવા પર કડક કાર્યવાહીની ચેતવણી આપી હતી.

તે દિવસે ભાજપે સાંસદને કારણ દર્શાવો નોટિસ ફટકારી હતી. જેમાં કહેવામાં આવ્યું કે અસંસદીય ભાષાનો ઉપયોગ કરવા માટે તેમની વિરુદ્ધ અનુશાસનાત્મક કાર્યવાહી કેમ ન કરવામાં આવે. પરંતુ પાર્ટીએ વિપક્ષી નેતાઓ પર પણ પલટવાર કરતા આરોપ લગાવ્યો કે તે પ્રધાનમંત્રી મોદી અને તેમના માતા-પિતા વિરુદ્ધ વિવાદાસ્પદ ટિપ્પણી કરી રહ્યાં છે.

આ વચ્ચે બસપા સાંસદ દાનિશ અલીએ કહ્યુ કે જો રમેશ બિધૂડી પર કાર્યવાહી ન થઈ તો હું મારી લોકસભાનું સભ્યપદ છોડવા પર વિચાર કરીશ. તેમણે કહ્યું- જ્યારે મારા જેવા ચૂંટાયેલા પ્રતિનિધિની આ સ્થિતિ છે તો સામાન્ય માણસની શું સ્થિતિ હશે? મને આશા છે કે ન્યાય મળશે અને અધ્યક્ષ તપાસ કરાવશે.

### અંજૂ એક સપ્તાહમાં આવી શકે છે ભારત

# અંજૂની પાકિસ્તાનમાં રડી-રડીને ખૂબ જ ખરાબ સ્થિતિ થઈ રહી છે

## અંજૂને પોતાના બાળકોની યાદ આવી રહી છે : તે પોતાના બાળકોને મળવા માટે ભારત આવવા ઈચ્છે છે

। ઇસ્લામાબાદ, તા.૨૪ ।

ભારતથી પાકિસ્તાન પહોંચેલી અંજૂ આ દિવસોમાં ખુબ પરેશાન છે. અંજૂના પાકિસ્તાની પતિ નસરૂલ્લાહે જણાવ્યું કે તે આજકાલ ખુબ રડી રહી છે. તેવામાં તેને ભારત મોકલવાની તૈયારી કરવામાં આવી રહી છે. જો ભારતીય દૂતાવાસ દ્વારા તેના દસ્તાવેજોની ચકાસણી થઈ જાય તો તે એક અઠવાડિયામાં ભારત પહોંચી જશે. અંજૂ જુલાઈમાં તેના ફેસબુક બોયફ્રેન્ડ નસરુલ્લાહ સાથે લગ્ન કરવા પાકિસ્તાન પહોંચી હતી. ત્યારબાદ તેણે દાવો કર્યો હતો કે તે માત્ર નસરુલ્લાહને મળવા આવી હતી અને તેનો પાકિસ્તાનમાં રહેવાનો કે લગ્ન કરવાનો કોઈ ઈરાદો નહોતો, પરંતુ બાદમાં તેણે



લગ્ન કરી લીધા અને તેના વિઝા પણ લંબાવી દીધા.

પાકિસ્તાની મીડિયા અનુસાર જો તે પોતાના દસ્તાવેજોનની ચકાસણી કરાવી લે તો અંજૂ એક સપ્તાહની અંદર ભારત આવવા તૈયાર છે. નસરૂલ્લાહે પણ બાળકોના જીવની ચિંતા વ્યક્ત કરતા મંજૂરી આપી દીધી છે. નસરૂલ્લાહે જણાવ્યું કે અંજૂ આજકાલ રડી રહી છે. તેને પોતાના બાળકોની યાદ આવી રહી છે. તે પોતાના બાળકોને મળવા ભારત આવવા ઈચ્છે છે. તેવામાં નસરૂલ્લાહ હવે તેને ભારત મોકલવાના પ્રયાસમાં લાગેલો છે.

અંજૂ આ વર્ષે જુલાઈમાં ૧ મહિનાના વિઝિટર વિઝા પર પાકિસ્તાન પહોંચી હતી. જ્યારે તેણે પાકિસ્તાની યુવક નસરુલ્લાહ સાથે લગ્ન કર્યા ત્યારે તેને તેના વિઝા લંબાવવાની જરૂર લાગી. આવી સ્થિતિમાં નસરુલ્લાહે તેને પાકિસ્તાનના આંતરિક મંત્રાલય પાસે લઈ ગયો અને અંજુને ૧ વર્ષ માટે વિઝા મળી ગયા. આવી સ્થિતિમાં એ સ્પષ્ટ થઈ ગયું કે અંજૂ હવે નસરુલ્લાની પત્ની તરીકે પાકિસ્તાનમાં રહેશે, પરંતુ બદલાતા સંજોગોએ તેને ભારત આવવા મજબૂર કરી દીધી છે.

# Asian Gamesમાં ભારત પર મેડલનો થયેલો વરસાદ

। બેઈજિંગ, તા.૨૪ ।

ચીનમાં આયોજિત એશિયન ગેમ્સ-૨૦૨૩ માં ભારતે જોરદાર શરૂઆત કરી છે. સ્પર્ધાના પહેલા જ દિવસે રવિવારે આ ગેમ્સમાં ભારતીય ખેલાડીઓએ ૪ મેડલ જીત્યા છે. સ્ટાર શૂટર મેહુલી ઘોષ, આશી ચૌકસે અને રમિતાની ત્રિપુટીએ ભારતને તેનો પ્રથમ મેડલ જીતાડ્યો હતો. શૂટિંગમાં વધુ એક મેડલ જીત્યો હતો જ્યારે રોઈંગમાં દેશને અત્યાર સુધીમાં ૩ મેડલ મળ્યા છે. શૂટિંગમાં ભારતે મહિલાઓની ૧૦ મીટર એર રાઈફલ ટીમ ઈવેન્ટમાં ૧૮૮૬ પોઈન્ટ સાથે સિલ્વર મેડલ જીત્યો હતો. આ ગેમ્સમાં ભારતનો આ પહેલો મેડલ હતો. મેહુલી ઘોષ, આશિ ચોકસી અને રમિતાની ત્રિપુટીએ ભારત માટે આ મેડલ જીત્યો છે. રમિતાએ ૬૩૧.૯, મેહુલીએ ૬૩૦.૮ અને આશિએ ૬૨૩.૩નો સ્કોર કર્યો હતો. યજમાન ચીને આ ઈવેન્ટનો ગોલ્ડ મેડલ જીત્યો હતો. ભારતને રોઈંગમાં તેનો બીજો મેડલ મળ્યો, જ્યાં તેણે પુરુષોની લાઈટવેઈટ ડબલ સ્કલ્સમાં સિલ્વર મેડલ જીત્યો. અર્જુન લાલ જાટ અને અરવિંદ સિંહે ભારતને ગેમ્સમાં બીજો મેડલ અપાવ્યો. ભારતીય જોડી ૦૬:૨૮:૧૮ કલાકે ક્લોક કરીને બીજા ક્રમે રહી હતી.

રોઈંગમાં ભારતને દિવસનો ત્રીજો મેડલ મળ્યો. બાબુ લાલ યાદવ અને રામ લેખે મેન્સ ડબલ્સ ફાઈનલમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. આ ભારતીય જોડીએ ૬:૫૦:૪૧નો સમય લીધો અને બ્રોન્ઝ જીત્યો. આ પહેલા અર્જુન લાલ અને અરવિંદે રોઈંગમાં ભારત માટે સિલ્વર મેડલ જીત્યો હતો.

# એટલાન્ટામાં ધોળેદિવસે ગોળીઓ ચાલી, ૩ના મોત

। વોશિંગ્ટન, તા.૨૪ ।

અમેરિકામાં જ્યોર્જિયાની રાજધાની એટલાન્ટા માં શનિવારે (૨૩ સપ્ટેમ્બર) એક શોપિંગ મોલ પાસે ફાયરિંગની ઘટના બની હતી. પોલીસે જણાવ્યું કે આ ઘટનામાં ઓછામાં ઓછા ૩ લોકોના મોત થયા છે. એપીના અહેવાલ મુજબ સાઉથ વેસ્ટ એટલાન્ટાના ઈવાંસ સ્ટ્રીટ પર (સ્થાનિક સમયાનુસાર) લગભગ ૧:૩૦ વાગ્યે એક વ્યક્તિને ગોળી મારવાની સૂચના હોમિસાઈડ અધિકારીઓએ આપી હતી. ફાયરિંગની માહિતી મળતાં જ હોમિસાઈડ ઓફિસર તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે બે લોકો આવ્યા અને ગોળીબારી શરૂ કરી દીધી. અને ફાયરિંગ શરૂ કર્યું. એપી રિપોર્ટ અનુસાર, પોલીસે કહ્યું કે તેમાંથી એકે પિસ્તોલ પણ કાઢી અને જવાબી ગોળીબાર કર્યો. તપાસકર્તાઓનું કહેવું છે કે ઘટનાસ્થળેથી ત્રણ લોકો મળ્યા આવ્યા જેમને ગોળી મારવામાં આવી હતી. તેમાંથી બે મૃત્યુ પામ્યા હતા અને ત્રીજાને ગ્રેડી મેમોરિયલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો જ્યાં તેનું પણ મૃત્યુ થયું હતું. તેમનું કહેવું છે કે ફાયરિંગમાં માત્ર ત્રણ જ લોકો સામેલ હતા. ત્રણ પુરુષોમાંથી એક ૧૭ વર્ષનો હતો, બીજો ૨૦ વર્ષનો હતો અને ત્રીજો ૩૦ વર્ષનો હતો. જો કે તેની ઓળખ જાહેર કરવામાં આવી નથી. પોલીસે માહિતી આપી હતી કે ફાયરિંગ સંબંધિત સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે, તેથી તેઓ જાણે છે કે સ્થળ પર શું થયું હતું. અમેરિકન સમાજમાં બંદૂક સંબંધિત ઘટનાઓ સામાન્ય બની ગઈ છે.

## વિશેષ

### રાજકોટ જામ ટાવર ખાતે ત્રિદિવસીય ‘ફ્રેમિંગ અવર રૂટ્સ’ હેરિટેજ ફોટોગ્રાફી પ્રદર્શન યોજાયું

# કલેક્ટર પ્રભવ જોશીના માર્ગદર્શન અંતર્ગત ઈન્ટેક રાજકોટ અને ‘ધ કલા કલેક્ટિવ્સ’નો હેરિટેજને પુનર્જીવિત કરવાનો પ્રયાસ

રાજકોટ શહેરમાં ઐતિહાસિક સ્થાપત્યો-હેરિટેજ વિશે જાગૃતિ લાવવાના એક અનોખા પગલા તરીકે જામટાવરના રાજ્ય સંરક્ષિત સ્મારકમાં તા. ૧૭થી ૧૯ સપ્ટેમ્બર દરમિયાન હેરિટેજ ફોટોગ્રાફી પ્રદર્શન ‘‘ફ્રેમિંગ અવર રૂટ્સ‘‘નું આયોજન કરવામાં આવ્યું હતું. જામટાવર રાજ્ય પુરાતત્વ વિભાગના નેજા હેઠળ અને રાજકોટના કલેક્ટર શ્રી પ્રભવ જોશીની ભલામણો હેઠળ તેના પુનઃસંગ્રહ માટે તૈયાર થઈ રહ્યું છે ત્યારે શહેરમાં હેરિટેજ સ્થળોના પુનરુત્થાનના ઉત્કૃષ્ટ ઉદાહરણ તરીકે ‘ફ્રેમિંગ અવર રૂટ્સ’ શીર્ષક ધરાવતા આ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

જામટાવર ખાતે હેરિટેજ ફોટોગ્રાફી પ્રદર્શનનું ઉદઘાટન રાજકોટ રાજવી પરિવારના એચ.એચ. ઠાકોર શ્રી માંધાતાસિંહજી જાડેજા, જીનિયસ ગ્રુપ ઓફ એજ્યુકેશનલ ઈન્સ્ટીટ્યુશનના ડાયરેક્ટર શ્રી ધર્મેન્દ્ર મહેતા અને વિક્રમ વાલ્વ પ્રા.લિ.ના ડાયરેક્ટર શ્રી વિક્રમ જૈન દ્વારા કરવામાં આવ્યું હતું. મહાનુભાવોએ આયોજકોના પ્રયાસોની પ્રશંસા કરી અને સમાજ પર તેની હકારાત્મક અસરની ખાતરી આપી હતી.

આ પ્રદર્શનમાં આપણા સાંસ્કૃતિક વારસા અને રાજકોટની સુંદરતાનું અન્વેષણ કરતા ફોટોગ્રાફસના મનમોહક સંગ્રહનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શન ઈન્ટેક રાજકોટ ચેપ્ટર,





ધ કલા કલેક્ટિવ, ગુજરાત સરકારના ડિરેક્ટોરેટ ઓફ આર્કિયોલોજી અને મ્યુઝિયમ (રાજકોટ સર્કલ), રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન અને રાજકોટ સ્થિત સનાતન ગ્રુપ ઓફ ડેવલપર્સ વચ્ચેના સહયોગનું શ્રેષ્ઠ ઉદાહરણ હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, ‘‘ફ્રેમિંગ અવર રૂટ્સ’’એ એક વિઝ્યુઅલ યાત્રા હોવાથી તેની ઉજવણી સંસ્કૃતિ, પરંપરા, ઈમારતો અને લેન્ડસ્કેપ્સ વગેરેની સમૃદ્ધ ઝાંખી દ્વારા કરવામાં આવી હતી. આ પ્રદર્શનમાં કલાપ્રેમી તેમજ પ્રતિભાશાળી ફોટોગ્રાફરની કૃતિઓ દર્શાવવામાં આવી હતી જેણે માનવ જીવનને તેના વારસા સાથે જોડતી ક્ષણોને કુશળતાપૂર્વક કંડારી હતી. આ પ્રદર્શન માત્ર ઉભરતા અને સ્થાપિત ફોટોગ્રાફરો દ્વારા સાંસ્કૃતિક વારસો અને વિવિધતાની થીમને પ્રતિબિંબિત કરતી વિચારપ્રેરક છબીઓનો કોલાજ અને કલાના શોખીનો માટે કલાકારો સાથે જોડાવાની અને તેમની સર્જનાત્મક પ્રક્રિયાનો ભાગ બની શીખવાની તક હતી. ઈન્ટેક રાજકોટ ચેપ્ટરના કન્વીનર આર્કિટેક્ટ રિદ્ધિ શાહે તેમની ટીમ સાથે તમામ દર્શકોનો આભાર વ્યક્ત કરી રાજકોટની સાંસ્કૃતિક ધરોહરને જાળવવાનો દરેક નાગરિકોને અનુરોધ કર્યો હતો. ટીમ ઈન્ટેક રાજકોટ અને કલા કલેક્ટિવના સભ્યો જયેશ શુક્લા, નૈનેશ વાઘેલા, સ્મિત મહેતા, મંથન સીરોજા, નમ્રતા, ભવ્ય બળદેવ, અભિષેક પાનેલીયા અને ઋત્વિક ફળદુએ આ કાર્યક્રમ દરમિયાન ઉત્સાહ બદલ રાજકોટના લોકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

## તંત્રી લેખ...

# અક્ષમ્ય આચરણ

સંસદના વિશેષ સત્રમાં લોકસભામાં ભાજપના સાંસદ રમેશ બિધૂડીએ બસપા સાંસદ દાનિશ અલી પ્રત્યે જેવી ભદ્દી અને અપમાનજનક ભાષાનો ઉપયોગ કર્યો, તેની જેટલી પણ નિંદા કરવામાં આવે તેટલી ઓછી છે. તેમણે પોતાની અમર્યાદિત ભાષાથી માત્ર પોતાના માટે અને પોતાની પાર્ટી માટે જ મુસીબત નથી ઊભી કરી, પરંતુ સંસદનો પણ અનાદર કર્યો છે. સંસદનું આ વિશેષ સત્ર નવા ભવનમાં થઈ રહ્યું હતું. એવામાં પક્ષ-વિપક્ષના સાંસદો પાસે એ જ અપેક્ષિત હતું કે તે એક નવી શરૂઆત કરશે અને પોતાના કાર્ય અને વ્યવહારથી ઉદાહરણ રજૂ કરશે. રમેશ બિધૂડીએ ઠીક તેનાથી વિપરિત કામ કર્યું. સમજવું મુશ્કેલ છે કે તેઓ દાનિશ અલીની કઈ વાતથી એટલા ભડકી ગયા કે સમસ્ત માનમર્યાદાનો જ ત્યાગ કરી દીધો? તેમના ભડકવાનું કારણ ગમે તે હોય પરંતુ તેમનું આ સડકછાપ આચરણ અક્ષમ્ય છે. તેમણે સંસદમાં જેવી ભાષાનો ઉપયોગ કર્યો તે તો સડકની ભાષાને પણ મ્હાત કરે તેવી છે. એટલાથી જ સંતુષ્ટ ન થઈ જવાય કે તેમની અભદ્ર ટિપ્પણીઓને સંસદની કાર્યવાહીમાંથી હટાવી દેવામાં આવી, કારણ કે તેમનું આચરણ ક્યાંય વધુ વાંધાજનક છે. સંસદ કે પછી જાહેર જીવનમાં અપમાનજનક ભાષા માટે કોઈ સ્થાન ન હોઈ શકે. વસ્તુતઃ અભદ્ર ભાષા કોઈ પણ નેતાને ક્યાંય પણ ઉપયોગ ન કરવી જોઈએ. તેની અવગણના ન કરી શકાય કે થોડા દિવસ પહેલાં દ્રમુક નેતાઓએ સનાતન ધર્મને લઈને કેવાં ભડકાઉ અને અભદ્ર નિવેદનો આપ્યાં હતાં? લોકસભાના અધ્ય-ને રમેશ બિધૂડીની ઝાટકણી કાઢીને બિલકુલ યોગ્ય કર્યું, પરંતુ અપેક્ષિત એ છે કે તેમના વિરુદ્ઘ કડક કાર્યવાહી પણ કરવામાં આવે. એનાથી જ તેમના જેવા સાંસદોને પણ બોધપાઠ મળી શકશે. ધ્યાન રહે કે આવું પહેલી વાર નથી કે કોઈ સાંસદે સંસદની અંદર વાંધાજનક નિવેદન કર્યું હોય. આ કામ આના પહેલાં પણ થતું રહ્યું છે અને તેમાં અન્ય પક્ષોના સાંસદો પણ સામેલ રહ્યા છે. સામાન્ય રીતે તેમના અભદ્ર આચરણ માટે તેમને ફટકાર મળે છે કે પછી થોડા દિવસ માટે બરતરફ કરી દેવામાં આવે છે. તેનાથી તેમને કોઈ ખાસ ફરક નથી પડતો. લોકતંત્રની ગરિમા બચાવવા માટે એ જરૂરી છે કે જે પણ જનપ્રતિનિધિ સદનની મર્યાદાનો ભંગ કરે, તેને દંડના ભાગીદાર બનાવવા જોઈએ. તમામ પક્ષોએ પણ આ બાબતે સક્રિય થવું જોઈએ, કારણ કે દરેક પક્ષમાં બિધૂડી જેવા નેતા છે. એ ઠીક છે કે ભાજપે રમેશ બિધૂડીને કારણદર્શક નોટિસ મોકલી છે, પરંતુ જરૂરિયાત તો તેની હતી કે તેમના વિરુદ્ઘ કાર્યવાહી કરીને કોઈ ઉદાહરણ રજૂ કરવામાં આવે, જેથી તેમના જેવા અન્ય દોઢા નેતાઓને પણ બોધપાઠ મળે. રમેશ બિધૂડી પહેલાં પણ ભાજપના કેટલાક નેતાઓના વાંધાજનક નિવેદનોથી પાર્ટીનું માથું શરમથી નીચું થયું છે. કેટલાક તો એવા નેતા છે જે ભાજપી નેતૃત્વ તરફથી ચેતવ્યા બાદ પણ અભદ્ર નિવેદન આપવાનું ચૂકતા નથી. તેનું કારણ એ છે કે તેમના વિરુદ્ઘ એવી કોઈ નિર્ણાયક કાર્યવાહી નથી થતી, જે તેમને યોગ્ય બોધપાઠ શીખવાડી શકે. આ કેસમાં પણ ભાજપે દાખલો બેસે તેવી કાર્યવાહી કરવાની જરૂર છે

## દુનિયાના કેટલાય દેશોમાં આ અનાજોની માંગ વધવા લાગી

મિલેટ્સ એટલે કે જાડાં ધાન્ય એટલે કે બરછટ અનાજ પર એ કહેવત સંપૂર્ણ રીતે ચરિતાર્થ થાય છે કે 'પુરુષ બલી નહીં હોત હૈ, સમય હોત બલવાન.' હરિત ક્રાંતિના દોરમાં જે જાડાં ધાન્યો ગરીબોની થાળી સુધી જ સીમિત થઈ ગયાં હતાં, આજે તે વિદેશી મહેમાનોની થાળીમાં પણ પીરસાઈ રહ્યાં છે. હાલમાં સંપન્ન જી-૨૦ શિખર સંમેલન અને તેના પહેલાં દેશભરમાં થયેલ આ સમૂહની અન્ય બેઠકોમાં મહેમાનોના સ્વાગતથી માંડીને હોટેલના ખાવા-પીવા સુધી દરેક જગ્યાએ દેશી ટચ આપવામાં આવ્યો. વિદેશી નેતાઓને જાડાં ધાન્ય જેમ કે જુવાર, બાજરી અને રાગીથી બનેલા પકવાન પીરસવામાં આવ્યા. વિદેશી મહેમાનોએ મિલેટથી બનેલા નાસ્તાની જ્યાફત દેશી ચ્હા સાથે માણી. તેનાથી ભારતના જાડાં ધાન્યોનું આંતરરાષ્ટ્રીય સ્તરે બ્રાન્ડિંગ થયું. જાડાં ધાન્યો પ્રત્યે લોકોને જાગૃત કરવા માટે ૨૦૨૩ને 'ઈન્ટરનેશનલ યર ઓફ મિલેટ્સ' જાહેર કરવામાં આવ્યું છે. આના પહેલાં ૨૦૧૮માં ભારતે રાષ્ટ્રીય સ્તર પર જાડાં ધાન્યોનું વર્ષ ઉજવ્યું હતું. મિલેટ્સમાં જાડાં અને નાના દાણાવાળાં અનાજ સામેલ હોય છે. મુખ્ય જાડાં ધાન્યોમાં જુવાર, બાજરી, રાગી આવે છે તો નાના અનાજોમાં કુટકી, કાંગણી, કોદરી અને સામો સામેલ છે. તેમાં કેલ્શિયમ, આયર્ન અને ફાઈબર સહિત કેટલાય પોષક તત્ત્વો જોવા મળે છે. તેથી મિલેટ્સને સુપરફૂડનો દરજ્જો આપવામાં આવ્યો છે. આજે જાડાં ધાન્ય આકર્ષક પેકિંગમાં મોટા-મોટા શોપિંગ મોલમાં વેચાઈ રહ્યાં છે. દુનિયાના કેટલાય દેશોમાં આ અનાજોની માંગ વધવા લાગી છે. પોષક તત્ત્વોની ભરપૂર હાજરી અને બીમારીઓ સામે લડવાની અદ્ભૂત ક્ષમતાને જોતાં જાડાં ધાન્ય દેશની પોષણ સુરક્ષા માટે મહત્ત્વપૂર્ણ છે. તેથી ચિકિત્સા જગત જાડાં ધાન્યોને ભોજનમાં સામેલ કરવાની તરફદારી કરી રહ્યા છે. હવે સરકારે પણ જાડાં અનાજોથી બનેલ પ્રોસેસ્ડ ઉત્પાદનોને નાસ્તા અને ભોજનની થાળીમાં સામેલ કરવાની યોજના બનાવી છે. પ્રોસેસ્ડ ઉત્પાદનોને સ્થાનિક લોકોની ઉંમર અને સ્વાદને અનુરૂપ બનાવવામાં આવશે. ઉલ્લેખનીય છેકે દેશની ૪૨ ટકા જનસંખ્યાનો મુખ્ય આહાર સ્ટાર્ચ યુક્ત ભોજન છે અને ૬૦ કરોડ લોકો ગંભીર રૂપે કુપોષિત છે. જાડાં ધાન્યથી બનેલ આહારને ભોજનમાં સામેલ કરવાથી કુપોષણની સમસ્યાનું સ્વતઃ સમાધાન થઈ જશે. સ્વાસ્થ્ય માટે ફાયદેમંદ હોવાને કારણે જાડાં ધાન્ય હવે દુનિયાભરમાં ભોજનનો હિસ્સો બની રહ્યાં છે. કેટલાય દેશોએ ઘઉંને બદલે જાડાં ધાન્યોને પોતાના રોજના ભોજનમાં સ્થાન આપ્યું છે. જાડાં ધાન્યોમાં આયર્નની સારી માત્રા હોય છે. તે ગ્લુટેન ફ્રી હોવાને કારણે શરીર માટે ફાયદેમંદ છે અને તેનાથી ડાયાબિટીસ જેવી બીમારીને નિયંત્રિત કરવામાં પણ ભારે મદદ મળે છે. જાડાં ધાન્યોની ખેતી મોટાભાગે નાના અને સીમાંત ખેડૂતો કરે છે. હવે નવા ઉદ્યમી આ ખેડૂતો સાથે જોડાઈને જાડાં ધાન્યોને આમ જનતાની થાળી સુધી પહોંચાડવામાં લાગ્યા છે. આ ધાન્યો ઉગાડવા માટે ઓછા પાણીની જરૂર પડે છે અને તેનો પાક મોસમી ઉતાર-ચડાવ આસાનીથી સહન કરી લે છે. તે કાર્બન અવશોષણમાં પણ સહાયક છે. ઘઉં-ધાન્યની તુલનામાં આ પાકને તૈયાર થવાની અવધિ પણ ઓછી છે. તેથી જળવાયુ પરિવર્તનના દોરમાં જાડાં ધાન્યો આશાનું કિરણ લઈને આવ્યાં છે. વડાપ્રધાન મોદી ખેડૂતોની આવક વધારવામાં જાડાં ધાન્યોની ભૂમિકાનો ઉલ્લેખ કરી ચૂક્યા છે. તેમણે તેને એક આંદોલન બનાવવા અને ભારતને મિલેટ્સનું ગ્લોબલ હબ બનાવવાની પણ વકીલાત કરી છે. આ જ કડીમાં સંસદ ભવનની કેન્ટિનમાં જાડાં ધાન્યથી બનેલ વ્યંજનોને સામેલ કરવામાં આવ્યાં છે. જાડાં ધાન્યના પૌષ્ટિક ગુણોને જોતાં ૫૦ વર્ષ બાદ સૈનિકોના આહારમાં જાડાં ધાન્યની વાપસી થઈ છે. ઉત્તર પ્રદેશની યોગી સરકાર જાડાં ધાન્યોના પ્રોસેસ એકમો લગાવનારને ૧૦૦ ટકા અનુદાન આપી રહી છે.

# સ્વયં પ્રભા એટલે કે પોતાની પ્રભા! પ્રભા એટલે બુદ્ધિનું સાત્વિક સ્વરૂપ અને સાત્વિક બુદ્ધિથી જ પ્રભુચરણોમાં પ્રીતિનું સ્થાન મળે છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)




હે ઈશ્વર.


આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ભારતીય સમાજના બે ભાગ પડી ગયા છે, એક ભાગ અત્યંત વિકસિત જીવન જીવે છે, અને અમુક અમુક લોકોમાં હજી પણ એની એ જ ઘરેડ જોવા મળે છે. રીત રિવાજો કહો કે પરંપરા! એનાં દ્રઢ વલણને વળગી ને વિકાસ ને અવરોધી રહ્યા છે. એને કારણે શિક્ષિત અને પ્રબુદ્ધ સમાજ જે અશિક્ષિત છે એને તરછોડી રહ્યા છે. શિક્ષિત લોકો પોતાના જ્ઞાનનો ઉપયોગ કરીને કમાણી કરે છે, તો અશિક્ષિત લોકો આવા લોકો પાસેથી છીનવી ને કે છેતરપિંડી કરીને કમાણી કરે છે. મહેનત કરીને કમાવું એવો કોન્સેપ્ટ હવે બહુ ઓછો જોવા મળે છે. એટલે કહેવાનું તાત્પર્ય એટલું છે કે, આજના સમયમાં બુદ્ધિનો બેય રીતે ઉપયોગ કરવા વાળા છે. પણ બુદ્ધિની ઉંચી કક્ષાને આપણે તેને પ્રભા એવું નામ આપ્યું છે,અને આજે આપણે એવાં જ એક ઉજળા ચરિત્રની ચિંતનમાં વાત કરીશું, જેનો ઉલ્લેખ રામાયણમાં કિષ્કિંધા કાંડમાં બહુ થોડીવાર માટે થયો છે, અને એ છે સ્વયંપ્રભા.

ભોગવિલાસમાં રત થયેલા સુગ્રીવને જ્યારે લક્ષ્મણજી દ્વારા તેનું કર્તવ્ય યાદ કરાવવામાં આવે છે, અને પછી જાંબુવંત, હનુમાન, અંગદ, સુગ્રીવ, અને નલ નીલ જેવા અન્ય વાનરોની ટોળી સીતાજીની શોધમાં નીકળે છે. સુગ્રીવ બધાને આદેશ આપે છે કે , વિંધ્યનો ખૂણે ખૂણે તપાસી નાખો, પરંતુ સીતાની તપાસ કર્યા વગર આપણે પાછા ફરવાનું નથી. કેટલાય દિવસો સુધી ગિરિકંદરાઓમાં રખડવા છતાં માતા સીતાનો કોઈ જ પતો મળતો નથી. વાનરો ભૂખ્યા થાક્યા તરસ્યા થઈ હતાશ ગયા છે, અને હવે ક્યાંક તેમની તૃષા તૃપ્ત થાય, તેમની આતરડી ભોજનથી ઠરે, ત્યારે જ આગળનું કાર્ય શક્ય બને. એવે સમયે હનુમાનજી ને એક પર્વતની ગુફા પર પક્ષીઓ મંડરાતા દેખાય છે, અને હનુમાન કહે છે કે નક્કી આ ગુફા આગળ ક્યાંક પાણી હોવું જોઈએ, તો જ આટલા બધા પક્ષીઓ અહીં હોય, અને તપાસ કરતાં સાચું પણ હોય છે. હનુમાનજી એ દેવીને પૂછે છે, હે તપસ્વી નારી, શું આ કોઈ અસુરની માયાજાળ છે? કારણકે મારી સાથેનાં પ્રભુ શ્રીરામના સેવકો અત્યંત ભૂખ્યા તરસ્યા થઈ ગયા છે. એ તપસ્વી નારી હનુમાનજીને આ રીતે ભટકવાનું કારણ પૂછે છે, અને હનુમાનજી તેને કહે છે કે, પિતાનાં વચન માટે વનવાસે નીકળેલા રામ લક્ષ્મણ અને સીતા માંથી સીતા માતાનું કોઈ અપહરણ કરી ગયુ છે, અને અમે બધા તેની શોધમાં નીકળ્યાં છીએ. એ નારી એટલે સ્વયંપ્રભા! એ જણાવે છે કે, સર્વ પ્રથમ તો તમે બધા તમારી ભૂખ તરસને મીટાવો પછી આગળની વાત હું જણાવું.

બાદમાં સ્વયં પ્રભા જણાવે છે કે આ સ્થાન દાનવના શિરોમણી એવા વિશ્વકર્મા માયાસુરની સંપત્તિ છે. માયાસુર અહીં આગળ રહેતો હતો, ત્યારે તેને હેમા નામની અપ્સરા સાથે સંયોગ થયો, અને પછી પ્રેમ થઈ ગયો, અને તે એનાથી અંત્યંત મોહિત થઈ ગયો. એ બંને જણા અહીં રહેતા હતાં, એ વાતની જાણ ઈન્દ્રને થતાં, ઈન્દ્ર એ ક્રોધિત થઈ અને માયાસુરનો વધ કરી નાખ્યો, ત્યારથી હેમા આ સ્થાનની માલિક છે, અને હેમા મારી અત્યંત નજીકની સહેલી હોવાથી એણે મને અહીં તપ કરવા માટેની રજા આપી છે. વાનર અધિનાયક હનુમાનજી પૂછે છે હે દેવી! હવે અમે સીતાની શોધ કરવા ક્યાં જઈએ, એ જ મને સમજાતું નથી! ત્યારે સ્વયં પ્રભા કહે છે કે મારી શક્તિ મુજબ હું આપને મદદ કરી શકું. આપ સર્વે આંખ બંધ કરી, અને બેસી જાવ. બધા જ વાનરોએ તપસ્વી સ્વયં પ્રભાનાં કહેવા અનુસાર કર્યું, અને આંખ ખોલી ત્યારે એ લોકો સમુદ્ર કિનારે હતાં. તપસ્વી દેવી સ્વયં પ્રભા એ રામની સ્તુતિ કરી અને રામચરણમાં પહોંચી ગયા. પ્રભુ શ્રી રામ એ તેને અનુપાયની ભક્તિ એટલે કે અચળ ભક્તિનું વરદાન આપ્યું,અને તે જન્મોજન્મ ઋષિ મુનીઓ જ્યાં જવાં ચાહે છે, એ બદ્રિકાશ્રમમાં સ્થાન પામ્યા. અમુક રામાયણમાં તો સ્વયં પ્રભા એવા નામનો પણ ઉલ્લેખ નથી, તે નારી! કે તપસ્વી નારી! એમ કહી સંદર્ભ ટાંકવામાં આવ્યો છે. તો તપસ્વી દેવી સ્વયં પ્રભા રામ કાર્યમાં મદદગાર સાબિત થઈ અને તે વાનરોને સીતાની શોધ માટે સમુદ્ર સુધી એટલે કે સાચા માર્ગ સુધી લઈ ગઈ, અને પ્રભુ ચરણોમાં નિત્ય નિવાસનુ સ્થાન પામી. સ્વયં પ્રભા એટલે કે પોતાની પ્રભા,અને પ્રભા એટલે બુદ્ધિનું સાત્વિક સ્વરૂપ, એ રીતે જોઈએ તો પોતાની સાત્વિક બુદ્ધિ સિવાય પ્રભુચરણોમાં પ્રીતિનું સ્થાન પામી શકાતું નથી. અને બુદ્ધિ ને સાત્વિક સ્વરૂપ સુધી લઈ જવા માટે જ તપ કરવાનું હોય છે, સંયમ રાખવાનો હોય છે, પરોપકારના બે ચાર કામ કરવાના હોય છે, ભોગ પ્રત્યેથી મન હટાવી અને ભગવાનનું નામ સ્મરણ કરવાનું હોય છે! અને એ ગુફાના ઐશ્વર્ય કે સૌંદર્યની વાત કરીએ તો પોતાની બુદ્ધિ સાત્વિક થાય ત્યારે જ તેને ઈશ્વરના ઐશ્વર્યના દર્શન થતાં હોય છે, અને બધું સુંદર સુંદર લાગતું હોય છે, એટલે કે સૌંદર્યની તેની પરિભાષા બદલાઈ જાય છે. તો ભક્ત, ભગવાન, અને ભક્તિ આ એક એવો ત્રિકોણ છે કે, જેમાં કોઈને પોતાનું નિશ્ચિત અસ્તિત્વ નથી, બધા જ જ્યારે એકમેકમાં તલ્લીન થાય, એકાકાર થાય ત્યારે જ પરમ વિશ્રામની ઘટના ઘટે છે.

વિચિત્ર કથન છે, પણ સચ્ચાઈ એમાં જ છુપાયેલી છે, કે ભક્તિ કરતાં કરતાં ભક્ત પોતાના અસ્તિત્વ ને ભૂલી જાય, ભક્તિ તો કેવળ ભાવ જ છે, એ તો ભક્ત થકી જ અસ્તિત્વ ધરાવે છે, અને ભગવાન તો હંમેશા ભક્તનાં હ્રદયમાં નિવાસ કરનારા છે, પૂર્ણ પરમાત્મા હોવાં છતાં એ ભક્તની પુકાર પર પોતાનું બધું ભૂલી દોડી આવે છે. પરંતુ આ બધું ત્યારે જ શક્ય બને જ્યારે સ્વયંની પ્રભા એટલે કે બુદ્ધિ સાત્વિક બંને, અને પછી એ સત્કર્મનાં પ્રકલ્પ ને સ્વીકારે કે ભક્તિનાં પ્રકલ્પને સ્વીકારે. બાકી બધું તો ભક્તિને નામે થતો દંભ દેખાડો છે, આજે આનું નામ તો કાલે પેલાનું નામ, અને આમ પોતાના સ્વાર્થ ખાતર શરણું પસંદ કરનારને,અંતે હાથમાં કંઈ આવતું નથી. એટલે ઈશ્વર તત્વ તો એક જ છે, તેને ગમે તે સ્વરૂપે પોકારીએ. પરંતુ નિષ્ઠાનો સવાલ છે, અચળ અને અનુપાયની ભક્તિ માટે એક નિષ્ઠ હોવું બહુ જરૂરી છે, અને રામરાજ્ય કે હિન્દુ રાષ્ટ્રની ઉદ્ઘોષણા એટલે જ પરિપૂર્ણ થતી નથી. કારણ કે આપણે ભગવાનને નામે કે ધર્મને નામે પણ અલગ અલગ સંપ્રદાયો કરી અને પોતાના ઈશ્વર જ મહાન, એવી વાતને બઢાવો દઈએ છીએ. લગભગ દરેક ધર્મમાં ઘણા બધા સંપ્રદાયો હોય છે, પણ છતાં એ લોકો એક જૂથ થઈ શકે છે, જ્યારે આપણે નથી થઈ શકતાં, એ આપણા ધર્મ પ્રત્યેની શ્રદ્ધાની નબળાઈ ગણો તો નબળાઈ છે,પણ હકીકત એ જ છે. બુદ્ધિનું સાત્વિક સ્વરૂપ સહજ સ્વીકાર કરતા શીખવે છે, અને ઘણી બધી નાની નાની વાતો સહજ સ્વીકારથી સહજ અને શ્રેષ્ઠ જ્ઞાન તરફ પણ દોરનારી હોય છે, અને એ સહજ જ્ઞાનનો પ્રકાશ જ પ્રભા છે,જેની આભા અત્યંત તેજસ્વી હોય છે,અને એ જ સ્વયં પ્રભા. આપણે સૌ મનોમન આવી સ્થિર અને અચળ ભક્તિ શક્તિની દાત્રી, એવી સ્વયં પ્રભા સુધી બુદ્ધિને દોરી જઈ શકીએ, અને અચળ ભક્તિના વરદાન પ્રાપ્ત કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# જેને પોતાની અંદર પરમાત્મા નાં દર્શન થાય તે જીવ ઈશ્વરમય બની જાય છે, જેને પોતાની અંદર પરમાત્મા દેખાય તે પછી ઈશ્વરથી જુદો રહી શકતો નથી







ભારતીય સંસ્કૃતિમાં ધર્મ,ધર્મગ્રંથો, ધર્મસ્થાનો માનવ જીવને જીવન સુખ શાંતિ સલામતી સમૃધ્ધિથી જીવવાનો ઉમદા સરળ રસ્તો બતાવે છે પરંતુ માનવી આ રસ્તો છોડી અન્ય તરફ વળી જાય છે ત્યારે તે પોતે તો દુઃખી થાય છે અને અન્ય જીવોને દુઃખી કરે છે. આ સમજવા જેવી વાત છે. અત્યારે ગણેશોત્સવ ચાલે છે. રિદ્ધિ સિદ્ધિ પ્રાપ્ત કરવા આઠ મુખ બાબત ધ્યાને રાખીને આગળ વધવાથી રિદ્ધિ સિદ્ધિ પ્રાપ્ત થાય છે.અષ્ટ સિદ્ધિ કે દાતા કહેવાય છે.જેમાં મૂલાધાર, સ્વાધિસ્થાન, મણિપુર ચક્ર, અનાહત આજ્ઞા, મન ચક્ર, વિશુદ્ધિ ચક્ર અને બ્રહ્મરંધ્ર છે. માનવ દેહ અમૂલ્ય પ્રાપ્ત થયો તો બીજા જીવો પ્રત્યે દયા રાખો. હમણાં જ દીયોદર તાલુકાના ભેંસાણા ગામે એક આશ્રમમાં સાધ્વીજીનો પશુ પ્રત્યેનો પ્રેમ તેમના દેહાંત પછી તેમને પાળેલ કપિરાજ અન્ન જળનો ત્યાગ કરીને સાતમા દિવસે મૃત્યુ પામેલ. બસ આ જ સાચી વાસ્તવિકતા છે. પરમાત્માના દર્શન અહીં પણ થાય. ભગવદ્ ગીતાનો ઉપદેશ કંઈક આવું જ કહે છે. પરમાત્માનાં દર્શન કરવા માટે મનુષ્ય જન્મે છે. માણસ જ ભગવાનનાં દર્શન કરી શકે છે, પશુ નહીં. જે પરમાત્માનાં દર્શન કરે છે, તેનું જીવન સફળ થાય છે. જીવ અનેક જન્મથી શાંતિ માટે તલસતો આવ્યો છે છતાં તેને શાંતિ મળી નથી. શ્રીકૃષ્ણ પરમા ત્માનાં દર્શન વિના કદી શાંતિ મળતી નથી.દર્શનના ત્રણ પ્રકારો શાસ્ત્રમાં બતાવ્યા છે.૧. સ્વપ્નમાં પ્રભુની જે ઝાંખી થાય તે સાધારણ દર્શન છે.૨. મંદિરમાં અને મૂર્તિમાં પરમાત્માનાં દર્શન થાય તે મધ્યમ દર્શન છે.૩.ઈશ્વરનું દર્શન એ ઉત્તમ દર્શન છે. પરમાત્મા નો પ્રત્યક્ષ એટલે કે અપરોક્ષ સાક્ષાત્કાર થાય ત્યારે જીવન સફળ થાય છે.વેદાંતમાં સાક્ષાત્કારના બે પ્રકારો બતાવ્યા છે (૧) પરોક્ષ જ્ઞાન (૨) અપરોક્ષ જ્ઞાન. ઈશ્વર વિના કાંઈ નથી. ઈશ્વર જ બધું છે,હું પણ ઈશ્વરથી અલગ નથી એવું જ્ઞાન થાય, જોનારો ઈશ્વરમય બને, ત્યારે ઈશ્વરનો અપરોક્ષ સાક્ષાત્કાર થાય છે. ઈશ્વરનો સર્વમાં અનુભવ કરતો કરતો ઈશ્વરરૂપ બને છે, તે જ ઈશ્વરનાં પરિપૂર્ણ સ્વરૂપને જાણી શકે છે.

મંદિરમાં પરમાત્માનાં દર્શન કરી બહાર આવ્યા પછી દરેકમાં પરમાત્માનાં દર્શન કરો. જે પરમાત્મા મારામાં છે તે સર્વમાં છે એ પ્રમાણે સારું જગત જેને પરમાત્મા રૂપે દેખાય તેને પોતાના સ્વરૂપમાં પણ પરમાત્માનો અનુભવ થાય છે.આ જ અદ્ભુત. શ્રીકૃષ્ણની લીલાઓનું ચિંતન કરી ગોપીઓ પોતાના સ્વરૂપમાં પરમાત્માનો અનુભવ કરે છે અને બોલે છે : હું જ શ્રીકૃષ્ણ છું. શ્રી કૃષ્ણનો સર્વમાં અનુભવ કરતાં ગોપીઓ શ્રીકૃષ્ણમય બની જાય છે. જેને પોતાની અંદર પરમાત્માનાં દર્શન થાય તે જીવ ઈશ્વરમય બની જાય છે. જેને પોતાની અંદર પરમાત્મા દેખાય તે પછી ઈશ્વરથી જુદો રહી શકતો નથી. તે ઈશ્વરમાં મળી જાય છે. આ જ ભાગવતનું રહસ્ય છે અને ફળ પણ એ જ છે એકવાર ઉદ્ધવે ગોપીઓને કહ્યું કે,શ્રીકૃષ્ણ મથુરામાં આનંદથી વિરાજે છે ત્યારે ગોપીઓએ ઉદ્ધ વન ખખડાવી નાખ્યા કે શ્રી કૃષ્ણ તો સર્વવ્યાપી છે,એ એકલા મથુરા માં કેમ હોય? તમે જ્યાં જાવ ત્યાં પરમાત્માનો અનુભવ કરો. જેને પોતાની અંદર પરમાત્મા દેખાય તે ઈશ્વરને એક ક્ષણ પણ છોડી શકે નહીં. ઘડામાંના ઘટાકાશમાંથી જેમ આકાશ બહાર નીકળી શકતું નથી તેમ જ્ઞાનીને પરમાત્મા છોડી શકતા નથી. સૂરદાસને બહાર પણ પરમાત્મા દેખાય છે, અંદર પણ પરમાત્માનાં દર્શન માટે બીજાં ઘણા શાસ્ત્રો છે પણ ભાગવતનું દર્શન અલૌકિક છે.પરમાત્માનાં ત્રણ સ્વરૂપો શાસ્ત્રમાં કહ્યાં છેઃ સત્, ચિત્ અને આનંદ.સત્ પ્રગટ રૂપે સર્વત્ર છે. ચિત્- જ્ઞાન અને આનંદ અપ્રગટ છે.જડ વસ્તુઓ માં સત્ છે, પણ આનંદ નથી, જીવમાં સત્, ચિત્ પ્રગટ છે, પરંતુ આનંદ, અપ્રગટરૂપ છે, અવ્યક્ત રૂપે છે. આમ આનંદ પોતાનામાં જ છે, છતાં મનુષ્ય બહાર શોધે છે. સ્ત્રીના શરીરમાં, ધનમાં આનંદ શોધે છે. આનંદ એ તમારું સ્વરૂપ છે. આનંદ અંદર જ છે.એ આનંદ ને જીવનમાં કેવી રીતે પ્રગટ કરવો એ ભાગવત શાસ્ત્ર બતાવશે.દૂધ માં માખણ રહેલું છે,છતાં તે દેખાતું નથી. પણ તેનું દહીં બનાવી છાશ કરી મંથન કરવાથી માખણ દેખાય છે. તેવી રીતે ઈશ્વર સર્વત્ર છે પણ તેનો અનુભવ થતો નથી. માનવીએ મનોમંથન કરીએ આનંદ પ્રગટ કરવાનો છે.જીવ ઈશ્વરને ઓળખવાનો પ્રયત્ન કરતો નથી તેથી તેને આનંદ મળતો નથી. આનંદના બે પ્રકાર મુખ્ય છેઃ (૧) સાધનજન્ય (૨) સ્વયં સિદ્ધ આનંદ. સાધન એટલે વિષય. સાધન કે વિષયનો નાશ થતાં સાધન જન્ય આનંદનો નાશ થશે. યોગીઓ પાસે કંઈ હોતું નથી, તેમ છતાં તેઓને આનંદ છે,તે બતાવે છે કે આનંદ અંદર છે, સ્વયં સિદ્ધ છે.સત્,ચિત્,આનંદ ઈશ્વરમાં પરિ પૂર્ણ છે.પરમાત્મા શ્રીકૃષ્ણપરિપૂર્ણ સત્પ છે,પરિપૂર્ણ આનંદરૂપ છે. ઈશ્વરનો અંશ જીવા ત્મા અપૂર્ણ છે.જીવનમાં ચિદ્અંશ છે, પરિપૂર્ણ નથી. મનુષ્યમાં જ્ઞાન આવે છે પરંતુ તે જ્ઞાન ટકી શકતું નથી. શ્રીકૃષ્ણ પરિપૂર્ણ જ્ઞાની છે. શ્રીકૃષ્ણ સોળ હજાર રાણીઓ સાથે વાત કરતા પણ એ જ જ્ઞાન અને દ્વારિકા વગેરેનો વિનાશ થાય છે, ત્યારે એક જ જ્ઞાન.સર્વનો વિનાશ થાય તો પણ શ્રીકૃષ્ણના આનંદનો વિનાશ થતો નથી,કારણ શ્રીકૃષ્ણ પોતે જ આનંદ રૂપે છે. સત્ નિત્ય છે,ચિત્એ જ્ઞાન છે. ચિત્ શક્તિ એટલે જ્ઞાન શક્તિ. સ્વરૂપમાં સ્થિત નથી એટલે તેને આનંદ મળતો નથી. ઠાકોરજી સંહારને પણ પોતાની લીલા માને છે. ઉત્પત્તિ સ્થિતિ અને સંહાર એ ઠાકોરની લીલા છે.જેનું જ્ઞાન નિત્ય ટકે તેનો આનંદ મળે તે આનંદરૂપ થાય. જીવોને આનંદરૂપ થવું હોય તો તે સચ્ચિદાનંદનો આશ્રય લે. આ જીવ જ્યાં સુધી પરિપૂર્ણ થતો નથી,ત્યાં સુધી તેને શાંતિ મળતી નથી,આનંદ મળતો નથી. સંસારનો પ્રત્યેક પદાર્થ પરિણામમાં વિનાશી હોવાથી પરિપૂર્ણ થઈ શકતો નથી. પરિપૂર્ણ સ્વરૂપ એ ભગવાન નારાયણ છે. આ નારાયણને ઓળખે અને તેની સાથે મનને જે તદાકાર બનાવે તે નારાયણ બની પરિપૂર્ણ થાય છે ત્યારે જીવનું જીવન સફળ થાય છે. જીવ જ્યાં સુધી અપૂર્ણ થાય ત્યાં સુધી તેને શાંતિ મળતી નથી. જીવ જ્યારે ઈશ્વરને મળે અને અપરોક્ષ સાક્ષાત્કાર કરે છે, ત્યારે તે પૂર્ણ થાય છે.ઈશ્વર જ્યારે જીવ ને અપનાવી પોતાના સ્વરૂપનું દાન કરે છે, ત્યારે તે જીવ પૂર્ણ થાય છે. ઈશ્વર વિનાનો સર્વ સંસાર અપૂર્ણ છે.જીવ અપૂર્ણ છે એટલે તેને શાંતિ નથી. નારાયણ એ પરિપૂર્ણ છે.સાચી શાંતિ નારાયણમાં છે. નર એ નારાયણનો અંશ છે, નારાયણને ઓળખવાનું અને નારાયણમાં લીન થવાનું સાધન તે ભાગવતશાસ્ત્ર. સાક્ષાત્કાર માટે શાસ્ત્રમાં અનેક ઉપાયો બતાવ્યા છે. કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ અને ભક્તિ માર્ગ.ઉપનિષદની ભાષા ગૂઢ છે. સામાન્ય મનુષ્ય તે સમજી શકશે નહીં. વિલાસીજીવ જ્ઞાન માર્ગથી ઈશ્વર પાસે જઈ શકે તે સંભવિત નથી.અતિવૈરાગ્ય વગર જ્ઞાન સફળ ન થાય. જ્ઞાનનો પાયો છે વૈરાગ્ય.એવો વૈરાગ્ય પ્રાપ્ત કરવો કઠણ છે.શુકદેવજી મહારાજને એવો વૈરાગ્ય પ્રાપ્ત થયો હતો. વાચક ચાહક મિત્રો આપણે જોયું કે જેને પોતાની અંદર પરમાત્માનાં દર્શન થાય તે જીવ ઈશ્વરમય બની જાય છે.જેને પોતાની અંદર પરમાત્મા દેખાય તે પછી ઈશ્વરથી જુદો રહી શકતો નથી. વિઘ્નહર્તા વિનાયક ગજાનન ગણપતિ બાપા તથા જગત જનની મા અંબે સૌની મનોકામના પૂરી કરે તેવી પ્રાર્થના સાથે અસ્તુ.

# ગાયને રોટલી સાથે ખવડાવો આ એક વસ્તુ, રાતોરાત ખુલી જશે બંધ કિસ્મતના દરવાજા



હિન્દુ ધર્મમાં ગાયને માતાના સ્વરૂપે પૂજવામાં આવે છે. કહેવામાં આવે છે કે ગાયની સેવા કરવાથી મનુષ્યને સૌભાગ્યની પ્રાપ્તિ થાય છે અને તેના ઘરમાં સુખ-સમૃદ્ધિ પણ આવે છે. ગાયને નિયમિત રૂપે પહેલા રોટલી ખવડાવવી ખૂબ જ શુભ હોય છે. સનાતન ધર્મમાં ગાયને એક પવિત્ર પશુ માનવામાં આવે છે. કહેવાય છે કે ગાયની સેવા કરનાર વ્યક્તિની દરેક ઈચ્છા પૂરી થાય છે. જ્યોતિષશાસ્ત્રમાં ગાયની સેવા અને તેની પૂજાને વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. જ્યોતિષ શાસ્ત્ર અનુસાર જો કોઈ વ્યક્તિ નિયમિત રીતે ગાયને પહેલી રોટલી ખવડાવે છે તો તે વ્યક્તિને દરેક પ્રકારના સુખ સમૃદ્ધિ, ધન અને સૌભાગ્યની પ્રાપ્તિ થઈ શકે છે. જો તમે તમારા જીવનમાં કોઈ સમસ્યાનો સામનો કરવા માંગતા નથી, તો ભોપાલ સ્થિત જ્યોતિષી અને વાસ્તુ સલાહકાર પંડિત હિતેન્દ્ર કુમાર શર્મા ગાયને રોટલીમાં ભેળવીને શું ખવડાવવું જોઈએ તે વિશે વધુ માહિતી આપી રહ્યા છે. જ્યોતિષ શાસ્ત્ર અનુસાર બૃહસ્પતિ ગ્રહ સાથે ગાયનો સંબંધ માનવામાં આવે છે. જે ખૂબ જ શુભ ગ્રહ છે, જે વ્યક્તિની કુંડળીમાં બૃહસ્પતિ ગ્રહ નબળો હોય તે જો ગાયને રોટલી ખવડાવે તો તેનો બૃહસ્પતિ ગ્રહ મજબૂત થાય છે. જેનાથી તે વ્યક્તિને સૌભાગ્ય, ધન, સમૃદ્ધિ અને સુખ-શાંતિની પ્રાપ્તિ થઈ શકે છે. જ્યોતિષ શાસ્ત્ર અનુસાર જો તમે ગાયને રોટલી ખવડાવી રહ્યાં છો તો તેમાં એક ચપટી હળદર ભેળવી દો. આમ કરવાથી તેનો લાભ અનેક ગણો વધી જાય છે. હળદરનો સંબંધ પણ બૃહસ્પતિ ગ્રહ સાથે હોવાનું માનવામાં આવે છે. આ ઉપરાંત હળદરને મંગળ ગ્રહનું પ્રતિક પણ માનવામાં આવે છે. આ ઉપાય કરવાથી નબળો મંગળ અને નબળો બૃહસ્પતિ મજબૂત થાય છે. ગાયને હળદર ભેળવેલી રોટલી ખવડાવવાથી દુર્ભાગ્ય દૂર થાય છે અને શત્રુઓ પર વિજય પ્રાપ્ત થાય છે. જો તમે ઈચ્છો કે તમારી કુંડળીમાં નકારાત્મક ગ્રહોની સ્થિતિનો પ્રભાવ ઓછો થાય તો તેવામાં ગાયને હળદર ભેળવીને રોટલી ખવડાવો.

# ઊંઘમાં બાળકને બબડવાની આદત છે? તો જાણો સ્વાસ્થ્ય પર શું પડે છે ખરાબ અસર



નાના બાળકોની ઘણી બધી આદતો એવી હોય છે, જે પેરેન્ટ્સને છોડાવવી અઘરી પડી જાય છે. આમ, વાત કરવામાં આવે તો ઘણાં બધા બાળકોને ઊંઘમાં બોલવાની આદત હોય છે. જો કે આ આદતને છોડાવા માટે પેરેન્ટ્સ હંમેશા ચિંતિત રહેતા હોય છે. નાના બાળકો બહુ ક્યૂટ હોય છે. નાના બાળકોની કેટલીક આદતો એવી હોય છે જે આપણાં ફેસ પર સ્માઈલ લાવી દે છે. આ માટે બાળકોને ભગવાન કહેવામાં આવે છે. જો કે બાળકોની ઘણી આદતો ખરાબ પણ હોય છે જે એમની હેલ્થને અનેક રીતે નુકસાન કરે છે. આમ વાત કરવામાં આવે તો ઘણાં બાળકોને રાત્રે ઊંઘમાં બોલવાની આદત હોય છે. જો કે આ આદતને મોટાભાગના પેરેન્ટ્સ સામાન્ય ગણતા હોય છે. પરંતુ આ આદતથી હેલ્થને નુકસાન થાય છે. બાળકો ઊંઘમાં જ્યારે બોલે છે ત્યારે એ પાછળ અનેક કારણો જવાબદાર હોય છે. ઘણી વાર કોઈ વસ્તુથી હેરાન થતો હોય તો પણ આવી આદત પડી શકે છે. આ સાથે તાવ આવવા પર તેમજ કોઈ પણ ફેમિલી વેકેશન તેમજ સ્કૂલ જવાની ખુશીમાં બાળકો ઊંઘમાં બોલતા હોય છે. આમ બાળકની સ્લીપ સાયકલ જ્યારે ખરાબ હોય ત્યારે ઊંઘમાં બોલી શકે છે. કેટલાક રિપોર્ટ્સનું માનીએ તો જ્યારે પેરેન્ટ્સમાં આ આદત હોય છે ત્યારે એ બાળકોમાં પણ આવી શકે છે. પેરેન્ટ્સ હંમેશા બાળકોની એ આદતો પર નોટિસ કરતા હોય છે જેના કારણે હેલ્થને નુકસાન થાય. આમ, તમે વિચારી રહ્યા છો કે ઊંઘમાં વાત કરવાની આદતથી બાળકના સ્વાસ્થ્યને કોઈ નુકસાન થતુ નથી તો આ તમારી સૌથી મોટી ભૂલ છે. ૩ વર્ષથી ૧૨ વર્ષના બાળકોમાં આ સમસ્યા વધારે જોવા મળે છે. ઘણાં બાળકો ઊંઘમાં બોલતા હોય છે તેમજ હસતા હોય છે. આ સાથે ઘણાં બાળકો ગુસ્સો પણ કરતા હોય છે. રિપોર્ટ્સનું માનીએ તો આ વાતને લઈને બાળકોની હેલ્થ પર કોઈ અસર થતી નથી. આમ, વાત કરવામાં આવે તો આ કોઈ ગંભીર સમસ્યા નથી. આ માટે પેરેન્ટ્સ આ વાતને લઈને સ્ટ્રેસ ફ્રી રહો. પરંતુ તમારું બાળક આવું દરરોજ કરે છે તો ધ્યાન આપવુ ખૂબ જરૂરી છે.

# મહિલાઓ દ્વારા સતામણીનો ભોગ બનતા પુરુષો એકતરફી કાયદાનો અન્યાય

મહિલાઓ દ્વારા પુરૂષો સામેની હિંસા આજે એક સામાન્ય સમસ્યા બની ગઈ છે. આમાં આર્થિક, શારીરિક, જાતીય અને ભાવનાત્મક દુર્વ્યવહાર તેમજ વ્યક્તિના મનોવૈજ્ઞાનિક અને શારીરિક સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડતા માનસિક દુર્વ્યવહારનો સમાવેશ થાય છે. મહિલાઓ તેમજ પુરુષો પણ લિંગ આધારિત હિંસાનો ભોગ બને છે. સ્ત્રીઓ પ્રત્યે થતા વિવિધ પ્રકારના અત્યાચારો વિશે બધા ઘણું જાણે છે. પણ પુરુષો કેવા અત્યાચારોનો ભોગ બને છે?

અત્યાચારો વિવિધ સ્વરૂપોમાં હોઈ શકે છે. શારીરિક, માનસિક, ભાવનાત્મક વગેરે. દુર્વ્યવહાર માત્ર એકલા પુરૂષ તરફ જ ન હોઈ શકે, પરંતુ તેમાં બાળક અથવા અન્ય પ્રિયજનો પ્રત્યેની હિંસાનો પણ સમાવેશ થઈ શકે છે. હિંસા જીવનસાથીનાં કૃત્યોમાંથી ઉદ્ભવતી હોય તે જરૂરી નથી; તે પત્નીના પરિવારના સભ્યો અથવા મિત્રો દ્વારા પજવણી પણ હોઈ શકે છે. દુર્વ્યવહારની કેટલીક સૌથી સામાન્ય રીતો છે.

ધમકી અને બળજબરી, આમાં તેને નુકસાન પહોંચાડવા માટે કંઈક કરવાની ધમકીઓ આપવી અને/અથવા તેમ કરવાનો સમાવેશ થાય છે. ઉદાહરણ તરીકે, તેને છોડી દેવાની ધમકી આપવી, આત્મહત્યા કરવાની, તેને પોલીસમાં રિપોર્ટ કરવાની કે સામાજિક સંસ્થામાં ફરિયાદ કરવાની, તેની અને/અથવા તેના પરિવાર સામે ઘરેલુ હિંસા કાર્યવાહી શરૂ કરવાની ધમકી આપવી, બાળકોને લઈ જવાની ધમકી આપવી વગેરે. ક્રિયાઓ અને હાવભાવ દ્વારા ભય અથવા આશંકા



પેદા કરવી. તેની મિલકતનો નાશ કરવા અથવા મિલકતને નુકસાન પહોંચાડવા માટે જાણીજોઈને વસ્તુઓ તોડવી અથવા પછાડવી.

જાહેર મેળાવડામાં અથવા મિત્રો અને પરિવારની સામે તેને અપમાનિત કરવું; ઈરાદાપૂર્વક ક્રૂર નિમ્ન ટિપ્પણી કરીને તેને નીચાજોણું કરાવવું; તેને દોષિત અનુભવવા અથવા ક્રોધિત કરવા પ્રયત્ન કરવો; અપમાનજનક વર્તણૂક માટે જવાબદારી તેના ઉપર ઠોકી બેસાડવી કે તેને કારણે થઈ રહ્યું છે. તે કોની સાથે વાત કરે છે, તે ક્યાં જાય છે; બાહ્ય વિશ્ર્વ સાથે તેના સંપર્કને પ્રતિબંધિત કરવા; તેના સામાજિક જીવનને મર્યાદિત કરવા માટે વારંવાર તેના પર છેતરપિંડીનો આરોપ લગાવવો, વગેરે.

સ્ત્રીને મળતા વિશેષ રક્ષણ અને સુવિધાનો ઉપયોગ કરીને તેની સાથે નોકરની જેમ વર્તન કરવું, તમામ મુખ્ય પસંદગીઓ પર પોતાનો અધિકાર રાખીને તેનાં કાર્યો પણ પોતે નક્કી કરીને તેને નિયંત્રણમાં રાખવા પ્રયત્ન કરવો. નાણાકીય બાબતોનું નિયંત્રણ અને માલિકી પોતાની પાસે રાખવી. તેને નોકરી મેળવવા અથવા કરવાથી રોકવું, તેને તેની પોતાની કમાણીમાંથી ભથ્થું પૂરું પાડવું. તેને પૈસા માગવા માટે દબાણ કરવું, અને તેને કુટુંબની આવક વિશે જાણ ન કરવી અથવા તેમાં પહોંચ ન રાખવા દેવી.

ડોમેસ્ટિક એબ્યુઝ એક્ટ, તેમજ ઈન્ડિયન પીનલ કોડ (આઈપીસી) અને ક્રિમિનલ પ્રોસિજર કોડ (સીઆરપીસી)ની અન્ય કલમો, ભારતમાં મહિલાને ઘરેલુ હિંસા અંગે ફરિયાદ નોંધાવવાની મંજૂરી આપે છે. આ જોગવાઈઓનો ઉપયોગ સ્ત્રી જીવનસાથી દ્વારા તેમના પુરૂષ સાથીને માનસિક અથવા શારીરિક રીતે હેરાન કરવા અથવા તેમની પાસેથી નાણાં પડાવવા માટે હથિયાર તરીકે કરવામાં આવે છે. એવા કિસ્સાઓ છે કે જ્યારે તેઓએ તેમના પતિઓને તેમની ઈચ્છા મુજબ કરવાની ધમકી આપી હોય અન્યથા આરોપોનો સામનો કરવો પડે. આવા કિસ્સાઓમાં, તે ખૂબ જ દુર્લભ છે કે અદાલત તેમને ગુનાઓમાંથી મુક્ત કરે, કારણ કે આવી પરિસ્થિતિઓ સાથે સંકળાયેલ કલંકને કારણે તેમને શંકાની નજરે જોવામાં આવે છે. તદુપરાંત, આ કેસોમાં પતિ માટે આશ્રય મેળવવાનો કોઈ રસ્તો નથી કારણ કે કાયદો તેમને પૂરતું રક્ષણ પૂરું પાડતો નથી, તે જ સમયે તેમના જીવનસાથી તેમની સામે ખોટી ફરિયાદ કરશે તેવો ભય હંમેશાં તેમના માથા ઉપર ઝૂલતો રહે છે. તેમના માટે ઉપલબ્ધ એકમાત્ર ઉપાય ક્રૂરતાના બહાના હેઠળ છૂટાછેડા છે જે ખૂબ જ નબળો છે.

# સફેદ વાળથી પરેશાન, આ ઉપાયથી થઇ જશે કાળા

શું તમે પણ સફેદ વાળથી પરેશાન છો? આજકાલ લોકો કેમિકલના ઉપયોગથી વાળને કાળા કરે છે. જે બાદ લાંબા ગાળે વાળને નુકશાન પણ થાય છે. તેના ઉપાય માટે, લીમડામાં ભરપૂર પ્રમાણમાં એન્ટીઓક્સીડેન્ટ ગુણ હોય છે, જે વાળના વિકાસ માટે ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. તમે લીમડાને નારિયેલ તેલમાં પકવીને તે તેલને માથામાં લગાવી વાળને કાળા કરી શકો છો. આ માટે તમારે નારિયેલ તેલમાં થોડા લીમડાના પાન નાખી તેને ઉકાળવાનું છે. આ બાદ તેને ગાળી



લો અને ઠંડુ કરી તેને માથામાં લગાવો. આમળામાં રહેલું વિટામિન સી વાળને કાળા કરવા માટે ખૂબ જ મદદ કરે છે. તેમાં રહેલી એન્ટીબેક્ટેરિયલ અને એન્ટીઈન્ફ્લેમેટરી પ્રોપર્ટી વાળને કુદરતી રીતે કાળા રાખે છે. તમારે નારિયેલ તેલમાં આમળાનો પાવડર મિક્સ કરીને લગાવવો જોઈએ, આવું કરવાથી તમને અનેક ફાયદા મળે છે. ડુંગળીમાં ભરપૂર વિટામિન સી રહેલું છે, આ સ્કેલ્પની સમસ્યાઓને દૂર કરે છે. જો તમે વાળ ખરવાથી અને સફેદ વાળથી પરેશાન છો તો તમારે નારિયેલ તેલમાં ડુંગળી મિક્સ કરીને વાળમાં લગાવવી જોઈએ. આ સિવાય વિટામિન બી ૧૨,વિટામીન સી કેલ્શિયમ યુક્ત ખોરાક ખાવવો જોઈયે. સાથે જ ફળ, આમળા,ડ્રાયફ્રુટ અને ઈંડાનો પણ ખોરાકમાં સમાવેશ કરવો જોઈએ.

# ઘટના એક, માન્યતા અનેક



માન્યતાના પાયામાં બે બાબતો હોય છે. એક તો, તે ચોક્કસ હકીકત સાથે સંકળાયેલી હોય છે અને બીજી, તે જે તે વ્યક્તિની માનસિકતા પર પણ અવલંબિત હોય છે અને બીજી, તે જે તે વ્યક્તિની માનસિકતા પર પણ અવલંબિત હોય છે.

પોતાની માન્યતા માટે સમાજની યુવાન પેઢી વધારે આક્રમક થતી જતી જણાય છે. જોકે આવું કદાચ પ્રત્યેક કાલખંડમાં થતું જ હશે. દરેક સમયે સમાજને તેમને સંલગ્ન જે તે બાબતો માટે યુવાનો વધુ કૃત-નિશ્ર્ચયી લાગતાં જ હશે. યુવાનો માટે આવી આક્રમકતા જરૂરી પણ છે તેવા અભિગમથી જ સમાજને વેગ મળતો હોય છે. પણ માન્યતા માટેની આક્રમકતાથી ક્યાંક અધૂરાશ તો વ્યક્ત નથી થતી ને! તે સમજવું પડે. મુલ્લા નસિરુદ્દિન એક સમયે રામાયણમાં આવતા એક પ્રસંગના વિચારે ચઢી ગયા. તે પ્રસંગમાં મંથરા કૈકેયીને રામના ચૌદ વરસના વનવાસ અને ભરતને રાજગાદી માટે વચન લેવા પ્રેરે છે. પ્રસંગ બહુ પ્રચલિત છે અને મુલ્લા પોતાની ટેવ પ્રમાણે વિચારોના ચક્રમાં ઘૂમવા માંડે છે. તે વિચારે છે કે મંથરાએ આવું કેમ કર્યું હશે! આ વિચાર-વમળમાં તેમની વિવિધ સંભાવનાઓ મનમાં આવે છે. મંથરા કાંતો કૈકેયીની સાચી હિતેચ્છુ હોઈ શકે, જેથી તેની ઈચ્છા એમ હોય કે કૈકેયીનો પુત્ર રાજા બને અને કૈકેયી પોતે રાજમાતા. એમ પણ બની શકે કે તે કૈકેયીની દુશ્મન હોય, કારણ કે તેને એટલી તો ખબર જ હોય કે જો આવા વરદાન માગવામા આવશે તો સમગ્ર અયોધ્યાની પ્રજા તેને ધિક્કારશે જ અને તેના આગળના જીવનમાં માત્ર તિરસ્કાર જ મળે. કદાચ મંથરા માત્ર અયોધ્યાનું નહીં પણ સમગ્ર ભારતવર્ષનું શુભ ઈચ્છતી હોય અને લંકા સુધી આર્ય-સંસ્કૃતિના પ્રચાર માટે રામ અયોધ્યાની બહાર વિચરણ કરે તે તેને જરૂરી લાગ્યું હોય. કદાચ મંથરા લંકેશની હિતેચ્છુ હોય અને તેથી જ તે સીતાનું હરણ કરી શકે તે માટે રામ-સીતાને જંગલમાં મોકલવાની તેની યોજના હોય! મંથરા કદાચ દેવોનું કામ કરવા જન્મી હોય અને તેથી જ રાવણનો સંહાર થાય તે માટે રામને વનવાસ મોકલવાની તેની ગણતરી હોય. કદાચ તે પોતે રામની અશુભચિંતક હોય અને તેથી જ તેમનું જીવન મુશ્કેલ બનાવવા તેણે કૈકેયીને વરદાન માટે પ્રેરી હોય! કાં તો તે રાવણની પણ અશુભચિંતક હોઈ શકે. અથવા તો તે રાવણની અતિ-શુભચિંતક પણ હોઈ શકે, કારણ કે રાવણના આટલા અને આવા અપરાધો પછી રામના હાથે તે મૃત્યુ પામે તો જ તેની સદ્ગતિ શક્ય બને.

# પેકેટવાળા કુરકુરેની અસલી હકીકત સામે આવી, ખાવાની આદત હોય તો બંધ કરી દેજો

કુરકુરેની સાથે પણ કંઈક આવું જ થયું હતું. થોડો સમય તેની સેલ્સ ડાઉન રહી, પણ ત્યાર બાદ વેચાણ થવા લાગ્યું. છેલ્લા કેટલાક સમયથી સોશિયલ મીડિયા પર એક શખ્સ ખાવા પીવાની ચીજોને માઈક્રોસ્કોપ ની નીચે નાખીને લોકોને શૉક કરી રહ્યો છે.

થોડા સમય પહેલા માર્કેટમાં કુરકુરે ચિપ્સને લઈને ખૂબ જ હોબાળો થયો હતો. કહેવાય છે કે આ ચિપ્સને પ્લાસ્ટિકમાંથી બનાવી છે. જો આ ચિપ્સને આગ લગાવવામાં આવે તો, આ પ્લાસ્ટિકની માફક પીઘળી જાય છે. પણ તે બાદ કંપનીએ તેને ફક્ત અફવા ગણાવીને ખોટી અફવા ગણાવી હતી. બાદમાં એજ થયું જે ભારતમાં મોટા ભાગે થાય છે. જ્યારે કોઈ વસ્તુ વિશે અફવા કે ખોટી વાત ફેલાય તો, લોકો તે સામાન લેવાનું બંધ કરી દે છે, પણ હોબાળો થતા જ પાછું વેચાણમાં પહેલાની માફક આવી જાય છે.

કુરકુરેની સાથે પણ કંઈક આવું જ થયું હતું. થોડો સમય તેની સેલ્સ ડાઉન રહી, પણ ત્યાર બાદ વેચાણ થવા લાગ્યું. છેલ્લા




કેટલાક સમયથી સોશિયલ મીડિયા પર એક શખ્સ ખાવા પીવાની ચીજોને માઈક્રોસ્કોપની નીચે નાખીને લોકોને શૉક કરી રહ્યો છે. આ શખ્સ લોકોને બતાવે છે કે, ખાવાની ચીજોમાં અલગ અલગ શું ભેળવેલું હોય છે ? ક્યારે લોકોને તેમાં બેક્ટેરિયા દેખાય છે, તો ક્યારે એવી ચીજો જેના વિશે લોકોને ખબર નથી હોતી. હવે તેણે કુરકુરેના પેકેટની અસલી હકીકત લોકોને બતાવી છે.

શખ્સે લોકોને કુરકુરેની અસલી હકીકત બતાવવા માટે દસ રૂપિયાની ચિપ્સનું પેકેટ પર એક્સપેરિમેન્ટ કર્યું છે. તેણે ચિપ્સને માઈક્રોસ્કોપની અંદર નાખ્યું. ત્યાર બાદ લોકોને બતાવ્યું કે, એક ચિપ્સના ટુકડામાં શું થાય છે. ચિપ્સમાં દાળ અને મસાલા ઉપરાંત લોકોને માઈક્રોપ્લાસ્ટિક નજરે પડે છે. આ માઈક્રોપ્લાસ્ટિક માણસના સ્વાસ્થ્ય માટે ખૂબ જ ખતરનાક હોય છે. તેના સેવનથી કેટલાય પ્રકારની બીમારીઓ પણ થાય છે.

શખ્સે કુરકુરે પહેલા પણ ખાવા-પીવાની વસ્તુઓની કેટલીય એક્સપેરિમેન્ટ કરીને લોકોને બતાવી હતી. પાણીપુરીના પાણીમાં કીડાથી લઈને ફ્રીજમાં રાખવામાં આવતા ચોખાના બેક્ટેરિયા, સૌને શખ્સે માઈક્રોસ્કોપ દ્વારા લોકોને બતાવ્યું હતું. જે વસ્તુઓને આપણે નરી આંખે જોઈ નથી શકતા, તેને આ શખ્સ માઈક્રોસ્કોપ દ્વારા બતાવે છે. કુરકુરેમાં મળેલા માઈક્રોપ્લાસ્ટિકના અંશ જોયા બાદ કેટલાય લોકોએ કમેન્ટમાં લખ્યું કે, હવે તે ક્યારેય કુરકુરે નહીં ખાય. તો વળી કેટલાયે લખ્યું કે, આ કંપનીઓ લોકોના હેલ્થ સાથે ખિલવાડ કરી રહ્યા છે. તેનાથી કેટલીય બીમારીઓ થઈ શકે છે.

# આવી સ્ત્રીઓ પોતાના પતિથી ક્યારે ખુશ નથી થતી

આચાર્ય ચાણક્યની ગણતરી વિશ્વના શ્રેષ્ઠ વિદ્વાનોમાં થાય છે. આચાર્ય ચાણક્ય પોતાના ગ્રંથ ચાણક્ય નીતિમાં એ મહિલાઓનો ઉલ્લેખ કરવામાં આવે છે જે પોતાના પતિથી ક્યારે સંતુષ્ઠ થતી નથી અને વાત વાત પર ઝગડતી રહે છે.

એમની જણાવવામાં આવેલી વાતોનું લોકો આજે પણ સ્મરણ કરે છે. એમણે પોતાના ગ્રંથ ચાણક્ય નીતિમાં બિઝનેસ, દાંમ્પત્ય જીવન, સમાજ, જીવન, પૈસા, સ્વાસ્થ્ય સાથે જોડાયેલી ઘણી વાતોનો ઉલ્લેખ કર્યો છે. આચાર્ય ચાણક્યએ પોતાના ગ્રંથમાં એમની તમામ વાતો પર ધ્યાન આપ્યું છે તો જીવનને સુખમય બનાવવામાં મદદ કરી શકે છે. આચાર્ય ચાણક્યની આ વાતોને જો કોઈ વ્યક્તિ સ્મરણ કરે તો કોઈ પણ ખરાબ પરિસ્થિતિનો સામનો કરી શકે છે.


આચાર્ય ચાણક્યની નીતિઓ વ્યક્તિને અનેક પ્રકારની સમસ્યાઓ અને અવરોધોથી બચાવી શકે છે, વિવાહિત જીવન સંબંધિત સમસ્યાઓનો પણ આમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આચાર્ય ચાણક્યએ પોતાના પુસ્તક ચાણક્ય નીતિમાં એવી મહિલાઓનો પણ ઉલ્લેખ કર્યો છે જેઓ પોતાના પતિથી ક્યારેય સંતુષ્ટ નથી હોતી, તો ચાલો જાણીએ આ મહિલાઓ વિશે. વધુ બોલતી મહિલાઓઃ ઘણી વાર એવું જોવા મળે છે કે સ્ત્રીઓ પુરૂષો કરતા વધુ બોલકણી હોય છે, જે સ્ત્રીઓના પતિ તેમની સાથે દરેક વિષય પર વાત કરે છે તે હંમેશા ખુશ રહે છે, પરંતુ જે સ્ત્રીઓના પતિ શાંત સ્વભાવની હોય છે તેઓ ઘણી વાર તેમનાથી અસંતુષ્ટ હોય છે. ઘણી વખત પતિના ન બોલવાના કારણે સંબંધોમાં તિરાડ આવે છે અને મહિલાઓ શાંત થઈ જાય છે.

ગુસ્સાવાળી પત્નીઓઃ કેટલીક સ્ત્રીઓનો સ્વભાવ શરૂઆતથી જ ગુસ્સાવાળો હોય છે. તેઓ સહેજ વાત પર મોઢું ચડાવીને બેસી જાય છે. આચાર્ય ચાણક્યએ પોતાના પુસ્તકમાં કહ્યું છે કે આવી મહિલાઓ પોતાના પતિથી હંમેશા અસંતુષ્ટ રહે છે. તે જાણતી નથી કે ક્યારે કોના પર ગુસ્સો કરવો. આવી સ્થિતિમાં તે ઈચ્છે છે કે સામેની વ્યક્તિ તે જે ઈચ્છે તે કરે, જેમાં ઘણી વખત પતિ નિષ્ફળ જાય છે અને સંબંધ બગડવા લાગે છે.

સ્વાર્થી સ્ત્રીઓઃ કેટલાક લોકો ફક્ત પોતાના વિશે જ વિચારે છે. તેઓ હંમેશા એ કરે છે જે તેમના માટે ફાયદાકારક હોય છે. આ ટ્રેન્ડ મોટાભાગે મહિલાઓમાં જોવા મળે છે. આવી સ્ત્રીઓ પણ તેમના પતિ પાસે આવી જ અપેક્ષા રાખે છે અને જ્યારે કામ થઈ જાય ત્યારે તેઓ આગળના સ્વાર્થ તરફ આગળ વધે છે. આવી મહિલાઓ પોતાના પતિથી ક્યારેય સંતુષ્ટ નથી હોતી, કારણ કે તેઓ પોતાના સ્વાર્થને સંબંધોથી ઉપર રાખે છે.

વિશ્વાસઘાતી પુરુષઃ સ્ત્રીઓ ઘણીવાર તેમના પતિ પર આંધળો વિશ્વાસ કરે છે, પરંતુ એકવાર આ વિશ્વાસ તૂટી જાય છે, તેઓ ફરીથી તેના પર ક્યારેય વિશ્વાસ કરી શકતા નથી. સ્ત્રીઓ ઘણીવાર એવા પુરૂષોથી અસંતુષ્ટ હોય છે જેઓ સંબંધમાં દગો કરે છે.

# સોના જેટલું કિંમતી લાકડું



એક દુર્લભ આફ્રિકી બ્લેકવુડ લાકડાં માટે સેનેગલના જંગલોમાં માફિયાઓ એક-બે નહીં પણ ડઝનેક લોકોની હત્યા કરી શકે છે. દક્ષિણ આફ્રિકાના અનેક દેશોમાં મળનારાં આ દુર્લભ લાકડાના ઝાડની રખેવાળી સશસ્ત્ર સુરક્ષા કર્મચારીઓ કરે છે અને તેમને હંમેશાં પોતાના જીવનો ડર રહેતો હોય છે. જી હાં, અમે દુનિયાના સૌથી મોંઘા લાકડાની વાત કરી રહ્યાં છીએ, જે સફેદ ચંદનથી ૫૦ ગણું અને લાલ ચંદનથી ૪૦ ગણું મોંઘું હોય છે. જ્યારે ભારતમાં ચંદનનું લાકડું સૌથી મોંઘું હોવાનું મનાય છે. આફ્રિકી બ્લેકવુડ લાકડું દુનિયામાંની અનેક ધાતુઓ કરતાં પણ મોંઘું છે. એક કિલો બ્લેકવુડ લાકડું સાડા સાતથી આઠ લાખ રૂપિયામાં મળે છે. એનો અર્થ એવો થયો કે તમે એક કિલો બ્લેકવુડ લાકડાંની કિંમતમાં ભારત જેવાં દેશમાં એક ખાસ્સી લકઝરી કાર ખરીદી શકો છો.

આ દુર્લભ લાકડું આફ્રિકાના ૨૬ દેશોમાં મળે છે. આ લાકડું જે ઝાડમાંથી મળે છે એ ઝાડને તૈયાર થતાં કમ સે કમ ૬૦ વર્ષ લાગે છે. દુનિયાના અનેક દેશોમાં આફ્રિકી બ્લેકવુડના ઝાડને વિકસાવવાની કોશિશ કરવામાં આવી છે અને અનેક જગ્યાએ તેનું ઝાડ પણ તૈયાર થઈ ગયું છે. પણ તેમાં એ ક્વૉલિટી નથી જે પૂર્વી અને દક્ષિણી આફ્રિકામાં મળનારા બ્લેકવુડ ટ્રીમાં હોય છે. આ ખૂબ જ સુકા અને સતત વહેતી ગરમ શુષ્ક હવાના ખાસ પર્યાવરણમાં વિકસિત થાય છે. આવું હુબહુ વાતાવરણ દુનિયાની બીજી જગ્યાઓ પર મળવું મુશ્કેલ છે. જોકે, ભારતના અનેક ક્ષેત્રમાં આફ્રિકી બ્લેકવુડ ટ્રી આસાનીથી લગાડવામાં આવ્યા છે, પણ તેનાં લાકડાની ગુણવત્તામાં એ વાત નથી જે કેન્યા, સેનેગલ, તાન્ઝાનિયા, ઈરિટ્રિયામાં મળનારા આફ્રિકી બ્લેકવુડ ઝાડના લાકડામાં છે.

આફ્રિકી બ્લેકવુડ એક સદાબહાર વૃક્ષ છે, જેની ઊંચાઇ લગભગ ૪૦ મીટર સુધી હોય છે. આ ઝાડ ખૂબ જ કઠણ અને ટકાઉ લાકડું ઉત્પન્ન કરે છે. આ લાકડાની સૌથી મોટી વિશેષતા એ છે કે એ ક્યારેય સડતું નથી, તેમાં કીડા થતાં નથી અને ઉધઇ તો દૂર જ રહે છે. જાવા દ્વીપમાં પણ આ ઝાડ ઉગાડવાની કોશિશ કરવામાં આવી છે, અને શક્યતા એ પણ છે કે ભવિષ્યમાં લગભગ એવું જ વાતાવરણ પેદા કરવામાં આવે જેવું આફ્રિકી દેશોમાં હોય છે, અને આફ્રિકા સિવાયના દેશોમાં પણ તે મેળવી શકાય. કેમકે આંતરરાષ્ટ્રીય બજારમાં તેની ખૂબજ માગ છે.

દુનિયામાં સૌથી સારી ગુણવત્તાવાળા ગિટાર, શરણાઈ અને વાંસળી આ જ લાકડીમાંથી બને છે. આ જ લાકડામાંથી દુનિયાના સૌથી મોંઘા અને લકઝરી ફર્નિચર પણ બનાવવામાં આવે છે.

### ખેલ મહાકુંભ ૨.૦માં વિવિધ રમતોમાં વિજેતા થનાર ખેલાડીઓને કુલ ૪૫ કરોડ રૂપિયાના ઇનામો આપવામાં આવશે

# મુખ્યમંત્રીના હસ્તે ખેલ મહાકુંભ ૨.૦ના રજીસ્ટ્રેશન કર્ટેઇન રેઇઝર ઇવેન્ટના શુભારંભ સાથે રજીસ્ટ્રેશનનો કરાયો પ્રારંભ

### ખેલ મહાકુંભની શરૂઆત થઈ ત્યારે ૧૬ લાખ યુવાનોએ રજીસ્ટ્રેશન કર્યું હતું, જ્યારે ગયા વર્ષે ૫૫ લાખ જેટલા યુવાનોએ રજીસ્ટ્રેશન કર્યું હતું

। સુરત, તા.૨૪ ।

તાજેતરમાં અમદાવાદ ખાતેથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ખેલ મહાકુંભ ૨.૦ના રજીસ્ટ્રેશન કર્ટેઇન રેઇઝર ઇવેન્ટનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ ખેલ મહાકુંભ ૨.૦ની રજીસ્ટ્રેશન લિંક તથા ટોલ ફ્રી નંબરને પણ ખુલ્લો મૂક્યો હતો. આ કાર્યક્રમમાં સાપુતારા સ્થિત સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ સહિત, જિલ્લાની સ્કૂલોમાં ભાગ લેનારા રમતવીરો, અને શિક્ષકોએ દ્રશ્ય શ્રાવ્ય માધ્યમથી જોડાઇ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. ખેલ મહાકુંભ ૨.૦માં ભાગ લેવા ઈચ્છુક ડાંગના યુવાનો https://khelmahakumbh.Gujarat.gov.in પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવા સાથે વધુ વિગતો મેળવી શકશે. આ ઉપરાંત ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૭૪ ૬૧૫૧ પણ જાહેર કરાયો છે. તેમ, જિલ્લા રમત વિકાસ અધિકારી-સાપુતારા દ્વારા જણાવાયુ છે. ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી જે 'ખેલે તે ખીલે' ના ઉમદા વિચાર સાથે આરંભાયેલા ખેલ મહાકુંભનું બીજ, આજે વટવૃક્ષ બની ગયું છે. રાજ્ય સરકાર રમતવીરો માટે તમામ પ્રકારની મદદ કરવા સંકલ્પ બદ્ધ છે.



રમતવીરોના ઉજ્જવળ ભવિષ્ય સાથે આ યુવાનો ગુજરાત અને દેશનું નામ રોશન કરી શકે તે માટે ખેલ મહાકુંભની વિવિધ રમતોમાં વિજેતા થનારા ખેલાડીઓને કુલ ૪૫ કરોડ રૂપિયાના ઈનામો આપવામાં આવશે. સને ૨૦૧૦માં જ્યારે ખેલ મહાકુંભની શરૂઆત થઈ ત્યારે ૧૬ લાખ યુવાનોએ રજીસ્ટ્રેશન કર્યું હતું. જ્યારે ગયા વર્ષે ૫૫ લાખ જેટલા યુવાનોએ રજીસ્ટ્રેશન કર્યું હતું. ખેલમહાકુંભ ૨.૦માં ૩૫ રમતો ઉપરાંત વુડબોલ, સેપક ટકરાવ, બીચ વોલીબોલ અને બીચ હેન્ડબોલ જેવી નવી ૪-રમતો મળી કુલ ૩૯ જેટલી રમતોની સ્પર્ધાનું આયોજન કરાયું છે. આ ઉપરાંત અંડર ૯ વય જૂથનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારે યુવાનોના હિતમાં કરેલા નિર્ણય અનુસાર ખેલ મહાકુંભ ૨.૦ માં કોઈપણ ખેલાડી ૨ રમતોમાં ભાગ લઈ શકશે. આ વખતે ખેલ-મહાકુંભ ૨.૦માં દરેક રમતમાં વિજેતા ખેલાડીઓને આપવામાં આવતી રોકડ પુરસ્કારની રકમ પારદર્શકતા સાથે, જે તે વિજેતા ખેલાડીઓના બેંક ખાતામાં ઈ-જીથી તબદીલ કરવામાં આવશે. આ ઉપરાંત સામાન્ય અને દિવ્યાંગ ખેલાડીઓ વચ્ચે કોઈ તફાવત નહીં રાખવાની પણ રાજ્ય સરકારે વ્યવસ્થાઓ કરી છે. રાજ્ય કક્ષાની રમતમાં વિજેતા થયેલા ઉમેદવારોને નેશનલ, ઈન્ટરનેશનલ કક્ષાએ જવા માટે યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવશે. એશિયન ગેમ્સમાં ભાગ લેનાર તમામ ખેલાડીઓને રાજ્ય સરકાર તરફથી રૂ.૫ લાખની રકમ ઈનામ રૂપે આપવામાં આવશે.

### કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વ્યારા દ્વારા

# આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ અને રાષ્ટ્રિય પોષણ માસની ઉજવણી અંતર્ગત શ્રીઅન્ન (મિલેટ) વાનગી સ્પર્ધા યોજાઇ

। સુરત, તા.૨૪ ।

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, વ્યારા, જિ. તાપી અને સ્પર્શ સોશિયલ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ અને રાષ્ટ્રીય પોષણ માસ-૨૦૨૩ની ઉજવણી અંતર્ગત સ્પર્શ સોશિયલ ફાઉન્ડેશન, ગુણસદા ખાતે શ્રીઅન્ન (પોષક અનાજ) વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સોનગઢ તાલુકાના વિવિધ ગામની કુલ ૪૬ આદિવાસી મહિલાઓ અને ૧૫ અધિકારીઓ મળી કુલ ૬૧ ભાઈઓ અને મહિલાઓએ ઉમંગભેર ભાગ લીધો હતો. વાનગી સ્પર્ધામાં કુલ ૧૬ આદિવાસી મહિલાઓએ ભાગ લઈ વિવિધ મિલેટનો ઉપયોગ કરી પૌષ્ટિક વાનગીઓ બનાવી પ્રદર્શિત કરી હતી. જેમાં આદિવાસી મહિલાઓ દ્વારા નાગલી, જુવાર, બાજરી, કોદરી, ભગર અને સાથે વિવિધ પ્રકારની ભાજી, સરગવો, મશરૂમ, કઠોળનો ઉપયોગ કરી ટ્રેડિશનલ ડીશ, લાડુ, સુખડી, શીરો, કાંજી, વડા, મુઠિયા, સ્વીટ ડિશ, રોટલા, કઠોળ, ભાજી-કઠોળનું શાક, મશરૂમનું શાક, દેશી ચટણી વગેરે પૌષ્ટિક વાનગી બનાવવામાં આવી હતી. કાર્યક્રમનાં અધ્યક્ષ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડૉ. સી. ડી. પંડયાએ વાનગી સ્પર્ધામાં ભાગ લીધેલ સર્વે મહિલાઓને અભિનંદન પાઠવી આહારમાં વધુમાં વધુ મિલેટનો ઉપયોગ કરવા માટે ભાર મુક્યો હતો. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન શ્રી ડો. જયશ્રીબેન ચૌધરી, જિલ્લા આયુર્વેદ અધિકારી, તાપીએ ઉપસ્થિત મહિલાઓને મિલેટની વિવિધ વાનગીઓ



બનાવવા માટે અભિનંદન પાઠવ્યા હતા. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વ્યારાના ગૃહવિજ્ઞાન વિભાગના વૈજ્ઞાનિક પ્રો. આરતી એન. સોનીએ આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ અને રાષ્ટ્રીય પોષણ માસનું મહત્વ સમજાવી મિલેટનું માનવ સ્વાસ્થ્યમાં વિશેષ મહત્વ વિશે માર્ગદર્શન આપી કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેને પોષણ શપથ લેવડાવી હતી. કેન્દ્રના વિસ્તરણ વિભાગના વૈજ્ઞાનિક ડૉ. અર્પિત જે. ઢોડિયાએ સજીવ ખેતી પર ભાર મુકતા નોવેલ ઓર્ગેનિક ન્યુટ્રીઅન્ટ, સ્યુડોમોનાસના ઉપયોગ વિશે માર્ગદર્શન આપ્યું હતું. મિલેટ વાનગી સ્પર્ધામાં વિજેતા મહિલાઓને ઉપસ્થિત મહાનુભાવો દ્વારા ઈનામ તરીકે નોવેલ ઓર્ગેનિક ન્યુટ્રીઅન્ટ, સ્યુડોમોનાસ, શાકભાજીના ધરૂ આપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં સ્પર્શ સોશિયલ ફાઉન્ડેશનના વડા શ્રી મધુકર વર્મા, મહિલા ક્લબ પ્રમુખ શ્રીમતિ રેણુ વર્મા, શ્રી જિતેન્દ્ર પાલ પણ ઉપસ્થિત રહ્યા હતા અને તેઓ દ્વારા વાનગી સ્પર્ધામાં ભાગ લીધેલ સર્વે મહિલાઓને પ્રોત્સાહન રૂપે ઈનામ આપવામાં આવ્યું હતું. કાર્યક્રમનાં અંતે, સ્પર્શ સોશિયલ ફાઉન્ડેશનના શ્રી જિતેન્દ્ર પાલએ આભારવિધિ આટોપી હતી.

## પોરબંદર જિલ્લાના અડવાણા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે આયુષ્માન ભવ : કાર્યક્રમ અન્વયે હેલ્થ મેળો યોજાયો





। પોરબંદર, તા.૨૪ ।

"આયુષ્માન ભવઃ" અભિયાન હેઠળ દેશભરમાં તા.૧૭ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર દરમિયાન સેવા પખવાડિયામાં 'આયુષ્માન આપ કે દ્વાર', 'આયુષ્માન આરોગ્ય મેળો' અને 'આયુષ્માન સભા' ના કાર્યક્રમો યોજવામાં આવનાર છે. જે અંતર્ગત પોરબંદર જિલ્લાના અડવાણા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે આયુષ્માન ભવઃ કાર્યક્રમ અંતર્ગત હેલ્થ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ તજજ્ઞો જેવા કે, સ્ત્રી રોગ નિષ્ણાંત, હાડકાના નિષ્ણાંત, સર્જન, માનસિક રોગ નિષ્ણાંત, આંખ ના રોગોના નિષ્ણાંત, દાંત સર્જન, બાળ રોગ નિષ્ણાંત, ચામડીના રોગોના નિષ્ણાંત વગેરે સેવા બજાવી હતી. જેમાં કુલ ૩૦૩ લાભાર્થીઓએ તબીબોની સેવાઓનો લાભ મેળવ્યો હતો. ઉકત કેમ્પમાં માનસીક રોગના ૧૪ દર્દીઓ, બાળ રોગના ૨૮ દર્દીઓ, જનરલ સર્જનના ૨૫ દર્દીઓ, હાડકાનાં રોગના ૩૧ દર્દીઓ, કાન, નાક અને ગળાનાં ૨૬ દર્દીઓ, આંખના રોગનાં ૨૮ દર્દીઓ, સ્ત્રી રોગના ૩૧ દર્દીઓ,દાંતનાં રોગનાં ૧૭ દર્દીઓ, ચામડીનાં રોગના ૧૬ દર્દીઓ તેમજ જનરલ અન્ય બીમારી વાળા ૮૭ દર્દીઓ અને લેબોરેટરીની ૨૪૭ દર્દીઓની તપાસ કરવામાં આવી હતી.

## પોરબંદર છાયા નગરપાલિકા ખાતે સફાઈ કર્મચારીઓનો મેડિકલ હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો



। પોરબંદર, તા.૨૪ ।

ગુજરાતભરમાં તા.૧૫મી સપ્ટેમ્બર થી તા.૧૫ ઓકટોબર સુધી એક માસ દરમિયાન યોજાનાર સ્વચ્છતા હી સેવા કમ્પેઈનની શરૂઆત અન્ય શહેરોની સાથે સાથે પોરબંદર ખાતે પણ કરવામાં આવી હતી. ગાર્બેજ ફ્રી ઈન્ડિયાની થીમ સાથે શુક્રવારથી શરૂ કરાયેલા આ કેમ્પેઈનનો ઉદ્દેશ કચરા મુક્ત પોરબંદર જિલ્લાને બનાવવાનો છે.

જે અંતર્ગત જાહેર સ્થળોની સાફ-સફાઈ, સરકારી સંપત્તિઓના સમારકામ રંગોરોગાન અને સફાઈ, ભીત ચિત્રો દોરવા, દરિયા કિનારાની જગ્યાએ સાફ-સફાઈ કરાવવાની, સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ, સફાઈ કર્મચારીના હેલ્થચેકપ કેમ્પ, ગામડાની તમામ શાળા કોલેજોમાં સ્વચ્છતા અભિયાન યોજાઈ રહ્યું છે. જે અંતર્ગત આજરોજ પોરબંદર છાયા નગરપાલિકા ખાતે સફાઈ કર્મચારીઓને હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સફાઈ કર્મચારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી હતી.

આ તકે પોરબંદર છાયા નગરપાલિકા પ્રમુખ શ્રીમતી ચેતનાબેન તિવારી, જિલ્લા અગ્રણીશ્રી રમેશભાઈ ઓડેદરા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

### નર્મદા નદી કાંઠે આવેલા રેંગણ ગામની પ્રાથમિક શાળા તાજેતરમાં આવેલા પુરથી ડુબાણમાં ગઈ હતી

# રેંગણ પ્રાથમિક શાળાની આકસ્મિક મુલાકાત કરતા રાજ્યના શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોર

### શાળાના મકાનને ઝડપભેર પુનઃ શરૂ કરવા માટે જરૂરી તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા શાળાના શિક્ષકો અને ગામલોકોને આશ્વાસન પુરૂં પાડતા શિક્ષણમંત્રી



। સુરત, તા.૨૪ ।

રાજ્યના આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ વિભાગના મંત્રીશ્રી ડૉ.કુબેરભાઈ ડીંડોર આજે નર્મદા જિલ્લામાં નીલકંઠધામ પોઈચા ખાતે આયોજિત શૈક્ષણિક અધિવેશનમાં ઉપસ્થિત રહ્યા હતા. ત્યાંથી મંત્રીશ્રી તેઓના નિર્ધારિત પ્રવાસ મુજબ બોડેલી ખાતે જવા રવાના થયા હતા. દરમિયાન તિલકવાડા તાલુકાની રેંગણવર્ગ પ્રાથમિક શાળાની ઓચિંતી મુલાકાત કરી બાળકો અને ગામલોકો સાથે વાર્તાલાપ કર્યો હતો. નર્મદા જિલ્લામાં થોડા દિવસો પહેલાં નર્મદા નદીમાં સર્જાયેલી પૂરની સ્થિતિ વચ્ચે તિલકવાડા તાલુકાની રેંગણ વર્ગ પ્રાથમિક શાળામાં પૂરના પાણી પ્રવેશી જતા શાળાના મકાનના બે માળના તમામ વર્ગખંડો ડુબાણમાં ગયા હતા. શાળાના મકાનના તમામ વર્ગોમાં જઈને મંત્રીશ્રીએ નિરિક્ષણ કર્યું હતું. દરમિયાન શાળાના તમામ રેકોર્ડ તથા ઈલેક્ટ્રીક અને ઈલેક્ટ્રોનિક સામાનની ચકાસણી કરી હતી. આ રેકોર્ડ બની શકે તેટલો જાળવી રાખવા મંત્રીશ્રીએ શિક્ષકો અને સંબંધિત અધિકારીશ્રીઓને જરૂરી સૂચન કર્યું હતું. શાળાના બાળકોના પુસ્તકો અને શૈક્ષણિક સાહિત્ય પૂરના પાણીમાં નાશ પામ્યુ હોવાથી તેની વ્યવસ્થા કરી આપવાની મંત્રીશ્રીએ હૈયાધારણા આપી હતી અને શાળાને ત્વરિત અસરથી તમામ જરૂરિયાતો પૂરી પાડવામાં આવશે અને શાળાના મકાનમાં ઝડપી શૈક્ષણિક કાર્ય શરૂ કરવામાં આવશે તેવું આશ્વાસન શાળાના શિક્ષકોને મંત્રીશ્રીએ આપ્યું હતું.

શાળાનું મકાન ડૂબાણમાં જતાં હાલમાં શાળાના બાળકોનું વૈકલ્પિક શૈક્ષણિક કાર્ય ફળિયામાં દાયમા સિરાજમહંમદ બાપુસાહેબના ઘરે ચાલી રહ્યું છે. જ્યાં મંત્રીશ્રી કુબેરભાઈ ડીંડોરે બાળકોની રૂબરૂ મુલાકાત લઈને તેમની સાથે વાર્તાલાપ કર્યો હતો અને શાળાના મકાનમાં ટૂંક સમયમાં બાળકોને લઈ જવામાં આવશે તેવું આશ્વાસન પણ આપ્યું હતું. સાથે બીજા બાળકો માટે બારીયા વાસુદેવ ભીખાભાઈના ઘરે બેઠક વ્યવસ્થા કરવામાં આવી છે, ત્યાં પણ મંત્રીશ્રીએ પહોંચીને બાળકોની નોટબુકની ચકાસણી કરતા શૈક્ષણિક કાર્ય સારું હોવાનું જણાતા શિક્ષકોને પ્રોત્સાહિત કર્યા હતા. બાળકોના શિક્ષણ કાર્યમાં વિક્ષેપ ન પડે તે માટે બાળકોના હિતમાં વૈકલ્પિક વ્યવસ્થા અર્થે પોતાનું ઘર આપ્યું છે તેવા ઘરના વયોવૃદ્ધ માતા શ્રી ગલુબેન ભીખાભાઈ તેમજ ત્યાં હાજર શ્રીમતી હંસાબેન વાસુદેવભાઈ બારીયાનું મંત્રીશ્રીના હસ્તે શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ સમયે બાળકો અને ઉપસ્થિત ગ્રામજનોને પ્રોત્સાહન આપીને બાળકોને યોગ્ય સાથ સહકાર આપવા શિક્ષણ મંત્રીશ્રીએ ગામ લોકોને અપીલ કરી હતી.

# આહવા ગ્રામ પંચાયતમા 'મેરી માટી-મેરા દેશ' અંતર્ગત 'કળશ યાત્રા' યોજાઇ

। સુરત, તા.૨૪ ।

મેરી માટી-મેરા દેશ' કાર્યક્રમના બીજા ચરણમાં ડાંગ જિલ્લાની ગ્રામ પંચાયતોમા 'કળશ યાત્રા'નું આયોજન કરવામા આવી રહ્યુ છે. જેમા આજરોજ તાલુકા પ્રમુખ શ્રી સુરેશભાઈ ચૌધરીની અધ્યક્ષતામા આહવા ખાતે 'કળશ યાત્રા' યોજાઈ હતી. પોલીસ બેન્ડ સાથે આહવા ખાતે યોજાયેલ 'કળશ યાત્રા'ના કાર્યક્રમમાં આહવા નગરજનોએ માટી અને ચોખા એકત્ર કર્યા હતા. આ પ્રસંગે શ્રી સુરેશભાઈ ચૌધરીએ જણાવ્યુ હતુ કે, દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'મેરી માટી-મેરા દેશ' કાર્યક્રમ અંતર્ગત દેશભક્તિની જે ચેતના જગાવી છે તે માટે ગામેગામ લોકો ઉત્સાહભેર આ કાર્યક્રમમા ભાગ લઈ રહ્યા છે. ડાંગ જિલ્લાના દરેક ગામડાઓમા યુવાઓ, મહિલાઓ અને વૃધ્ધોમા દેશભક્તિના આ કાર્યક્રમમા જોડાઈ રહ્યા છે. આ કાર્યક્રમમા આહવા ગ્રામ પંચાયતના સરપંચ શ્રી હરિચંદભાઈ ભોયે, ગ્રામ પંચાયતના સભ્યો, ડાંગ જિલ્લા નાયબ પોલીસ અધિક્ષક શ્રી એસ.જી.પાટીલ, હિસાબી અધિકારી શ્રી રતિલાલ ચૌધરી, તેમજ સ્થાનિક લોકો જોડાયા હતા.







# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે અન્યો સાથે તમે ખુશહાલ ક્ષણો માણી રહ્યા હોવાથી તમારૂં સ્વાસ્થ્ ખીલી ઉઠશે. પર સાવચેત રહેજો કેમ કે સ્વાસ્થય પ્રત્યેની બેદરકારી તમને આગળ જતાં પજવી શકે છે. જે બાબત ખાસ હશે એવી કોઈપણ બાબત માટે નાણાં ધીરવા મહત્વના લોકો તૈયાર હશે. તમે ભાગ્યે જ મળતા હો એવા લોકો સાથે સંપર્ક સાધવા માટે સારો દિવસ.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે કોઈક બિનજરૂરી બાબતને લઈને દલીલબાજી કરવામાં તમારી શક્તિ વેડફશો નહીં. હંમેશાં તમારી જાતને યાદ દેવડાવો કે દલીલબાજીથી કશું મળતું નથી પણ તમે કશુંક ચોક્કસ જ ગુમાવો છો. વધુ પડતો ખર્ચ કરાવાનું ટાળો તથા શંકાસ્પદ આર્થિક સ્કીમ્સથી દૂર રહો. લોકો તથા તેમના આશય વિશે ઝડપી અભિપ્રાય બાંધશો નહીં.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારૂં અવિચારી વર્તન પત્ની સાથેના સંબંધો બગાડી શકે છે. કંઈપણ કરતા પહેલા તમારા વર્તનના પ્રત્યાઘાતો વિશે વિચારજો. શક્ય હોય તો તમારો મૂડ બદલવા ક્યાક બહાર જતા રહો. આજે તમારે જમીન, રિયલ એસ્ટેટ અથવા સાંસ્કૃતિક પ્રૉજેક્ટ્સને લગતી બાબતો પર ધ્યાન આપવું જોઈએ. મિત્રો મદદરૂપ અને ખાસ્સા ઉપયોગી સાબિત થશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. તમને મારી સલાહ છે કે દારૂ સિગારેટ જેવી વસ્તુ પર પૈસા ખર્ચ ન કરો, આમ કરવા થી તમારું સ્વાસ્થ્ય તો બગડે જ છે, તે તમારી આર્થિક સ્થિતિ ને પણ ખરાબ કરે છે. તમારા લગ્નજીવનમાં આજે પરિસ્થિતિ તમારા અંકુશની બહાર જવાની શક્યતા છે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. ઉતાવળમાં મૂડીરોકણને લગતા નિર્ણયો લેતા નહીં- દરેક શક્ય બાજુથી તમે રોકાણ અંગે ચકાસણી નહીં કરો તો નુકસાન થવું ચોક્કસ છે. મિત્રની કોઈ સમસ્યા તમને ખરાબ લગાડી શકે છે અથવા ચિંતાતુર કરી શકે છે. આજે તમે પ્રેમની પીડા અનુભવશો. તમારા ઘર ના કોઈ સભ્ય આજે પ્રેમ થી સંબંધિત સમસ્યા શેર કરી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારા વિચારોને કેટલાક હકારાત્મક વિચારોમાં વાળો કેમ કે તમે ભયના ડરામણા દૈત્ય સામે લડી રહ્યા છો, અન્યથા તમે આ કટ્ટર દૈત્યના નિષ્ક્રિય તથા આસાન ભોગ બની જશો. નજીકી સંબંધીઓ ના ઘરે જવું આજે તમારી આર્થિક સ્થિતિ બગાડી શકે છે. લગ્નજીવન તમને થોડુંક કંટાળાજનક લાગશે. કશુંક ઉત્સાહજનક સોધી કાઢો.

**તુલા (ર,ત) :**

આજના દિવસે આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. આ રાશિના અમુક લોકો ને પોતાના સંતાન થી આર્થિક લાભ થવાની શક્યતા છે. આ સપ્તાહ માં, તમે ઘણું બધું કરવા માંગો છો, પરંતુ જો તમે કામ કરવા નું ટાળતા જશો, તો તમને ખીજવવું લાગશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમને તમારા ટૅન્શનમાંથી મુક્તિ મળે એવી શક્યતા છે. જે લોકોએ કોઈ થી ઉધાર લીધું છે તેમને આજે કોઈપણ હાલત માં ઉધાર ચુકાવું પડી શકે છે જેથી આર્થિક સ્થિતિ નબળી થયી શકે છે. ઘરના મોરચે તમારૂં જીવન શાંત અને ગમે તેવું રહેશે. ઉત્સાહજનક દિવસ કેમ કે આજે તમને તમારા પ્રિયપાત્ર તરફથી ભેટ-સોગાદ મળશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારા પ્રચંડ પ્રયાસો તથા પરિવારના સભ્યોની સમયસર મદદ વાંછિત પરિણામ લાવશે. વર્તમાન મનોબળ જાળવી રાખવા માટે સખત મહેનત જાળવી રાખો. આગળ જતાં જેનું મૂલ્ય વધવાનું છે એવી ચીજ ખરીદવા માટે શ્રેષ્ઠ દિવસ. ઘરના લોકો સાથે તમારે કશુંક ઉત્સાહજનક તથા અલગ કરવું જોઈએ. પરિસ્થિતિ આજે તમારી ધારણા પ્રમાણે કદાચ ન પણ ચાલે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે ગુસ્સાની લહેર આજે વાદ-વિવાદ તથા ઘર્ષણ ભણી દોરી જશે. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. તમારા જીવનસાથીની તબિયત ચિંતા કરાવી શકે છે. તમે તમારા જીવનસાથીના પ્રેમને ઝંખતા હતા.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો. મિત્રો દ્વારા તમે મહત્વના સંપર્કો બનાવશો. પ્રેમ એ વસંત, ફૂલો, પવન, સૂયર્યપ્રકાશ અને પતંગિયાં સમાન છે. તમારા જીવનસાથીએ તમને નીચા દેખાડ્યા એવું તમને લાગશે અને આ બાબત તમને તમારા લગ્ન તોડવાની ફરજ પાડી શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારી જાતને કોઈક રમત રમવામાં સાંકળો કેમ કે તે સનાતન યૌવનનું રહસ્ય છે. જીવન ના ખરાબ તબક્કા માં પૈસા તમારા કામ આવશે તેથી આજ થીજ પોતાના પૈસા બચત કરવા ના વિષે વિચારો નહિ તો તમને તકલીફો આવી શકે છે. લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ.

### મન કી બાત દ્વારા વડાપ્રધાને લોકોને જોડાવવા અપીલ કરી

# ૧ ઓક્ટો.થી દેશમાં ચલાવવામાં આવશે સ્વચ્છતા અભિયાન

## ચંદ્રયાન-૩ની સફળતા પછી જી-૨૦ના શાનદાર આયોજને પ્રત્યેક ભારતીયની પ્રસન્નતાને બમણી કરી દીધી : મોદી

। નવી દિલ્હી, તા.૨૪ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રને મન કી બાત વિશે વાત કરી હતી. મન કી બાતનો ૧૦૫મો એપિસોડ આજે પ્રસારિત થયો હતો. પીએમ મોદીએ કહ્યું કે મન કી બાતના બીજા એપિસોડમાં મને દેશની તમામ સફળતા, દેશવાસીઓની સફળતા, તેમની પ્રેરણાદાયી જીવનયાત્રાને તમારી સાથે શેર કરવાની તક મળી છે. આ દિવસોમાં, મને મળેલા મોટાભાગના પત્રો અને સંદેશાઓ બે વિષયો પરના છે. પહેલો વિષય છે ચંદ્રયાન-૩નું સફળ ઉતરાણ અને બીજો વિષય દિલ્હીમાં જી-૨૦નું સફળ સંગઠન છે. દેશના દરેક ભાગમાંથી, સમાજના દરેક વર્ગમાંથી, દરેક આયુના લોકોના, મને અગણિત પત્રો મળ્યા છે. જ્યારે ચંદ્રયાન-૩નું લૅન્ડર ચંદ્રમા પર ઉતરવાનું હતું ત્યારે કરોડો લોકો અલગ-અલગ માધ્યમો દ્વારા એક સાથે એ ઘટનાની પળેપળના સાક્ષી બની રહ્યા હતા. ઈસરોની યૂટ્યૂબ લાઈવ ચૅનલ પર ૮૦ લાખથી વધુ લોકોએ આ ઘટનાને જોઈ – તે પોતાની રીતે એક વિક્રમ છે. તેના પરથી ખબર પડે છે કે ચંદ્રયાન-૩ પ્રત્યે કરોડો ભારતીયોનો કેટલો ગાઢ લગાવ છે. ચંદ્રયાનની આ સફળતા પર દેશમાં આ દિવસોમાં એક ખૂબ જ શાનદાર પ્રશ્નોત્તરી સ્પર્ધા પણ ચાલી રહી છે અને તેને નામ આપવામાં આવ્યું છે- 'ચંદ્રયાન ૩ મહા ક્વિઝ'. **MyGov portal** પર થઈ રહેલી આ સ્પર્ધામાં અત્યાર સુધીમાં ૧૫ લાખથી વધુ લોકો ભાગ લઈ ચૂક્યા છે. સ્અર્દ્દની શરૂઆત પછી કોઈ પણ ક્વિઝમાં આ સૌથી મોટી સહભાગિતા છે. હું તમને પણ કહીશ કે જો તમે અત્યાર સુધી તેમાં ભાગ નથી લીધો તો હવે મોડું ન કરતા, હજુ તેમાં છ દિવસ બચ્યા છે. આ ક્વિઝમાં જરૂર ભાગ લો.

ચંદ્રયાન-૩ની સફળતા પછી જી-૨૦ના શાનદાર આયોજને પ્રત્યેક ભારતીયની પ્રસન્નતાને બમણી કરી દીધી. ભારત મંડપમ્ તો પોતાની રીતે એક સેલિબ્રિટી જેવો થઈ ગયો છે. લોકો તેની સાથે સેલ્ફી પડાવે છે અને ગર્વ સાથે પૉસ્ટ પણ કરી રહ્યા છે. ભારતે આ શિખર પરિષદમાં આફ્રિકી સંઘને જી-૨૦માં પૂર્ણ સભ્ય બનાવીને પોતાના નેતૃત્વનો ડંકો વગાડ્યો છે. તમારા ધ્યાનમાં હશે, જ્યારે ભારત ખૂબ જ સમૃદ્ધ હતું, તે જમાનામાં, આપણા દેશમાં, અને દુનિયામાં, સિલ્ક રૂટની ખૂબ જ ચર્ચા થતી હતી.

આ સિલ્ક રૂટ વેપાર-કારોબારનું બહુ જ મોટું માધ્યમ હતો. હવે આધુનિક જમાનામાં, ભારતે એક બીજો આર્થિક કૉરિડૉર, જી-૨૦માં સૂચવ્યો છે. તે છે ભારત-મધ્ય પૂર્વ-યુરોપ ઈકૉનૉમિક કૉરિડૉર. આ કૉરિડૉર આવનારાં સેંકડો વર્ષો સુધી વિશ્વ વેપારનો આધાર બનવા જઈ રહ્યો છે અને ઈતિહાસ એ વાતને હંમેશાં યાદ રાખશે કે આ કૉરિડૉરનો સૂત્રપાત ભારતની ધરતી પર થયો હતો. જી-૨૦ દરમિયાન, જે રીતે ભારતની યુવાશક્તિ, આ આયોજન સાથે જોડાઈ, તેની આજે વિશેષ ચર્ચા આવશ્યક છે. આખું વર્ષ દેશની અનેક યુનિવર્સિટીઓમાં જી-૨૦ સાથે જોડાયેલા કાર્યક્રમો થયા. હવે આ શ્રૃંખલામાં દિલ્લીમાં એક વધુ રોમાંચક કાર્યક્રમ થવા જઈ રહ્યો છે – **'G-20 University Connect Programme'**. આ કાર્યક્રમના માધ્યમથી દેશભરના લાખો યુનિવર્સિટી વિદ્યાર્થીઓ એકબીજા સાથે જોડાશે. તેમાં **IIT, IIM, NIT** અને મેડિકલ કૉલેજો જેવી અનેક પ્રતિષ્ઠિત સંસ્થાઓ પણ ભાગ લેશે. હું ઈચ્છીશ કે જો તમે કૉલેજ વિદ્યાર્થી હો તો ૨૬ સપ્ટેમ્બરે થનારા આ કાર્યક્રમને જરૂર જોજો, તેની સાથે જરૂર જોડાજો. ભારતના ભવિષ્યમાં, યુવાઓના ભવિષ્ય પર, તેમાં ઘણી રસપ્રદ વાતો થવાની છે. હું પોતે પણ આ કાર્યક્રમમાં સહભાગી થઈશ. મને પણ મારા કૉલેજ સ્ટુડન્ટ સાથે સંવાદની પ્રતીક્ષા છે.

આજથી બે દિવસ પછી, ૨૭ સપ્ટેમ્બરે 'વિશ્વ પર્યટન દિવસ' છે. પર્યટનને કેટલાક લોકો માત્ર આનંદથી ફરવું માને છે, પરંતુ પર્યટનનું એક મોટું પાસું 'રોજગાર' સાથે જોડાયેલું છે. કહે છે કે સૌથી ઓછા મૂડીરોકાણમાં, સૌથી વધુ રોજગાર, જો કોઈ ક્ષેત્ર ઉત્પન્ન કરે છે તો તે, પર્યટન ક્ષેત્ર જ છે. પર્યટન ક્ષેત્રને વધારવામાં, કોઈ પણ દેશ માટે સદભાવના, તેના પ્રત્યે આકર્ષણ ખૂબ મહત્ત્વ ધરાવે છે. વિતેલાં



કેટલાંક વર્ષોમાં ભારત પ્રત્યે આકર્ષણ ખૂબ જ વધ્યું છે અને જી-૨૦ના સફળ આયોજન પછી દુનિયાના લોકોનો રસ ભારતમાં ઘણો વધ્યો છે. જી-૨૦માં એક લાખથી વધુ પ્રતિનિધિઓ ભારત આવ્યા. તેઓ અહીંની વિવિધતાઓ, અલગ-અલગ પરંપરાઓ, ભિન્નભિન્ન ખાણીપીણી અને આપણા વારસાથી પરિચિત થયા. અહીં આવેલા પ્રતિનિધિઓ પોતાની સાથે જે શાનદાર અનુભવ લઈને ગયા છે, તેનાથી પર્યટનનો વધુ વિસ્તાર થશે. તમને લોકોને ખબર જ હશે કે ભારતમાં એકથી એક ચડિયાતાં વિશ્વ વારસા સ્થાનો (વર્લ્ડ હેરિટેજ સાઈટ) છે અને તેની સંખ્યા સતત વધતી જઈ રહી છે. કેટલાક દિવસો પહેલાં, શાંતિ નિકેતન અને કર્ણાટકનાં પવિત્ર હોયસલા મંદિરોને વિશ્વ વારસા સ્થાનો જાહેર કરાયાં છે. હું આ શાનદાર ઉપલબ્ધિ માટે સમસ્ત દેશવાસીઓને અભિનંદન પાઠવું છું. મને વર્ષ ૨૦૧૮માં શાંતિ નિકેતનની યાત્રા કરવાનું સૌભાગ્ય મળ્યું હતું. શાંતિનિકેતન સાથે ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરનું જોડાણ રહ્યું છે. ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરે શાંતિનિકેતનનો ધ્યેયમંત્ર સંસ્કૃતના એક પ્રાચીન શ્લોકથી લીધો હતો. તે શ્લોક છે- અર્થાત્, જ્યાં એક નાનકડા માળામાં સમગ્ર સંસાર સમાવિષ્ટ થઈ જાય છે. કર્ણાટકના જે હોયસલા મંદિરોને યુનેસ્કૉએ વિશ્વ વારસા સૂચિમાં સમાવ્યાં છે, તે, ૧૩મી શતાબ્દિનાં શ્રેષ્ઠ સ્થાપત્યો માટે પ્રસિદ્ધ છે. તે મંદિરોને યુનેસ્કૉ તરફથી માન્યતા મળવી, મંદિર નિર્માણની ભારતીય પરંપરાનું પણ સન્માન છે. ભારતમાં હવે વિશ્વ વારસાઈ સંપત્તિની કુલ સંખ્યા ૪૨ થઈ ગઈ છે. ભારતનો પ્રયાસ છે કે આપણાં વધુમાં વધુ ઐતિહાસિક અને સાંસ્કૃતિક સ્થાનોને વિશ્વ વારસા સ્થાનોની માન્યતા મળે. મારો આપ સહુને અનુરોધ છે કે જ્યારે પણ તમે ક્યાંક ફરવા જવાની યોજના બનાવો તો એ પ્રયાસ કરો કે ભારતની વિવિધતાના દર્શન કરો. તમે અલગ-અલગ રાજ્યની સંસ્કૃતિને સમજો, હેરિટેજ સાઈટને જુઓ. તેનાથી, તમે પોતાના દેશના ગૌરવશાળી ઈતિહાસથી તો પરિચિત થશો જ, સ્થાનિક લોકોની આવક વધારવાનું મોટું માધ્યમ પણ બનશો. ભારતીય સંસ્કૃતિ અને ભારતીય સંગીત હવે વૈશ્વિક બની ચૂક્યું છે. દુનિયાભરના લોકોનો તેની સાથે લગાવ દિન-પ્રતિદિન વધતો જ જઈ રહ્યો છે. એક વ્હાલી દીકરી દ્વારા કરવામાં આવેલી એક પ્રસ્તુતિ, તેનો એક નાનકડો ઑડિયો તમને સંભળાવું છું. તેને સાંભળીને તમે પણ આશ્ચર્યચકિત રહી ગયા ને ! કેટલો મધુર સ્વર છે અને દરેક શબ્દમાં જે ભાવ ઝળકે છે, ઈશ્વર પ્રત્યે તેનો લગાવ આપણે અનુભવી શકીએ છીએ. જો હું એમ કહું કે આ સૂરીલો અવાજ જર્મનીની એક દીકરીનો છે તો કદાચ તમે વધુ આશ્ચર્યમાં પડી જશો. આ દીકરીનું નામ – કૈસમી છે. ૨૧ વર્ષની કૈસમી આ દિવસોમાં ઈન્સ્ટાગ્રામ પર ખૂબ જ છવાયેલી છે. જર્મનીની રહેવાસી કૈસમી ક્યારેય ભારત નથી આવી, પરંતુ તે ભારતીય સંગીત પાછળ ઘેલી છે. જેણે ક્યારેય ભારત જોયું પણ નથી, તેની ભારતીય સંગીતમાં આ રૂચિ, ખૂબ જ પ્રેરણાદાયક છે. કૈસમી જન્મથી જ જોઈ શકતી નથી, પરંતુ આ મુશ્કેલ પડકાર તેને અસાધારણ ઉપલબ્ધિઓથી રોકી શકી નથી. સંગીત અને સર્જનાત્મકતા અંગે તેની લગન કંઈક એવી હતી કે બાળપણથી જ તેણે ગાવાનું શરૂ કરી દીધું. આફ્રિકન ડ્રમિંગની શરૂઆત તો તેણે માત્ર ત્રણ વર્ષની આયુમાં જ કરી દીધી હતી. ભારતીય સંગીતનો પરિચય તેને પાંચ-છ વર્ષ પહેલાં જ થયો હતો. ભારતના સંગીતે તેને એટલું મોહી લીધું, એટલું મોહી લીધું કે તે તેમાં પૂરી રીતે મગ્ન થઈ ગઈ. તેણે તબલા વગાડવાનું પણ શીખ્યું છે. સૌથી પ્રેરણાદાયક વાત તો એ છે કે તે અનેક ભારતીય ભાષામાં ગાવાની નિપુણતા પ્રાપ્ત કરી ચૂકી છે. સંસ્કૃત, હિન્દી, મલયાલમ, તમિલ, કન્નડ કે પછી અસમી, બંગાળી, મરાઠી, ઉર્દૂ તે બધામાં તેણે સૂર સાધ્યા છે. તમે વિચારી શકો કે કોઈને બીજી અજાણી ભાષાની બે-ત્રણ લીટી બોલવી પડે તો કેટલી મુશ્કેલી આવે છે, પરંતુ કૈસમી માટે જાણે કે, ડાબા હાથનો ખેલ છે. તમારા બધા માટે અહીં, કન્નડમાં ગાયેલા તેના એક ગીતને પ્રસ્તુત કરું છું. આપણા દેશમાં શિક્ષણને હંમેશાં એક સેવાના રૂપમાં જોવામાં આવે છે. મને ઉત્તરાખંડના કેટલાક એવા યુવાનો વિશે જાણવા મળ્યું છે, જે આ ભાવના સાથે બાળકોના શિક્ષણ માટે કામ કરી રહ્યા છે. નૈનીતાલ જિલ્લાના કેટલાક યુવાનોએ બાળકો માટે અનોખી ઘોડા લાઈબ્રેરી શરૂ કરી છે. આ લાઈબ્રેરીની સૌથી મોટી વિશેષતા એ છે કે દુર્ગમમાં દુર્ગમ વિસ્તારોમાં પણ તેના દ્વારા બાળકો સુધી પુસ્તકો પહોંચી રહ્યાં છે અને એટલું જ નહીં, આ સેવા, બિલકુલ નિઃશુલ્ક છે. અત્યાર સુધી તેના માધ્યમથી નૈનીતાલનાં ૧૨ ગામોને આવરી લેવાયાં છે. બાળકોના શિક્ષણ સાથે જોડાયેલા આ ભલા કામમાં મદદ કરવા માટે સ્થાનિક લોકો પણ આગળ આવી રહ્યા છે. આ ઘોડા લાઈબ્રેરી દ્વારા એ પ્રયાસ કરવામાં આવી રહ્યો છે કે અંતરિયાળ ગામોમાં રહેનારાં બાળકોને શાળાનાં પુસ્તકો ઉપરાંત, 'કવિતાઓ', 'વાર્તાઓ' અને 'નૈતિક શિક્ષણ'નાં પુસ્તકો પણ વાંચવાનો પૂરો અવસર મળે. આ અનોખી લાઈબ્રેરી બાળકોને પણ ખૂબ જ પસંદ પડી રહી છે. મને હૈદરાબાદમાં લાઈબ્રેરી સાથે જોડાયેલા આવા જ એક અનોખા પ્રયાસ વિશે જાણવા મળ્યું છે. અહીં, સાતમા ધોરણમાં ભણનારી દીકરી 'આકર્ષણા સતીશ'એ તો કમાલ જ કરી દીધો છે. તમને જાણીને આશ્ચર્ય થશે કે માત્ર ૧૧ વર્ષની આયુમાં તે બાળકો માટે એક-બે નહીં, સાત-સાત લાઈબ્રેરી ચલાવી રહી છે. 'આકર્ષણા'ને બે વર્ષ પહેલાં તેની પ્રેરણા, તે જ્યારે તેનાં માતાપિતા સાથે, એક કેન્સર હૉસ્પિટલ ગઈ હતી, ત્યારે મળી. તેના પિતા જરૂરિયાતવાળા લોકોની મદદ માટે ત્યાં ગયા હતા. બાળકોએ ત્યાં તેમની પાસે **'colouring books'**ની માગણી કરી અને આ વાત, આ વ્હાલી ઢીંગલીને એટલી સ્પર્શી ગઈ કે તેણે અલગ-અલગ પ્રકારનાં પુસ્તકો ભેગાં કરવાનો નિશ્ચય કર્યો. તેણે પોતાનાં, અડોશપડોશનાં ઘરો, સગાંસંબંધીઓ અને સાથીઓ પાસેથી પુસ્તકો એકઠાં કરવાનું શરૂ કરી દીધું અને તમને એ જાણીને આનંદ થશે કે પહેલી લાઈબ્રેરી તે કેન્સર હૉસ્પિટલમાં જ બાળકો માટે ખોલવામાં આવી. જરૂરિયાતવાળાં બાળકો માટે અલગ-અલગ સ્થાનો પર આ દીકરીએ અત્યાર સુધીમાં જે સાત લાઈબ્રેરી ખોલી છે, તેમાં હવે લગભગ છ હજાર પુસ્તકો ઉપલબ્ધ છે. નાનકડી 'આકર્ષણા' જે રીતે બાળકોનું ભવિષ્ય સુધારવાનું મોટું કામ કરી રહી છે, તે દરેક વ્યક્તિને પ્રેરણા આપનારું છે.

**ન્યૂઝ બ્રિફ**

## ઈદગાહ વિસ્તારમાં બે જૂથ વચ્ચે થયો પથ્થરમારો

। અમદાવાદ, તા.૨૪ ।

રાજ્યમાં અવારનવાર જૂથ અથડામણની ઘટના સામે આવતી હોય છે. તો આવી જ એક ઘટના અમદાવાદમાં બની છે. અમદાવાદના ઈદગાહ વિસ્તારમાં નજીવી બાબતે બે જૂથ વચ્ચે પથ્થરમારો થયો હતો. મોડી રાત્રે બે જૂથ સામેસામે આવી જતાં પોલીસે ઘટનાસ્થળે પહોંચીને સ્થિતિ કાબૂમાં લીધી હતી. ઈદગાહ સર્કલ નજીક લારી પર જમવા બાબતે લારીધારક અને જમવા આવેલા શખ્સો વચ્ચે બોલાચાલી થઈ હતી. મામલો વધુ ઉગ્ર બનતાં બંને પક્ષના લોકો ઉશ્કેરાઈને સામસામે આવી ગયા હતા. અને પથ્થરમારો શરૂ કરી દીધો હતો.. જે અંગેની જાણ થતાં જ પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને લોકોના ટોળા વિખેર્યા હતા.

## આ ફેમસ પિત્ઝા બ્રાન્ડના પિત્ઝામાં ફરી જીવડું દેખાયું

। અમદાવાદ, તા.૨૪ ।

બહારના પિઝા ખાતા પહેલા ચેતજો. કારણ કે, વધુ એક વખત અમદાવાદમાં પિત્ઝામાંથી વંદો નીકળ્યો છે. ઓનલાઈન ઓર્ડર કરેલા પિત્ઝાના બોક્સમાંથી વંદો નીકળ્યો હતો. શખ્સે ઓનલાઈન ફુડ ડિલીવરી એપ પર ઓર્ડર કર્યો હતો. અગાઉ એલિસબ્રિજના લા પીનોઝ પિઝા સેન્ટરમાં જીવાત નીકળી હતી. તો બોપલ આઉટલેટમાંથી પણ ફરિયાદ ઉઠી હતી. વંદો નીકળતા છસ્ઝના આરોગ્ય વિભાગને જાણ કરાઈ છે. અમદાવાદમાં વધુ એક વાર પિત્ઝામાંથી વંદો નીકળ્યો છે. જોધપુરના પિત્ઝા ગ્રાહકને કડવો અનુભવ થયો. ઓનલાઈન ઓર્ડર કરેલા પીત્ઝાના બોક્સમાંથી વંદો નીકળ્યો હતો. ઓનલાઈન ફુડ ડિલીવરી એપ પર પિત્ઝા ઓર્ડર કર્યો હતો. ગત સપ્તાહે એલિસબ્રિજ લા પીનોઝ પિત્ઝા સેન્ટરમાં કીડા મકોડા જોવા મળ્યા હતા. ત્યારે શહેરના પિત્ઝા શોપ અને ડિલિવરી કરનાર વ્યક્તિ શંકાના દાયરામાં આવી છે. આ વિશે ના મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગને જાણ કરવામાં આવી છે.

# અંબાજીમાં પદયાત્રીઓ માટે ફાઈવ સ્ટાર હોટલ જેવા કેમ્પ

## કેમ્પમાં પદયાત્રીઓ માટે ચા-નાસ્તા, ભોજન સહીત આરામ જેવી અનેક સગવડો પુરી પાડવામાં આવી રહી છે

। બનાસકાંઠા, તા.૨૪ ।

ભક્તિ શક્તિ અને અસ્થાન કેન્દ્ર સમાં જગતજનની માં અંબાના ધામમાં ભાદરવી પૂનમના મહામેળાની શરૂઆત થતા જ લાખો ભક્તો માં અંબાના ધામમાં ઉમટી પડ્યા છે ભક્તો નાચતા ગાતા ઢોલ નગારા સાથે માં ના ધામમાં મંદિર પરિસરમાં આવી પહોંચ્યા છે ભક્તો અંબાના ધામમાં આવતા તેમનામાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સુરતના ઓલપાડથી ૧૩ દિવસ પગપાળા યાત્રા કરીને ૫૦ લોકોનો સંઘ માં અંબાના ધામમાં આવી પહોંચ્યો છે વરસાદ માં પણ આ સંઘના ભક્તો સતત ચાલતા રહ્યા અને ૧૩ દિવસ બાદ માં અંબાના ધામ આવીને માતાજીના દર્શન કરીને ભક્તોએ માતાજીના ચરણોમાં શીશ ઝુકાવીને ધન્યતા અનુભવી. ૧૩ ગજની ધજા લઈને આવેલા ભક્તો માતાજીને ધજા અર્પણ કરશે. ભક્તોનું કહેવું છે અમે સતત ૧૩ દિવસ ચાલીને માંના ધામમાં પહોંચીને દર્શન કર્યા છે જેથી અમારો તમામ થાક ઉતરી ગયો છે અમે છેલ્લા ૩ વર્ષથી ૫૦ લોકોનો સંઘ લઈને આવીએ છીએ અમને ખુબજ મજા આવે છે માતાજી તમામ ભક્તો ઉપર પોતાની કૃપા બનાવી રાખે..જોકે સંઘમાં ૭૦ વર્ષની ઉંમરના લોકો પણ જોડાઈને ૧૩ દિવસ ચાલીને અંબાજી પહોંચ્યા છે.

વિશ્વ પ્રસિદ્ધ અંબાજી ખાતે ભાદરવી પૂનમનો મહામેળો યોજાવવાનો છે ત્યારે લાખો ભક્તો પગપાળા ચાલીને માં



અંબાના ચરણોમાં શીશ ઝુકાવે છે ત્યારે પગપાળા અંબાજી જઈ રહ્યા માઈ ભક્તો માટે અંબાજીના માર્ગો ઉપર ઠેર-ઠેર સેવાભાવી સંસ્થાઓ દ્વારા સેવા કેમ્પો બનાવવાનું શરૂ કરી દેવાયું છે જયાં ભક્તો માટે ચા-નાસ્તા, ભોજન સહીત આરામ જેવી અનેક સગવડો પુરી પાડવામાં આવશે તો સેવા કેમ્પોના સંચાલકો પદયાત્રીઓની સેવા કરવા આતુર બન્યા છે.ગુજરાતભરમાંથી અને બહારના રાજ્યમાંથી પણ અનેક ભક્તો અંબાજીના દર્શને કરવા પગપાળા યાત્રા કરશે ત્યારે લાંબું અંતર કાપીને આવતાં ભક્તોની સેવા કરવી એ પણ મહામૂલો અવસર છે એમ માનીને અનેક સેવાર્થીઓ પણ તેમને માટે અંબાજીના માર્ગો ઉપર રાહત અને સેવા કેમ્પોમાં બન્યા છે. ચાલતાં આવતાં ભક્તોની સેવા માટે ઉત્તર ગુજરાતના રસ્તાઓ પર 'ફાઈવ સ્ટાર' કેમ્પનું આયોજન કરાયું છે. પદયાત્રીઓને જમવાની, આરામની સુવિધા, ઠંડુ પાણી, દવાઓ, પગને આરામ આપવા માટે મસાજ વગેરેની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. દૂરદૂરથી પદયાત્રીઓ હાથમાં ધજા, માંડવડી, તો રથ સાથે અનેક કિલોમીટરનું અંતર કાપે છે. ત્યારે માર્ગમાં તેમની સેવામાં અનેક સેવા કેમ્પો માટે સેવકો જાણે રાહ જોતાં હોય તેમ ભાવથી શામિયાણામાં લઈ જઈને ભાવપૂર્વક ચા-નાસ્તો અને ચોખ્ખા ઘી ના શીરા સાથેનું પાકું ભોજન કરાવે છે. કોઈ દવા આપે તો કોઈ પગની માલીશ કરી આપે છે. પદયાત્રાએ જતાં માઈભક્તોની સેવા માટે જાણે 'મા' જ તેના દૂત મોકલ્યા હોય તેવા સાક્ષાત દર્શન આ સેવાધારીઓ કરતા હોય છે. ત્યારે ભક્તો માટે વિશાળ સામીયાણા બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત ભક્તો માટે સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આ સેવા કેમ્પ માં આયોજન કરવામાં આવ્યું છે.

### સુરતમાં વિદેશી હીરા કંપનીની એન્ટ્રી

# સુરતમાં સાઉથ કોરિયન કંપનીએ કર્યું મોટું રોકાણ

। સુરત, તા.૨૪ ।

ડાયમંડ કટ પોલિશ્ડનું કામ સસ્તુ હોવાથી વિદેશી કંપનીઓની નજર હવે સુરત પર પડી છે. એક કંપનીને સુરત જીઈઢ માં મંજૂરી મળી ગઈ છે જયારે અન્ય બે કંપનીઓની જમીન મેળવવા કાર્યવાહી શરૂ કરી છે. સુરતમાં ડાયમંડ કટ અને પોલિશ્ડનું કામ ખુબજ સારુ અને ઓછી કિમતે થતુ હોવાથી જ્વેલરીની પડતર કિમત પણ ઘટી જાય છે. જેનો લાભ લેવા માટે વિદેશના ઉદ્યોગકારો અહીં યુનિટ શરુ કરી રહ્યા છે. હાલમાં જ સાઉથ કોરિયાના એક ડાયમંડ જ્વેલરી મેન્યુક્ચર્સે સ્થાનિક ભાગીદાર સાથે મળીને સચિન સ્થિત સ્પેશ્યલ ઈ કોનોમિક ઝોનમાં યુનિટ શરુ કરવા માટેની પરવાનગી મેળવી છે. જ્યારે અન્ય બે વિદેશી કંપનીઓ દ્વારા પ્રોસેસ શરુ કરવામાં આવી છે. સુરત દુનિયામાં કટ-પોલિશ્ડ હીરા માટેનું કેન્દ્ર માનવામાં આવે છે. ૯૦ ટકા કરતા વધારે હીરા અહીં કટ અને પોલિશ્ડ થયેલા હોય છે. સુરતમાં મોટી સંખ્યામાં સ્કીલ્ડ રત્નકલાકારો કામ કરે છે. વિદેશોના જ્વેલરી મેન્યુફેક્ચર્સ ભારતથી અથવા અન્ય સ્થળોથી ડાયમંડ ઈમ્પોર્ટ કરી તેની જ્વેલરી બનાવે છે અને અંતરરાષ્ટ્રીય બજારમાં વેચે છે. કેટલાક મેન્યુફેક્ચર્સનું માનવુ છે કે, કટ અને પોલિશ્ડ હીરા વિદેશોમાં ખરીદી કરીને જ્વેલરી બનાવવાથી તેની પડતર કિંમત ખુબ વધી જાય છે.

### બાળકની માનતા પૂરી થતા ધામમાં પહોંચ્યા

# ડીસાથી ભક્ત દંડવત પ્રણામ કરતા કરતા મા અંબાના ધામમાં પહોંચ્યા

। બનાસકાંઠા, તા.૨૪ ।

અંબાજીમાં ભાદરવી પૂનમના મેળાનો આજે બીજો દિવસ છે. મેળાના પ્રથમ દિવસે ૨.૨૫ લાખયાત્રીકોએ મા અંબાના દર્શનનો લાભ લીધો હતો. અંબાજી મંદિરે પ્રથમ દિવસે મંદિરના શિખરે ૧૦૦ જેટલી ધજાઓ ચઢી હતી. તો અંબાજી મંદિરમાં મોહનથાળના પ્રસાદનું દોઢ લાખ જેટલા પેકેટ વેચાણ થયુ. તો ચીકીના માત્ર ૬ હજાર પેકેટનું વિતરણ થયું. અંબાજી મંદિરમાં મેળાના પ્રથમ દિવસે કુલ દાન ભેટની આવક ૫૬.૩૮ લાખની થઈ છે. ભાદરવી પૂનમના મહામેળાની શરૂઆત થતા દૂરદૂરથી ભક્તો માં અંબાના ધામમાં માંના ચરણોમાં શીશ ઝુકાવવા ઉમટી પડ્યા છે ત્યારે દૂરદૂરથી પગપાળા અંબાજી આવ્યા બાદ અનેક ભક્તો પોતાની માનેલી મનોકામના પુરી થતાં અંબાજીના શક્તિપીઠથી અંબાજી મંદિરમાં દંડવત પ્રમાણ કરતા પહોંચી રહ્યા છે દિવસો ચાલ્યા બાદ પણ અંબાજી મંદિરમાં સુતસુતા દંડવત પ્રમાણ કરીને આવતા ભક્તોને કોઈપણ પ્રકારનો થાક લાગતો નથી..અને તેવો પોતાની મનોકામના પૂર્ણ થતાં માતાજીના ચરણોમાં દંડવત પ્રમાણ કરીને પહોંચીને માતાજીની આરાધના કરી તેમના તમામ દુઃખો હરિ લેવા પ્રાર્થના કરી રહ્યા છે.

પોતાની માનતાઓ પુરી થતા અનેક ભક્તો દંડવત પ્રમાણ કરતા માતાના ધામમાં પહોંચી રહ્યા છે. મા અંબાના ભક્ત દિલીપ માળીએ જણાવ્યું કે, હું ડીસાથી આવું છું.. મારે બાળક ન હતું.

# રાજ્યમાં ૫ દિવસ ભારે વરસાદની હવામાન વિભાગની આગાહી

। અમદાવાદ, તા.૨૪ ।

એક નહિ, બે મજબૂત વરસાદી સિસ્ટમ સર્જાઈ છે. જેને કારણે ગુજરાતમા ફરી એકવાર ધોધમાર વરસાદનો રાઉન્ડ આવશે. વરસાદને લઈને હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલની આગાહી પણ આવી ગઈ છે. તેમણે કહ્યું કે, ૨૯ સપ્ટેબરથી મહારાષ્ટ્રના ભાગોમાં એક સિસ્ટમ બનવાની સંભાવના છે. આ સિસ્ટમ ૨૯ અને ૩૦ તારીખે વધુ મજબુત બનશે. જેનાથી સૌરાષ્ટ્રના ભાગોમાં ભારે વરસાદ વરસાવી શકે છે. તો દરિયા કિનારા ભાગોમાં ૬૦થી ૬૫ કિમીની ઝડપે પવન ફુંકાઈ શકે છે. હવામાન વિભાગના આંકડા કહે છે કે, દેશમાં ચોમાસું ફરી સક્રિય થયું છે. બે મજબૂત સિસ્ટમ સર્જાઈ છે. જેને કારણે ફરીથી દેશના ૬૦ ટકા ભાગમાં વરસાદ જોવા મળશે. દેશમાં નવરાત્રિ પહેલા ભારે વરસાદની શક્યતા છે. દેશમાં ચોમાસું વિદાય પહેલા ફરી એકવાર સક્રિય થયુ છે. ઉત્તર ભારથી એક વેસ્ટર્ન ડિસ્ટબર્ન્સ પસાર થયું, જેનાથી પંજાબ, હરિયાણા, ઉત્તરાખંડ, દિલ્હી અને પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં વરસાદ નોંધાયો, તો બીજું બંગાળની ખાડીમાં સર્જાયેલું ઓછા દબાણનું ક્ષેત્ર સાઈક્લોનિક સરક્યુલેશનના રૂપમાં આગળ વધ્યું છે. દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લા, દમણ, દાદરાનગર હવેલીમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. ઉપરાંત મહેસાણા, સાબરકાંઠા, અમદાવાદ, આણંદ, અરવલ્લી, દાહોદ, ગાંધીનગર, ખેડા, મહિસાગર, પંચમહાલ, અમેરલી, ભાવનગર, બોટાદ, ગીર સોમનાથ, જૂનાગઢમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. રાજ્યમાં સરેરાશ ૧૦૦ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. આવામાં ૧૫ સપ્ટેમ્બર બાદ એક પછી એક સિસ્ટમ સક્રિય થઈ રહી છે. જેના કારણે કેટલાક વિસ્તારમાં વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. જોકે, ફરી વરસાદનું જોર વધશે. કારણ કે, એક સાક્લોનિક સરક્યુલેશન સક્રિય થયું છે. જેની અસર ગુજરાતના વાતાવરણ પર જોવા મળશે. રાજ્યમાં આગામી ૫ દિવસ વરસાદી માહોલ રહેશે. હવામાન વિભાગના અનુમાન અનુસાર, દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના અમુક જિલ્લામાં ભારે વરસાદની આગાહી છે. ૨૫ સપ્ટેમ્બરે સાબરકાંઠા અને બનાસકાંઠા વિસ્તારમાં ભારે વરસાદની આગાહી છે. જ્યારે ગુજરાત રિઝિયનમાં થન્ડર સ્ટોમ એક્ટિવિટી થશે, જેના કારણે ગાજવીજ અને ૪૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાશે.

**ન્યૂઝ બ્રિફ**

## સુરેન્દ્રનગરમાં વસ્તડી-ચુડાને જોડતો પુલ અચાનક ધરાશાયી

। સુરેન્દ્રનગર, તા.૨૪ ।

મોરબીની ઐતિહાસિક ઝૂલતો પુલ ધરાશાયી થવાની ઘટનાની યાદ તાજી કરનારી એક અન્ય ઘટના બની છે. સુરેન્દ્રનગરમાં વસ્તડી-ચુડાને જોડતો પુલ ધરાશાયી થયો છે. આ બ્રિજ તૂટતા જ અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જોકે સદનસીબે મોટી દુર્ઘટના ટળી હતી, અને કોઈ જાનહાનિના સમાચાર મળ્યા નથી. પરંતુ બ્રિજ ધરાશાયી થતાં ડમ્પર તેમજ ૨ બાઈક નીચે પટકાયા હતા. જેના કારણે ડમ્પર ચાલક સહિત ૪થી વધુ લોકોને ઈજા પહોંચી છે. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ લઈ જવાયા છે. બીજી બાજુ પુલ ધરાશાયી થતાં લોકોનાં ટોળેટોળાં ઉમટ્યા હતા. આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે, સુરેન્દ્રનગરમાં વસ્તડી અને ચુડાને જોડતો પુલ ધરાશાયી થયો છે. પુલ પરથી જ્યારે ડમ્પર પસાર થયું ત્યારે અચાનક પુલનો એક ભાગ ધરાશાયી થઈને નદીમાં ખાબક્યો હતો.

## સિટી બસે મહિલા એક્ટિવા ચાલકને અડફેટે લેતાં લોકો વિફર્યા

। રાજકોટ, તા.૨૪ ।

રાજકોટમાં માતેલા સાંઢની જેમ દોડતા વાહનોના કારણે અકસ્માતની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. આજે રાજકોટમાં સિટી બસે મહિલા એક્ટિવા ચાલકને અડફેટે લીધી હતી. જેને લઈ લોકો વિફર્યા હતા અને સિટી બસમાં તોડફોડ કરી હતી. ઈજાગ્રસ્ત મહિલાને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આનંદ બંગલા ચોક અને ગોંડલ રોડ પુલ નજીક ઘટના બની હતી. થોડા દિવસ પહેલા સુરતના પાંડેસરા વિસ્તારમાં પાલિકાના ડમ્પર દ્વારા ૧૧માં ધોરણમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીને અડફેટે લેતાં તેને ગંભીર ઈજા પહોંચી હતી. અલથાણ વિસ્તારમાં મનપા સંચાલિત ડમ્પર ચાલકે પુરપાટ ઝડપે ડમ્પર ચલાવી ધોરણ ૧૧માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની ક્રિષ્ના શૈલેષ બટાકાવાળાને અડફેટે લીધી હતી. વિદ્યાર્થિનીને અડફેટે લેતાં તેને પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.



ઘીકાંટા રોડ પર મધુરમ સિનેમા પાસે શિવ પૂજન કરતા ગણપતિની મૂર્તિની સ્થાપના કરવામાં આવી છે.

### કમાણી કરવા લોકો ઉમટી પડ્યાં

# સુરતમાં રસ્તા પર ડાયમંડ ઢોળાયાની અફવા ફેલાઈ

### ઘણા બ્રશ લઈને ધૂળમાંથી ડાયમંડ શોધતા હતા : કોઈએ મજાક કરી હોય તેમ લાગે છે કારણ કે ડાયમંડ ખોટા હતા

। સુરત, તા.૨૪ ।

ડાયમંડ સિટી તરીકે ઓળખાતા સુરતમાં કોઈ રસ્તા પર કિંમતી હીરા પડી ગયા છે તેવી અફવા ફેલાય તો શું થાય? સ્વભાવિક રીતે જ લોકો આ હીરા ઉપાડવા માટે પડાપડી કરશે. આજે અહીં મિની બજારમાં આવી જ ઘટના બની હતી. અહીં કોઈના હીરાના પેકેટ પડી ગયા છે એવી વાતો ફેલાયા પછી લોકો ઉમટી પડ્યા હતા અને રસ્તા પરથી ડાયમંડ શોધવા લાગ્યા હતા. જોકે, હકીકતમાં કોઈએ મજાક કરી હોય તેમ લાગે છે કારણ કે આ ડાયમંડ ખોટા નીકળ્યા હતા.

રસ્તા પર ડાયમંડ પડ્યા છે તેવી વાત ફેલાતા લોકોમાં તાત્કાલિક પૈસાદાર બનવાનો વિચાર આવ્યો હતો અને તેમણે મીની બજારથી લઈને ખોડિયાર નગર સુધીનો રસ્તો ખૂંદી નાખ્યો હતો. ઘણા લોકોના હાથમાં ડાયમંડ આવ્યા હતા, પરંતુ તે નકલી હતા. રસ્તા પર મૂલ્યવાન હીરાનું પડીકું પડી ગયું છે તેવી અફવાનું પડીકું કેવી રીતે ફેલાયું તે જાણી શકાયું નથી. લોકો માત્ર એક વાત કહેતા હતા કે આ રોડ પર કોઈના ડાયમંડ પડી ગયા છે. કેટલાક લોકો રીતસર ધૂળ હાથમાં લઈને તેમાંથી હીરા મળે છે કે નહીં તે ચેક કરતા હતા. ઘણા લોકો બ્રશ લઈને આવી ગયા હતા અને ધૂળમાંથી ડાયમંડ શોધતા હતા.

સૂત્રોએ કહ્યું કે રસ્તા પર ડાયમંડ પડ્યા છે તેવી અફવા વહેલી સવારથી જ ફેલાઈ હતી અને એક વ્યક્તિને જોઈને બીજી વ્યક્તિ પણ કામે લાગી જાય તેવી રીતે બધા હીરા શોધવા માટે ધંધે લાગી ગયા હતા. રિયલ ડાયમંડ હાથમાં લાગ્યા હોત તો લોકોને કમાણી થઈ જાય પરંતુ આ ડાયમંડ ફેક હતા. રસ્તા પર જે હીરા મળ્યા તે બધા ઈમિટેશન જ્વેલરીમાં વપરાશ માટેના ડાયમંડ હતા જેને સાડીના કામમાં પણ ઉપયોગમાં લેવાય છે. સારી ક્વોલિટીના સિન્થેટિક અથવા રિયલલ ડાયમંડ હોત તો વાત અલગ હતી.

### સુરતમાં મોટી દુર્ઘટના

# ઘરમાં ટીવી જોઈ રહેલા વેપારી પર મકાનનો સ્લેબ ધરાશાયી

### રાજેન્દ્રભાઈ પોતાનો બચાવ કરે તે પહેલાં જ સ્લેબ તેમની પર પડી જતા દબાઈ ગયા હતા : લોકો દોડી આવ્યા હતા

। સુરત, તા.૨૪ ।

સુરતના બેમપુરા કડીયા શેરીમાં મકાનનો સ્લેબ ધરાશાયી થતા ૬૫ વર્ષીય વેક્તિનું મોત નીપજ્યું છે. ૭૦ વર્ષ જૂનું જર્જરીત મકાનમાં દંપતિ રહેતા હતા. અચાનક પહેલા માળનો સ્લેબ ગ્રાઉન્ડ ફ્લોર પર પડતા ગ્રાઉન્ડ ફ્લોરનો સ્લેબ પણ તૂટી પડ્યો હતો. ઘરમાં ટીવી જોઈ રહેલા ૬૫ વર્ષીય વૃદ્ધનું દબાય જવાથી મોત નીપજ્યું હતું. સુરત શહેરના બેગમપુરા કડિયા વાલી શેરીમાં ૬૫ વર્ષીય રાજેન્દ્ર મધનલાલ આરીવાલા પત્ની ગીતા સાથે રહે છે. આજ રોજ પત્ની બહાર બજારમાં ગયા હતા. પતિ રાજેન્દ્ર ઘરના ગ્રાઉન્ડ ફ્લોર ના હોલમાં ટીવી જોતા હતા. અચાનક ઘરનો પહેલા માળનો સ્લેબ ગ્રાઉન્ડ ફ્લોર પર પડતા ગ્રાઉન્ડ ફ્લોરનો સ્લેબ પણ તૂટી પડ્યો હતો. રાજેન્દ્રભાઈ પોતાનો બચાવ કરે તે પહેલાં જ સ્લેબ તેમની પર પડી જતા દબાઈ ગયા હતા. ઘટનાને આજુબાજુના લોકો દોડી આવ્યા હતા. ફાયરને જાણ કરાઈ હતી. ઘટનાને મનપા મેયર, ફાયરની ટિમ સહિતનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. મકાનના સ્લેબમાં દબાઈ ગયેલા વૃદ્ધને બહાર કાઢી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના હજાર તબીબોએ મૂતક જાહેર કર્યો હતો. ઘટનાને પરિવાર લોકો પણ દોડી આવ્યા હતા.રાજેન્દ્ર ભાઈને મૂર્તક હાલતમાં જોઈ પરીવારના લોકો ચોકી ઉઠ્યા હતા.હાલ મહાનગરપાલિકાની ટીની સ્થળે પહોંચી જર્જરીત મકાનનો સ્લેપ નો ભાગ દૂર કરવાની કામગીરી હાથ ધરી છે. મૂતક રાજેન્દ્રભાઈ આરીવાલા મૂળ સુરતના જ વતની છે.કતારગામ જીઆઈડીસીમાં કાપડની ફેક્ટરી ધરાવતા હતા.

**મહીસાગર SOG પોલીસનું ઓપરેશન**

## આરોપીને પકડવા અંબાજી સંઘમાં યાત્રાળુ બની પાંચ કિમી ચાલ્યા

### મહીસાગર SOG પોલીસ આરોપીને પકડવા અંબાજી સંઘમાં યાત્રાળુ બની ચાલ્યા બાદ આરોપીને ઝડપી લીધો



। મહીસાગર, તા.૨૪ ।

અત્યારે ભાદરવી પૂનમ નિમિત્તે અંબાજી મેળાનો પ્રારંભ થઈ ચૂક્યો છે, શ્રદ્ધાળુઓ પણ માતાના દર્શન કરવા પગપાળા સંઘ લઈને નીકળી રહ્યાં છે. પરંતુ આ સંઘની વચ્ચે આજે SOG પોલીસે એક દિલધડક ઓપરેશનને પાર પાડ્યુ છે. મહીસાગર SOG ની ટીમે એક નાસતા ફરતા આરોપીને અંબાજી સંઘમાં પગપાળા સંઘ સાથે પાંચ કીમી સુધી ચાલીને ઝડપી પાડ્યો છે. આ આરોપી છેલ્લા એક વર્ષથી ચલણી નોટોના કેસમાં નાસતો ફરતો હતો. છેલ્લાં એક વર્ષથી ચલણી નોટોના કેસમા નાસતા ફરતા એક રાજસ્થાનના આરોપીને ઝડપી પાડ્યો હતો. મહીસાગર SOG પોલીસને ટીમને બતામી મળી હતી કે, આરોપી અંબાજી પગપાળા સંઘમા જઈ રહ્યો છે, આ બાતમી આધારે મહીસાગર SOG પોલીસએ વૉચ ગોઠવી અને પછી આરોપીને સાથે સાથે સંઘમા ૫ કિલોમીટર સુધી ચાલી હતી, આ દરમિયાન SOGની ટીમે પણ પગપાળ સંઘના યાત્રાળુ બની અને બાદમાં SOGની ટીમે સાબરકાંઠાના ખેડબ્રહ્મા નજીકથી આ આરોપીને ઝડપી પાડ્યો હતો. ખાસ વાત છે કે, આ આરોપી વર્ષ ૨૦૨૨નાં સંતરામપુરમા ચલણી નોટોના કેસ મા નાસ્તો ફરતો હતો, હાલમાં મહીસાગર જીંટ પોલીસે આરોપીને ઝડપી આગળની કાર્યવાહી હાથ ધરી છે. મૂળ રાજસ્થાનનો પરિવાર સાથે અંબાજી સંઘ લઈ જવા નીકળ્યો હતો, ત્યારે આ ઓપરેશનને અંજામ આપવામાં આવ્યો હતો. સુરેન્દ્રનગર એસઓજીએ મોટી કાર્યવાહીને અંજામ આપ્યો છે. હાલમાં જ સમાચાર છે કે, સુરેન્દ્રનગર પાસે આવેલા ધ્રાંગધ્રા-હળવદ હાઈવે એક પંબીબી ઢાબા(હૉટલ) હોટલમાંથી સુરેન્દ્રનગર ઓસએજીએ એક આરોપીને ઝડપી પાડ્યો છે. આ આરોપી પાસેથી અફીણ તથા ઓપીએટનો ડરીવેટીવ્ઝના જથ્થો સુરેન્દ્રનગર એસઓજી જપ્ત કર્યો છે.

### અત્યાર સુધી જિલ્લામાં ૫ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો

# નર્મદા જિલ્લામાં વહેલી સવારથી ધોધમાર વરસાદ ખાબક્યો

### ધોધમાર વરસાદ વરસતા ચારે કોર પાણી-પાણી જેવા દ્રશ્યો જોવા મળ્યા, સોસાયટીઓમાં ઘૂંટણસમા પાણી ભરાયા

। નર્મદા, તા.૨૪ ।

નર્મદા જિલ્લામાં વહેલી સાવરથી જ ધોધમાર વરસાદ વરસતા ચારે કોર પાણી પાણી જેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. સવારથી લઈને અત્યાર સુધી જિલ્લામાં ૫ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો છે. જેના કારણે રાજપીપલાના કાછીયાવાડ, દરબાર રોડ અને સ્ટેશન રોડ વિસ્તારોમાં પાણી ભરાયા છે. સાથે વડિયા ગામ સહિત સત્યમ નગર સોસાયટી, રામેશ્વર, દેવનારાયાયણ , દેવ આશિષ સહિતની સોસાયટીઓમાં પાણી ભરાતા સ્થાનિકોને ભારે હાલાકીનો સામનો કરવાનો વારો આવ્યો છે.

સૌથી વધુ વરસાદ રાજપીપલા અને ડેડીયા પાડામાં પડયો છે. આ બે તાલુકામાં સવાર ૬ વાગ્યાથી અત્યાર સુધીમાં ત્રણ-ત્રણ ઈંચ વરસાદ નોંધાયો છે. રાજપીપલામાં નીચાણવાળા વિસ્તાર કાછીયાવાડ દરબાર રોડ અને સ્ટેશન રોડ વિસ્તારોમાં પાણી ભરાયા છે. જેને લઈ લોકો પરેશાન થયા છે. જ્યારે રાજપીપલાના વાડિયા ગામે ભારે વરસાદથી સોસાયટીઓમાં પાણી ભરાયા છે. વડિયા ગામ સહિત સત્યમ નગર સોસાયટી, રામેશ્વર, દેવનારાયાયણ, દેવ આશિષ સહિત સોસાયટી ઓમાં પાણી ભરાયા છે. આજે સવારે સામે આવેલા ૨૪ કલાકના વરસાદના આંકડા મુજબ, રાજ્યના ૮૯ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. જેમાં સૌથી વધુ સુરેન્દ્રનગરના ચુડામાં ૫ ઈંચ વરસાદ ખાબક્યો છે. જ્યારે બોટાદમાં ૩ ઈંચ, ગોંડલમાં પોણા ૩ ઈંચ અને નવસારી તથા ડેડિયાપાડામાં અઢી ઈંચ વરસાદ પડ્યો છે. ૫ તાલુકામાં ૨ ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. ચીખલી, જલાલપોર, રાજુલા, બાયડ અને ડોલવણમાં ૨ ઈંચ વરસાદ નોંધાયો છે. ૧૮ તાલુકામાં એકથી દોઢ ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. નોંધનીય છે કે, રાજ્યમાં ચાર દિવસ મધ્યમથી સામાન્ય વરસાદની આગાહી છે. કેટલાક વિસ્તારોમાં થંડરસ્ટ્રોમ એક્ટિવિટી થઈ શકે છે. ૪૦ કિમીની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. તેજ પવન, ગાજવીજ સાથે સામાન્ય વરસાદ થઈ શકે છે.













માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨